
# ઝણકાર
# [illegible]



ચિત્રભાનુ ગ્રન્થાવલિ નં. ૫

# સંસ્કાર સંભાર

[ નીતિ-બોધની ધર્મકથાઓ ]



પૂ. મુનિવર્ય શ્રી દર્શન સાગરજી
જૈન જ્ઞાન ભંડાર નં. ૩૭૪
સુરેન્દ્રનગર.

: લેખક :

મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી મહારાજ

( ચિત્રભાનુ )

: પ્રકાશક :
ચિત્રભાનુ ગ્રંથ પ્રકાશન મંદિર
C/o બાલુભાઇ રૂગનાથ
અંબાજીનો વડ, ભાવનગર

સં. ૨૦૦૯
મૂલ્ય. ૧-૧૨-૦

આનંદ પ્રી. પ્રેસ
ભાવનગર


મૂળ આત્મા ક્યાંય હણાયો નથી, એમ હું કહી શકું છું, એમ છતાં પોતાની સત્રગી ક્ષતિઓનો પૂર્ણદ્રષ્ટા અપૂર્ણ માનવા પોતે તો કેમ જ બની શકે ?

અન્તે

આજે જ્યારે નવસર્જન અને નવનિર્માણનો પવન ચારે બાજુ ફૂંકાય છે, ત્યારે આપણી પ્રાચીન કથાઓ ઊગતી પ્રજાના નવ-નિર્માણમાં ઉપયોગી થશે એમ માની આ કથાઓ સર્જાણી છે. તો વાચક, આ લખાણના પ્રશંસાપાત્ર પ્રસંગોનો યશ વિશ્વસાહિત્યને અર્પે અને ભૂલને પાત્ર પ્રસંગોની ક્ષમા મને અર્પે એવી યાચના-પૂર્વક આ પુરાણ પૂરું કરું છું !

ચિત્રભાનુ

બોટાદ ૨૩-૬-૫૨



# અ * નુ * ક્ર * મ


| | |
|---|---|
| ૧. એક પ્રામાણિક કરુણ કથા | ૧ |
| ૨. પાપનું પ્રાયશ્ચિત્ત | ૯ |
| ૩. ભક્તની કસોટી | ૧૫ |
| ૪ વક્તા અને શ્રોતા | ૨૧ |
| ૫. કલાની ઉપાસિકા | ૨૭ |
| ૬. માનવતામાં પાશવતા | ૩૫ |
| ૭. કોહીનૂર | ૪૫ |
| ૮. ત્યાગી તમે કે હું ? | ૫૧ |
| ૯. સગનો રંગ | ૫૫ |
| ૧૦. ચપલા | ૬૧ |
| ૧૧. આ તે આજ્ઞા કે અવજ્ઞા ? | ૭૧ |
| ૧૨. બુદ્ધિહીન નાયક | ૭૭ |
| ૧૩. એક આની | ૮૪ |
| ૧૪. વિજયનો ડંકો | ૮૯ |
| ૧૫. શું શીતળદાસ ? | ૯૫ |
| ૧૬. એક પ્રસંગ | ૯૯ |
| ૧૭. એક વિરલ વિભૂતિ | ૧૦૫ |
| ૧૮. હારની જિત | ૧૧૫ |
| ૧૯. માનવતાની ભવાઈ | ૧૨૫ |

કલકત્તાની રોશની ઝગમગ ઝગમગ કરતી પ્રકાશ પાથરી રહી હતી. ઉનાળાનો દિવસ હતો, ગુલાબી પવનની મીઠી લહેરીઓ આવી રહી હતી. ઉનાળાની સાંજે લોકો પરિભ્રમણ કરવા નીકળે એટલે માણસોની અવર–જવર પણ પ્રમાણમાં ઠીક હતી. એવામાં લગભગ અઢારેક વર્ષની ઉંમરનો એક યુવાન કેરીની ટોપલી લઇ આમ–તેમ જોતો પોતાના ઘર ભણી ધીમે ધીમે ડગલાં ભરી રહ્યો હતો. એના અર્ધજીર્ણ વસ્ત્રોમાંથી કંગાલિયત ડોકિયાં કરી રહી હતી; તોય એના મુખ પરની નિર્દોષ સૌમ્યતા એક સજ્જનને છાજે તેવી તો હતી જ.

સામેની ફૂટપાથ પર મને પસાર થતો જોઇ, એ મારી પાસે આવ્યો અને કહેવા લાગ્યો: "ભાઈ, કેરીઓ ઘણી જ મીઠી છે, લેશો ?"

મેં કહ્યું:–"મારે નથી જોઇતી."

"અરે, ભાઈ! ઘણી જ સસ્તી છે. સાંજનો સમય છે, મારે ઘરે જવું છે, એટલે લો, ફક્ત બાર આને ડઝન! કેમ લેશો ?" આટલું કહી એણે એક નિઃસાસો નાખ્યો.

મેં કહ્યું:–"ભાઈ! જવાદે ને માથાફોડ, મારે નથી જોઇતી તારી સસ્તી કેરીઓ." આ સાંભળી એ ગળગળો થઈ ગયો. એની આંખમાંથી બે આંસુ દડદડ સરી પડયાં!

ઓચિંતા આંસુ જોઈ મને સખેદ આશ્ચર્ય થયું. મેં પૂછ્યું: "મેં તને કાંઇ ગાળ દીધી નથી છતાં તું આમ કેમ ગળગળો થઈ ગયો ?"

અશ્રુ લૂછી તેણે ઉત્તર આપ્યો. "ભાઇ, મારા કર્મને રડું છું. શું કહું મારી કરુણ કથા ? મારી બા આઠ દિવસથી સખત માંદી છે. તાવ ખૂબ આવે છે. એના માટે દવા લાવવા તો શું; પણ દૂધ લાવવા પૂરતા પણ પૈસા મારી પાસે આજે નથી ! બે દિવસથી મેં

ને મારી નાની બહેને આ કેરીઓ સિવાય કાંઇ ખાધું નથી. રોજ ફેરી કરું છું. ચાર આઠ આનાનો માલ વેચાય તેનું દૂધ મારી બા માટે લઇ જાઉં છું; પણ આજે તો એક પૈસાનો પણ માલ વેચાણો નથી. આજે મારી એ માંદી બા માટે દૂધ કયાંથી લઇ જઇશ? આ વિચારે મને ગળગળો ને દુઃખી બનાવ્યો છે."

આ કરુણ જીવન સાંભળી મારી છાતીમાં છૂરીના ઘા જેવો કારમો આઘાત થયો. સમાજમાં આવા અર્ધ–નગ્ન ને અર્ધ–ભૂખ્યા વસ્ત્ર ને અન્ન વિના કેટલા માનવો જીવન વિતાવે છે? અને બીજી બાજુ કાળા બજારની લક્ષ્મીથી પુનિત ગણાતા શેઠ–શેઠો કેટલા મોજ–શોખમાં નકામાં પૈસા વેડફી રહ્યા છે? આ વિચાર મારી નજર આગળ એક વાર ફરી વળ્યો. મેં કહ્યું: "જો ભાઈ, હું પરગામનો છું. મારે કેરીઓ જોઇતી નથી. તારે જોઈતા હોય તો પૈસા આપું." એમ કહી હું ખિસ્સામાં હાથ નાખવા ગયો ત્યાં એણે ધીમે છતાં ધૈર્યપૂર્વક કહ્યું:

"શેઠ, માફ કરજો. હું દરિદ્ર છું પણ દીન નથી. ગરીબ છું પણ ભિખારી નથી. મારે માલના પૈસા જોઇએ, હરામના નહિ..."

દુઃખમાં પણ આવી અનોખી ધીરજ ધરનાર આવો વિરલ યુવક મેં જિંદગીમાં પહેલ–વહેલો જ જોયો એમ કહું તો જરાય ખોટું નથી. મને થયું આ એમ તો પૈસા નહિ લે પણ જો આની કેરીઓ ખરીદી લઇશ તો આને પૈસા અપાશે. મેં પૂછ્યું: "તારી ટોપલીમાં કેરીઓ કેટલા રૂપિયાની છે?"

મારો સવાલ સાંભળી તેણે જરા હર્ષથી જવાબ આપ્યો: "ચાર રૂપિયાની."

"ઠીક, ચાલ મારી સાથે. મારા ઉતારા પર બધી કેરીઓ નાખી દે." કહી મેં એને સાથે લીધો. ચાર રૂપિયા આપવા પાકીટ તપાસ્યું પણ છૂટા રૂપિયા નહોતા. પરચુરણ લાવવા મેં એને દશની નોટ આપી. કેરીની ટોપલી મારા ઓરડામાં મૂકી, હમણા આવું છું" કહી એ નોટ વટાવવા ઉપડી ગયો.

એ દાદર ઉતર્યો ત્યાં સુધી હું એની પાછળ જોઈ જ રહ્યો. મને એક જ વિચાર આવતો હતો. ગરીબીમાં પણ આવું અપૂર્વ ખમીર હોઇ શકે છે! શું માનવીની અદીનતા ગરીબીને ગળી જતી હશે? આમ વિચાર કરતાં થોડી રાહ જોઇ પણ તે ગયો તે ગયો જ. રાત્રે મોડે સુધી પણ એ જ્યારે ન આવ્યો ત્યારે મારી ધીરજ ખૂટી ગઇ. મને થયું કે આ તો ઠગ નિકળ્યો. મને બનાવી ગયો, અદીનતાને નામે!

*

એ વાતને આજે ત્રીજો દિવસ છે. કપડાં બદલાવી હું બહાર ફરવા જવાની તૈયારી કરી રહ્યો છું તેવામાં હોટલના એક (બોયે) નોકરે આવી ખબર આપી "શેઠ! આપને કોઇ નાની છોકરી મળવા માંગે છે."

આ સાંભળી, હું વિચારમાં પડી ગયો. આ અજાણ્યા શહેરમાં મને વળી મળવા કોણ આવ્યું હશે? અને એમાં વળી નાની છોકરી? એ વળી કોણ હશે? મને થયું, જોઈશું એટલે ખબર પડશે. મેં કહ્યું: "ઉપર આવવા દે."

થોડી વારમાં નોકર એ છોકરીને લઈ ઉપર આવ્યો. ધારીને જોતાં જણાયું કે—આ તો પેલા ફેરિયાની બહેન જેવી જ લાગે છે!

ફાટયાં-તૂટયાં લૂગડાં, વિખરેલા વાળ, આંસુભીની આંખો અને શોકથી છવાયેલું મોં જોઇ, મારા હૈયામાં આશ્ચર્યમિશ્રિત દયાનું ઝરણું વહેવા લાગ્યું. હું પૂછવા જતો હતો એટલામાં એણે જ પૂછયું— "બેંગલોરથી તમે આવ્યા છો ને? મારા ભાઇ પાસેથી કેરીઓ તમે જ વેચાતી લીધી હતી ને? લો, આ છ રૂપિયા. હવે મારા ભાઇ આવી શકે તેમ નથી. એ તો પહોંચી ગયો પ્રભુને ધામ!"

આ હૃદયદ્રાવક વિચિત્ર ઘટના સાંભળી, મારું હૃદય કંપી ઉઠયું. સંકલ્પવિકલ્પોના તરંગોથી હૈયું છલકાવા લાગ્યું. આશ્વાસન આપી મેં એ બાળાને નમ્રતાથી પૂછયું—"બહેન! રડ મા. તારા ભાઇને શું થયું? અને શાથી મરી ગયો? તે જરા મહેરબાની કરી જણાવીશ?"

આંસુ લૂછીને એણે કરુણ સ્વરે કહ્યું–" મારો ભાઇ, પરચુરણ લઇ, આપને આપવા આવતો હતો, રસ્તો ઓળંગવાં જતાં મોટર સાથે અથડાઇ પડયો અને માથું ફૂટી ગયું ! તેજ મોટરમાં નાંખીને મારા ભાઇને હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો. અને મારી બાને અને મને આ વાતની ખબર આપવામાં આવી. અમે તુરત જઇને જોયું તો મારા ભાઇને ઘણું જ વાગ્યું હતું. માથે તેમજ હાથે મોટા પાટા બાંધેલા હતા. અમારા આવી ગયાના સમાચારથી એણે આંખો ઉઘાડી અમને જોયા. અમારી એક બીજાની નજર મળતાં, આંખો આંસુથી છલકાઈ ગઈ. મારી બાએ એના આંસુ લૂછ્યા. એટલે એણે કહ્યું–" મા ! તું માંદી છે ને! અહિ શા માંટે આવી ?"

જરા થંભી એણે ફરી કહ્યું:–"ના, ના, સારું થયું કે તું આવી ગઇ ! ફરી આપણે કયાં મળવાના છીએ ?..."

માથા પર હાથ ફેરવતાં, બાએ કહ્યું–" બેટા ! ગાંડપણ શું કરે છે ? ઉતાવળો કાં થાય છે ? જરા શાન્તિ રાખ, બધા સારાં વાનાં થશે..."

વચ્ચે જ ભાઇ બોલી ઊઠયો–"મા ! હવે શાન્તિ કેવી ? શાન્તિ તો પ્રભુના ધામમાં મળશે ! હવે હું ઘણું જીવનાર નથી. મારા જીવન–દીપકમાં તેલ ખૂટી રહ્યુ છે. મા ! તારી પાસે ક્ષમા માગું છું. જીવનમાં મારી જે કાંઈ ભૂલ થઈ હોય તે માફ કરજે! તારી સેવા તો હું કાંઇ ન કરી શકયો, પણ તારી પાસેથી સદાચાર અને સદ્વિચારની સુવાસ લઇને, આ ફાની દુનિયામાંથી જાઉં છું. જાઉં છું પણ માંગણી કરતો જાઉં છું કે–ફરી અવતાર લેવો પડે તો તારા જેવી અભણ પણ સંસ્કારી માતા મળજો ! મા મને શોક કે ચિન્તા કાંઇ નથી–ચિન્તા માત્ર એટલી જ છે, કે બહેન તો થોડા દિવસમાં સાસરે જશે, પછી તારી સેવા કોણ કરશે ? " આટલું બોલી મારો ભાઇ રડી પડયો...આ વાત કહેતી બાળા પણ એકદમ રડી પડી !

*બાળા, જેમ જેમ આ વેધક અને કરુણ કથની કહેતી ગઇ તેમ તેમ*

અમારાં દિલ દ્રવિત થતાં ગયાં. ખડક જેવા કઠણ હૈયાને પણ પીગળાવી નાખે એવું દર્દ, એના શબ્દો ને પ્રસંગમાં છલોછલ ભરેલું હતું. આંસુ લૂછી, એણે આગળ ચલાવ્યું: " મારી બાએ કહ્યું–" બેટા! આમ ગભરુ ન થા. મારી ચિન્તા ન કર! દરેકનું રક્ષણ કુદરત કરે છે. અત્યારે તો તારી ચિન્તા કરવાની હોય!"

જરા આરામ લઈ, દર્દ ભરેલા અવાજે એણે કહ્યું: "મા! મારું એક અગત્યનું કામ છે એ તને ભળાવું છું. ભૂલી ન જાતી હો. જો, પરમ દિવસે કેરીઓ વેચવા ગયો હતો: સાંજ સુધી ખૂબ ફર્યો પણ કેરીઓ વેચાણી નહિ ત્યારે એક ભલા શેઠે મારી બધી કેરીઓ ખરીદી લીધી અને મને દશની નોટ પરચુરણ લાવવા આપી. હું છૂટા પૈસા લઇને આપવા જતો હતો તેવામાં મોટર સાથે અથડાઈ પડયો ને માથું ફૂટી ગયું. આથી ચાર રૂપિયા કેરીના લઇને બાકીના છ રૂપિયા આપવા બાકી છે. તે તું બરવે હોટલમાં બેંગ્લોરવાળા શેઠને પહોંચાડી દેજે. જો તું ભૂલી ગઈ ને નહિ પહોંચાડે તો હું ભવાંતરમાં દેણદાર રહી જઈશ અને શેઠ સમજશે કે ઠગ મળ્યો, અદીનતાની વાતો કરી વિશ્વાસઘાત કર્યો. ગરીબો લુચ્ચા જ હોય છે માટે વચનભંગ ન થાય માટે મારું મૃત્યુ થતાં પહેલાં એ રૂપિયા પહોંચાડી દેજે. મને ઓઢાડવા કફનનું વસ્ત્ર ન મળે તો વાંધો નથી પણ પૈસા તો પહોંચવા જ જોઇએ. અને એ ભાઇને કહેજે કે–" જુમ્મરે આપને રામરામ કહ્યા છે."

"મા! મા! હવે મારી નસો તણાઇ રહી છે, શક્તિ ઘટતી જાય છે. દીવામાં તેલ ખૂટવા આવ્યું છે. હવે હું વધારે જીવનાર નથી! બહેન! બાને તું બરાબર સાચવજે હો! ઓછું આવવા દઈશ નહિ! લો... હવે...હું જા...ઉં છું..." આટલું બોલતાં તો મારા ભાઇની આંખો સદાને માટે મીંચાઇ ગઇ. ભાઇ! હવે તો અમે નિરાધાર છીએ–અમારા પ્યારા ભાઇલા વિના!"...છેલ્લાં શબ્દો બોલતાં પહેલાં તો એ બાળા ભૂકકો થઇને જમીન પર બેસી ગઇ,

આ યુવાન ફેરીયાની જીવનના અંત સુધી પ્રમાણિકતાની અવિ-

ઢક પ્રીતિ જોઇ, મારી નજર આગળ એની કારુણ્યમય નિર્દોષ પ્રતિ-કૃતિ તરવા લાગી. મેં ઉતાવળમાં એના માટે જે અભિપ્રાય બાન્ધ્યો હતો તે માટે મને પશ્ચાત્તાપ થવા લાગ્યો. મારાં નયનોનાં નીરે એ ભૂલને ધોઇ નાખી.

મધુરતાની માદક ભૂરકી છાંટીને સામા માણસને વિશ્વાસ ને શાન્તિની મૂર્ચ્છામાં પોઢાડી દેનાર, બુદ્ધિધનો કરતાં આ અબુદ્ધ કેટલો ઊંચ ને મહાન્ હતો, તેનો ખ્યાલ તો હવે મને આવવા લાગ્યો...!

ખરેખર, સુમધુર જળનું પાન કરાવી એ ઝરણું સદાને માટે સૂકાઇ ગયું, સૌરભની એક સુંદર લહેરી આપી, એ વનપુષ્પ સદાને માટે ચિમળાઇ ગયું. તેજસ્વી કિરણોથી પ્રકાશ પાથરી એ દીપક સદાને માટે બૂઝાઇ ગયો! એ યુવાન ફેરીયાના ગમનથી મારું તો જાણે સર્વસ્વ લુટાઈ ગયું!

બાળાની આ દર્દકથા સાંભળવા હોટલના ઘણા ગૃહસ્થો ભેગા થયા હતા. એમણે શાન્તિથી આ ઘટના સાંભળી. એમનું બધાનું હૈયું પણ દ્રવી ગયું. મેં એમને ઉદ્દેશીને કહ્યું–"ભાઈઓ! આવા એક પ્રમાણિક ગરીબના કુટુમ્બને આપણે કાંઇક મદદ કરવી, એ આપણી ફરજ છે." બધાને મારી વાત ગમી ગઇ અને થોડી જ વારમાં ત્રણસો રૂપિયા એકત્રિત થઇ ગયા.

આ નાની રકમ, એ બાળાના હાથમાં આપતાં મેં કહ્યું–"બહેન! તારા પ્રમાણિક બાન્ધવાની યાદગીરીમાં આ નાચીજ પુષ્પાંજલિ લઇ અમને આભારી કર! તારા ભાઇએ જે નૈતિકધન મેળવ્યું તે તો આ જીવન પર્યંત ભૂલાય તેમ નથી. એ ગયો પણ પાછળ સંસ્કૃતિની સૌરભ મૂકતો ગયો એ ગયો પણ અમારા દિલમાં માનવતાનાં બી વાવતો ગયો! તારી એ સંસ્કારી માતાને અમારા જયહિન્દ કહેજે."

દિલના બન્ધનો તોડી નાંખે એવી આ કરુણ ઘટનાને વર્ષોના વહાણાં વહી ગયાં. આજે પણ એ દૃશ્ય નજર આગળ સ્પષ્ટ રીતે તરી રહ્યું છે. કયું હૈયું ભૂલે આવું કરુણ છતાં ભવ્ય દૃશ્ય?

# પાપનું પ્રાયશ્ચિત્ત

બીજાને ગબડતો જોઈ, પોતે સંભાળીને ચાલે–તે જ્ઞાની, પોતે એક વાર ગબડ્યા પછી બીજી વાર સંભાળીને ચાલે–તે અનુભવી; પોતે વારંવાર ગબડ્યા છતાં ઉન્મત બનીને ચાલે–તે અજ્ઞાની.

પુષ્પની શોભા એની મધુર સુવાસમાં સમાયેલી છે. સરોવરની શોભા નિર્મળ જળમાં સમાયેલી છે; તેમ નર ને નારીની શોભા શિયળના રક્ષણમાં સમાયેલી છે.

જેમ સુરભિવિહોણા પુષ્પની કીમત કાંઇ નથી, જેમ લૂણવિહોણા ભોજનની લહેજત આવતી નથી, જેમ જળવિહોણા સરોવરનું મહત્ત્વ કાંઈ નથી, તેમ બ્રહ્મચર્યવિહોણા માનવીની કિંમત પણ કાંઇ નથી.

સંયમી આત્મા, પોતાની જાત માટે અને જનતાને માટે જેમ કલ્પવૃક્ષ સમાન છે, તેમ વ્યભિચારી આત્મા, પોતાની જાત માટે અને જનતા માટે કંટકવૃક્ષ સમાન છે.

સંયમી માનવ ભલે સંસારનો ત્યાગી ન પણ હોય છતાં સંસારમાં રહી, કુકર્મોથી બચી, પોતાનું ને બીજાનું કલ્યાણ સાધી શકે છે.

આ જ વાત આપણે એક સુંદર દૃષ્ટાન્તથી સમજીએ.

વડોદરામાં બે મિત્રો રહેતા હતા: એકનું નામ ઉદયચન્દ્ર ને બીજાનું નામ વિધુતચંદ્ર. એમની મૈત્રી એવી ગાઢ કે જાણે પુષ્પ અને સુગન્ધ !

ઉદયચન્દ્રનું લગ્ન સુશીલા સાથે થયું હતું. સુશીલા જેમ રૂપવતી હતી તેમ ગુણવતી પણ હતી. એના સૌજન્યે આખા ઘરને સુવાસિત કરી દીધું હતું. એ દંપતિના વર્ષો તો ક્ષણની જેમ પસાર થતાં હતાં. આનંદના દીવસો ઘણી જ ઝડપથી પસાર થાય છે, ખરું ને ?

એક દિવસ વિધુતચન્દ્ર પોતાના મિત્રને મળવા ઉદયને ઘેર આવ્યો પણ ઉદયચન્દ્ર ત્યારે બહાર ગયો હતો. સુશીલાએ એનો સત્કાર કર્યો અને સ્વાભાવિક એવા નિર્દોષ ભાવથી તેના પ્રત્યે બહુમાન દર્શાવ્યું.

પણ વિદ્યુતચંદ્રે એનો અર્થ ઊંધો કર્યો. એ જેમ સુશીલાના રૂપમાં પતંગીઓ બનતો ગયો તેમ પોતાની વિવેકબુદ્ધિનો પણ નાશ કરતો ગયો. અને અન્તે કામાન્ધ બન્યો. આ વાત કેટલી સાચી છે કે, કામી દોષોને જોતો નથી ! **कामी दोषान् न पश्यति ।**

સંયમના મહત્ત્વને નહિ સમજનાર પામર માનવીને વિષય-વિલાસની તીવ્ર અભિલાષા થાય એમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ?

મિત્રને માટે ધારદાર ભાલાના ઘાને સહન કરનાર વિદ્યુતચંદ્ર, સુશીલાના એક નિર્દોષ કટાક્ષને સહન ન કરી શક્યો. એના ચિત્તમાં અનેક આન્દોલનો ઉપડયાં. એ બેકાબૂ બન્યો. કામ વિના પણ મિત્રના ઘેર આવવા લાગ્યો અને મધુર હાસ્યપૂર્વક નયનો નચાવવા લાગ્યો.

સુશીલા ચતુર હતી. તે આ ભેદને કળી ગઈ. ઊંડા ખાડામાં ગબડતા પોતાના પતિના મિત્રને બચાવવાનો એણે નિર્ધાર કર્યો. શીયળવતી સુશીલાઓ કદી સદાચારને છોડે ખરી ?

ઉદયચંદ્ર આઠ દિવસ માટે બહારગામ ગયો હતો. સુશીલા ઘેર એકલી હતી, એકાન્ત હતું. આ અવસર ઉચિત જાણી વિદ્યુત્તચન્દ્ર મિત્રના ઘેર આવી પહોંચ્યો. સુશીલા એની કુટિલ ભાવના સમજી ગઇ, કારણ કે એના હૈયામાં પવિત્રતાનું ઝરણું વહેતું હતું. શું પ્રકાશ અન્ધકારને ન ઓળખી શકે ?

વિદ્યુતચન્દ્રે સ્મિત કરી કહ્યું: " મારા મિત્ર ઘેર નથી, તમે એકલા છો. તમારા રક્ષણ માટે ને તમને એકલવાયાપણું ન લાગે એ માટે હું શયન કરવા આજે અહીં જ આવીશ. "

વિષયાધીન આત્માઓ વિષયમાં એવા તો ચકચૂર બની જાય છે કે તે અવસ્થામાં લજ્જા જેવી અપૂર્વ ચીજને પણ જલાંજલિ આપી બેસે છે !

કામના કીચડમાં ખૂંચતા વિદ્યુતચન્દ્રને બચાવવાની બુદ્ધિથી સુશીલાએ કહ્યું " જેવી આપની ઇચ્છા ! "

આ કર્ણપ્રિય શબ્દો સાંભળી એનું હૈયું આનંદથી નાચી ઊઠયું.

એના મનમાં અનેક આનન્દની લહેરીઓ લહેરાવા લાગી. એ મનમાં જ બબડયો ' ચાલો, ધારણા સફળ થઇ ! '

પણ પામરોને ખબર નથી કે ધારેલી ધારણા તો ધણાની ધૂળમાં મળી ગઇ!

સુશીલાએ એક સુંદર ઢોલીઓ ઢાળ્યો. અને એના પર એક સુંદર અને સુંવાળો ગાલીચો બીછાવ્યો. એના પર રેશમ અને જરીના ઊંચામાં ઊંચા સેલા પાથર્યા. માર્ગમાં પણ ઊંચા ઊંચા ગાલીચા પાથર્યા અને ઓરડો એવો તો દીપમાળાથી સુશોભિત કર્યો કે—જાણે સ્વર્ગનો એક ટૂકડો પૃથ્વી પર અવતર્યો; પણ આંગણામાં તો ખૂબ કીચડ ને ડામર જ પાથર્યું.

રાત્રિના આઠના ટકોરા થયા ને દ્વાર ઉઘડયું. દીપમાળાના ઝગમગાટથી ઝગમગતા ઓરડાને જોઇ, વિદ્યુતના મનમાં ઊર્મિઓની છોળો ઉછળવા લાગી. એને થયું કે આ ભભકો તો મારે માટે જ છે ને ?

ઘુવડ દિવસે અન્ધ બને, કાગડો રાત્રે અન્ધ બને પણ કામી તો સદા અન્ધ હોય છે.

કામથી અન્ધ બનેલો વિદ્યુત, ઓરડા ભણી ધસ્યો, પણ ઓરડાના દ્વાર આગળ બિછાવેલા રેશમી ગાલીચાઓ જોઇ, એ થંભી ગયો. એક ડગલું પણ આગળ ન વધી શકયો. એણે પૂછયું—"આ ગાલીચા અને જરીના શેલાં શા માટે ? "

મૃદુલ સ્વરે એણે કહ્યું:—"આપ પધારવાના છો એટલા માટે."

આશ્ચર્યચકિત વિદ્યુતે કહ્યું—"આ ગાલીચા અને જરીના સેલાં રસ્તામાંથી કાઢી નાખો, કારણ કે તમારા આંગણામાં કાદવ ને ડામર પડયાં હતાં એમાં મારા પગ ખરડાઇ ગયા છે. આ ખરડાયેલા પગ ગાલીચા પર મૂકું તો એ બગડી ન જાય ? "

હૃદયના મર્મને વિંધી નાંખે એવા માર્મિક શબ્દોમાં સુશીલાએ કહ્યું: "વાંધો નહિ, આપ એના પર ખુશીથી પગ મૂકો. ભલે એ બગડી

જાય ! તમે તમારું ને મારું જીવન જ જ્યાં બગાડવા બેઠા છો ત્યાં આ ગાલીચો શું વિસાતમાં છે ? જીવન કરતાં આ ગાલીચો ને વસ્ત્રો મોંઘા નથી. આનાં મૂલ્યાંકનો કોઈ દિવસ આપણા અમૂલ્ય જીવનથી અધિક થનાર નથી. તમે જો મારું અમૂલ્ય સ્ત્રીત્વ લૂટો છો અને તમારું કિમ્મતી પુરુષત્વ વેડફો છો તો ભલે બગડી જતાં આ વસ્ત્રો ! જે સર્વસ્વને સળગાવવા તૈયાર છે તે તણખલા માટે શા માટે રડે ? ”

આ વેધક શબ્દો વિદ્યુતચંદ્રના હૈયામાં વિદ્યુતની જેમ તીવ્ર અસર ઉપજાવી ગયા. એના હૈયામાં એક અસહ્ય ઘા પડયો. જોતજોતામાં હૈયું ચિરાઈ જવા લાગ્યું. પશ્ચાત્તાપની એક વિરાટ જ્વાળા પ્રગટી. એને મિત્રદ્રોહનું ભાન થયું. વિવેકના નેત્રો ઉઘડી ગયાં અને એના હૈયાંમાં અનેક પ્રકારના આન્દોલનો ઉપડયાં: અરે, મેં આ શું ચિન્તવ્યું ! વિશ્વાસઘાત ! મિત્રદ્રોહ ! સતીત્વનો નાશ ! મારા સંયમનો ભંગ !

એને ચકરીઓ આવવા લાગી. આંખે અંધારા આવ્યાં. લજ્જાથી મુખ અવનત બન્યું. એ એકદમ સુશીલાના ચરણોમાં ઢળી પડયો. આંસુથી એનાં પગનું પ્રક્ષાલન કરવા લાગ્યો. પશ્ચાત્તાપથી કુંળું બનેલું હૈયું બોલવા લાગ્યું: દેવી ! ઓ દેવી ! મને બચાવ ! શિયલની મૂર્તિ સુશીલા ! તું મને માફ કર. મારા જેવા પતિતનો ઉદ્ધાર તું નહિ કરે તો બીજો કોણ કરશે ? મા ! તું તો ધન્ય છે. પાશવતાની દુર્ગન્ધથી ગન્ધાતા મારા હૈયામાં તેં તો આર્યસંસ્કૃતિના અમર સૌરભ પ્રસરાવી છે ! મારા આ અન્ધકારમય જીવનમાં તારી આ શિયળની જ્યોત પથદર્શક બનો ! ”

આટલું કહી એ ચાલતો થયો. માઝમ રાતે એ પાપનું પ્રાયશ્ચિત્ત કરવા ભયંકર અટવી ભણી ઉપડી ગયો.

એ ગયો તે ગયો. ફરી કદી એ ન દેખાયો. આજે પણ એને એના મિત્રો શોધે છે પણ એનો પત્તો કયાંય લાગતો નથી !

# ભક્તની કસોટી

મિત્રો! તમારામાં જો સદ્ગુણની સુવાસ છે, તો એ સુવાસ માટે કોઇનો અભિપ્રાય પૂછવાની જરૂર નથી. તમારા જીવનની સુવાસ જ, સામા માણસને બોલતો કરશે. પુષ્પો ભમરાઓને કદી કહે છે ખરાં કે અમારી સુવાસનાં તમે ગુણગાન કરો ?

भज् धातुमांथी बनेलो 'भक्त' शब्द जो के पोताना नाम साथे जोडतां सौने हर्ष थाय छे, पण ए शब्दना अर्थमां रहेला गाम्भीर्य पोताना जीवनमां उतारतां मानवने ग्लानि थाय छे! तेथी पहेलां जे पुनित जेवो गणातो ' भक्त ' शब्द आजे उपहासने पात्र बनतो जाय छे!

કોઇને કહો કે "ભક્તરાજ" તો સાંભળનાર એ બિરુદ સાંભળી પ્રસન્ન બનશે, ભલેને પછી એ પાપી કાં ન હોય. ભલેને પછી તેણે કોઇ દિવસ મન્દિર કે ધર્મસ્થાનનું પગથિયું પણ જોયું ન હોય, તોય ભક્તરાજનું બિરુદ તો ગમશે જ. પાપી કે અધર્મી શબ્દ પોતાના નામ સાથે જોડતાં કદી કોઇને ગમતું નથી. આનું પરિણામ એ આવ્યું કે—સાચો ભક્ત જગતની દ્રષ્ટિથી અદ્રશ્ય રહ્યો અને કહેવાતો ભક્તવર્ગ લોકની આંખમાં કાંકરીની જેમ ખુંચવા લાગ્યો. અન્તે કહેવાતા ભક્તોના વિચિત્ર આચારવિચાર જોઈ, આજના યુગના યુવકો એના ભણી આંગળી ચીંધી સાચા ભક્તની પણ ઠેકડી કરવા લાગ્યા!

આવો જ એક બનાવ પ્રાચીન સાહિત્યમાં નજરે પડે છે—

પૃથ્વીના કોઈ એક વિશાળ પ્રદેશ પર એક બુદ્ધિશાળી ને શ્રદ્ધાળુ રાજા રાજ્ય કરતો હતો. ન્યાય અને નીતિથી રાજ્ય કરતો તે નૃપતિ પોતાના કર્તવ્ય માટે સદા સચેત રહેતો. સમયે સમયે પોતાને શું શું કરવું? તેની સાચી સલાહ કોઈને કોઈ સાચા ત્યાગી પાસેથી લેતો હતો. ત્યાગી વિના સાચી સલાહ આપે પણ કોણ?

એક વખત રાજા પોતાના રસાલા સાથે ઉપવન ભણી સંચરી રહ્યો. તેવામાં વનમાંથી નગર ભણી આવતાં કોઇ એક તેજસ્વી

ત્યાગીને રાજા જુએ છે. આ અવધૂતને જોઈ, રાજા ઘોડા પરથી ઉતરી તેમને નમસ્કાર કરી કાંઇક ઉપદેશ સંભળાવવા વિનંતી કરે છે.

અલ્પભાષી અવધૂતે કહ્યું:—"રાજન્! દુનિયામાં પોતાની શક્તિ અનુસાર ધર્મનો પ્રચાર કરી ધર્મીઓ વધારવા એ દરેક વ્યક્તિની ફરજ છે, તેમાં પણ અધિકાર પામેલાએ તો પોતાની શુભ નિષ્ઠા-દ્વારા, તે કાર્ય અધિક રીતે કરવું, એ તેનું કર્તવ્ય છે. તારા જેવા શક્તિમાન પૃથ્વીપતિ તો એ કાર્ય સહજ રીતે કરી શકે એમ છે, માટે તારા રાજ્યમાં, ભક્તોની ભક્તિ દિનપ્રતિદિન વધતી જાય ને નવા ભક્તો વધતા જાય તેવો ઉપાય કર."

રાજાએ વિનીતભાવે કહ્યું:—"આપ આજ્ઞા કરો તે પ્રમાણે કરવા તૈયાર છું."

ટૂંકમાં અવધૂતે કહ્યું:—"તારા રાજ્યમાં જે ભક્ત હોય, તેનો કર-વેરો માફ કરવો."

રાજાએ તે વાત સ્વીકારી અને નમન કરી અવધૂતની રજા લીધી.

બીજે દિવસે ગામમાં તપાસ કરતાં જણાયું કે-આખા ગામમાં સાચો ભક્ત તો એક જ છે. રાજાએ તેનો કર-વેરો માફ કર્યો અને "જે ભક્ત બનશે તેનો કર-વેરો માફ કરવામાં આવશે." એવો ઢંઢેરો પીટાવ્યો.

આ ઢંઢેરો સાંભળી હજારો ખુશ થયા. બધાને એક જ વિચાર આવ્યો "ચાલો ભક્ત બની જઇએ! દર વર્ષે હજારોનો આપવો પડતો કર-વેરો મટી જાય, પૈસા બચે અને આબરુ વધે! અહા! કેવો મઝાનો રાજાનો ઢંઢેરો!"

રોજ-બરોજ ભક્તો વધવા લાગ્યા. મન્દિર ભણી લોકોનાં ટોળે-ટોળાં જવા લાગ્યા-જાણે ગળપણના ડાબડા પ્રતિ કીડિયારું!

લાંબી ચોટી, કપાળમાં ટીલા, ડોકમાં માળા, લાંબી જનોઇ, હાથમાં ગૌમુખી-આ બધી હતી મન્દિર આગળ હડીયા-હડી કરતા ભક્તોની નિશાની! જ્યાં જુઓ ત્યાં ભક્ત, ભક્ત ને ભક્ત!

પાંચ વર્ષ પછી ફરી પેલો અવધૂત મળ્યો. રાજાને સંપત્તિ-હીન, ચિન્તા-મગ્ન, અને નિર્ધન બનેલો જોઈ, અવધૂતે પૂછ્યું:—
"રાજન્ ! આમ ઉદાસ કાં ? આપની કફોડી સ્થિતિ કેમ થઇ ગઇ ?"

"દેવ ! આપની આજ્ઞા પ્રમાણે ભક્તોનો કર–વેરો બંધ કર્યો. આજે ગામમાં ભક્ત વગરનું કોઈ નથી, તેથી કર–વેરા આપનાર પણ કોઇ નથી." આમ નમ્રતાથી કહી અવધૂતને ઝરુખામાં લઇ ગયો અને લાંબા લાંબા ટીલાંટપકાં કાઢી આમ તેમ હડીયાહડી કરતાં ભક્તોને બતાવ્યા.

અવધૂત સમજી ગયો કે બકરું કાઢતાં ઉંટ પેઠો. જરા સ્મિત કરી તેમણે કહ્યું: "રાજન્ ! આવતી કાલે ઢંઢેરો પીટાવી કહેવડાવો કે જે ભક્ત હોય તે કૃપા કરી રાજમહેલમાં પધારે અને રાજ્યમહેલ પાવન કરે."

બીજે દિવસે આ ઢંઢેરો સાંભળી ભક્તો વિચારવા લાગ્યા, ઠીક, રાજાના ગુરુ પધાર્યા છે ! ખૂબ માલમલીદો ઉડશે ! ખૂબ પ્રસાદ વ્હેંચાશે ! આપણે રાંધવાની પીડા મટી જશે. ચાલો માલમસાલો ઉડાવવાની મઝા આવશે !

ચોટીઓ ફફડાવતા, લાંબા લાંબા ટીલાં કાઢી આવતા ભક્તોએ જોતજોતામાં આખો રાજમહેલ ભરી દીધો અને થવા લાગી ભક્તોની ધસાધસી !

અવધૂતની સૂચના પ્રમાણે મુખ્યદ્વાર આગળ આવી રાજાએ કહ્યું–'મારા ગુરુ યાત્રા કરી ગઇ કાલે પધાર્યા છે. તેમને ભક્ત–તેલની આવશ્યકતા છે. ભક્તને ઘાણીમાં ઘાલી તેલ કાઢવાનું છે, માટે જે ભક્ત હોય તે આગળ આવી જાય !

આ ભયંકર કસોટી સાંભળી ભયભીત બનેલા ભક્તો ભાગવા લાગ્યા, પણ જાય ક્યાં ? ચારે બાજુ સંત્રી–પહેરો ક્યારનોય ગોઠવાઇ ગયો હતો.

અંદરના ભક્તો ટીલાં ટપકા લૂંછી, માળા કંઠી તોડી જ્યાં ત્યાં ભાગવા પ્રયત્ન કરવા લાગ્યા.

દ્વાર આગળ ઉભેલા રાજાએ અને અવધૂતે એક પછી એકને બહાર કાઢી પૂછવા માંડયું, "તું ભક્ત છો ને ?"

ધ્રૂજતાં ધ્રૂજતાં ભકતો ઉત્તર આપવા લાગ્યાઃ—નામદાર ! ના, ના હું ભકત નથી. હું તો ભૂલથી અહીં આવી ચઢયો." કોઇ કહે "હું તો ઊંઘતો હતો પણ મારો ભાઈ મને તાણી લાવ્યો. હું ભક્ત નથી." આમ જે તે ઉત્તર આપી પગે પડી, છૂટી છૂટકારાનાં દમ ખેંચવા લાગ્યા.

અન્તે એક ખરો ભક્ત આવ્યો. તેણે કહ્યુંઃ—"આપ ખુશીથી મારા શરીરનો ભોગ લઇ શકો છો. હું કોઇના ઉપયોગમાં આવતો હોઉં તો ઘાણીમાં તો શું પણ કહો તે રીતે મરવા તૈયાર છું. અરે, અરે, પ્રસન્ન મુખે મારૂં શરીર અને મારૂં સર્વસ્વ આપવા તત્પર છું—જો ઉપકાર થતો હોય તો."

આ માણસની નિખાલસ વાણી સાંભળી, અવધૂતે કહ્યુંઃ—"આ ખરો ભક્ત છે. બીજા બધા ઢોંગી છે." સૌની પાસેથી પાંચ વર્ષનો ચડેલો કર–વેરો ઉઘરાવો, અને વ્યાજ સાથે યોગ્ય રીતે વસુલ કરો!"

વાચક ! આ દૃષ્ટાન્તથી સમજી શકશો કે—આ દૃષ્ટાન્તમાં આખું ગામ ભકત બની ગયું. પણ પરીક્ષામાં એક જ જણ ઉત્તીર્ણ થયો, તેમ આજે પણ ભકત અને ભકત જેવી બીજી અનેક બિરૂદાવલિ લોકો ધારણ કરે છે; પણ એ બિરૂદાવલીની કસોટી થાય ત્યારે આ ભકતોની જેમ પોલી દલીલોની શ્રેણી ગોઠવે—જેમાં ન હોય માલ કે ન હોય તર્કશુદ્ધ પ્રમાણિકતા ! આજે સેવાના નામે, કોંગ્રેસને નામે, ધર્મને નામે—અનેક બિરુદ ધારણ કરી, અનેક વ્યકિતઓ નિકળી પડી છે, પણ એમની અગ્નિપરીક્ષાની વેળાએ આ દૃષ્ટાન્તની હકીકત તો મૂર્ત્ત સ્વરૂપ નહિ લે ને ?

પદવીઓના બિરુદને ધારણ કરનારા મહાનુભાવોને મારો આ એક નમ્ર પ્રશ્ન છે!

# વક્તા અને શ્રોતા

અનેક વાતોનાં ભાષણો દેનાર કરતાં એક વાતને આચારમાં મૂકનાર વધુ સારો છે મીઠાઈઓને ગણાવી જનાર કરતાં રોટલાને પીરસનાર વધુ સાચો છે.

**આજ**નો ક્રાન્તિકારી યુગ, સદાચારી વક્તાની માંગણી કરે છે, "સદાચારી"...દુરાચારી ન.હ. એવો સદાચારી વકતા—જે એક જ હાકલ સાથે સમાજને જગાડે, જે માત્ર એક જ બુલંદ અવાજ સાથે મુડદામાં પણ ચેતન લાવી શકે...એવો સદાચારી વકતા કે જેની દિવ્ય ઘોષણાથી, અધર્મીઓનાં હૈયામાં એક કારમી કંપારી છૂટી રહે અને સદ્ધર્મિઓનાં હૈયાં મયૂરની જેમ નાચી ઊઠે!

વકતા બની ઉપદેશ દેવાનું કામ ઘણું સહેલું છે; પણ એ ઉપદેશને પોતાના જીવનમાં વણવાનું કામ ઘણું જ કપરું—કઠિન છે.

જે સહજતા ઉપદેશ દેવામાં આવે છે, તે સહજતા ઉપદેશના તત્ત્વોને આત્મસાત્ કરવામાં આવી જાય તો, ઉપદેશક માટે આત્મ-કલ્યાણનો માર્ગ સુગમ અને સરળ સહજ બની જાય! પણ આજે કેટલાક પ્રસિદ્ધ વક્તાઓ શું, કે કોંગ્રેસ કાર્યકર્તાઓ શું; સમાજોદ્ધારકો શું, કે કહેવાતા ધર્મગુરુઓ શું; એ બધા પરને ઉપદેશ દેવામાં તો જાણે વિદ્યુદ્વેગી વિમાન! જ્યારે એ ઉપદેશને પોતાના જીવનમાં ઉતારવાનો સમય આવે ત્યારે જાણે રગસિયું ગાડું!

એ કહેવાતા વક્તાઓના લોભનો અપાર સમુદ્ર શું, કે એ કોંગ્રેસ કાર્યકર્તાઓના માનનો ઉન્નત પર્વત શું; એ સમાજોદ્ધારકોની માયાની કપટભરી વિચિત્ર લીલા શું, કે ધર્મગુરુઓનો ક્રોધથી ધમધમતો સળગતો લોહગોલક શું—આ બધાનું અવલોકન જો સૂક્ષ્મ—દૃષ્ટિએ કરવામાં આવે તો આપણું પુષ્પ—શું કોમળ હૈયું એક કારમી કંપારી અનુભવે અને ચીસ પાડી ઉઠે! આપણને થાય કે બાપડા હતા ત્યાં જ પડ્યા છે! એક ડગલું પણ આગળ વધ્યા નથી. આ લોકોથી હજારો તરી ગયા, પણ આ તો હજુ વિષયવિલાસ અને વિદ્વેષના કારમા

કીચડમાં જંતુની પેઠે ખદબદી રહ્યા છે. બાપડાઓમાં વાણીનું ચબરાક-પણું જ નૃત્ય કરી રહ્યું છે. આચારમાં તો શૂન્ય જ!

આ વિષય પર પાટિયાનો અને વેલાનો એક પ્રસંગ મને યાદ આવે છે.

## " ડુંગર ઉપર જવાનો રસ્તો "

સમેતશિખરમાં, ધર્મશાળાથી થોડેક દૂર જશો એટલે આ પ્રમાણે લખેલું પાટિયું તમને પહેલવહેલું નજરે પડશે. આ પાટિયા પાસે એક સુંદર વેલો છે, તે વર્ષાના વારિથી વૃદ્ધિ પામતો ધીમેધીમે પાટિયા પાસે આવે છે અને ક્રમશઃ વધતો વધતો પાટિયાને વિંટળાઇને એના ઉપર ચઢી જાય છે. જોતજોતામાં આ વેલો પાટિયાની ટોચ સુધી પહોંચી જાય છે અને એના માથા ઉપર પગ મૂકી આગળ વધવા લાગે છે.

પોતાના માથા પર પગ મૂકવાથી કુપિત થયેલું પાટિયું વેલાને કહે છે: " ઓ! અજ્ઞાની ઉદ્ધત વેલા! જરા ભાન રાખ! તું કોના માથા પર પગ મૂકી રહ્યો છે? હું બધાને રસ્તો બતાવનાર ધર્મગુરુ છું. અજાણ્યાનો માર્ગદર્શક નેતા છું. સ્થવિર છું અને ઘણા કાળથી ઉપકારનું કામ કરું છું. જ્યારે તું આજકાલ ફૂટી નીકળેલો ફણગો! લાંબો તાડ જેવો થઈ, મને કાં ઢાંકી દે છે?"

હળવું સ્મિત કરી વેલો કહે છે: " બાપુ! આપે કહેલી વાત કેટલી સત્ય છે, તે જરા હવે વિચારીએ. આ બધાને રસ્તો બતાવનાર તમે ગુરુ ખરાં, પણ તે રસ્તે તમે કેટલું ચાલ્યા? તમે માર્ગદર્શક નેતા બની ડંફાશ મારો છો; પણ તે માર્ગ ભણી તમે કેટલાં ડગલાં ભર્યાં? શું એ માર્ગ અન્ય માટે છે? તમારે માટે નહિ? આજ પંથથી હજારો પથિકો સ્વસ્વના સ્થાને પહોંચી ગયા, પણ તમે તો હતા ત્યાં ને ત્યાં જ વર્ષોથી પડયા છો. તમને તો મળ્યું તડકામાં તપવાનું, ટાઢમાં ધ્રૂજવાનું, વર્ષાદમાં ભીંજાવાનું, સડીને મરવાનું અને આ જ જગ્યાએ દફનાઇ જવાનું! થોડા દિવસમાં તમારી જગ્યાએ નવું પાટિયું

આવશે. ત્યારે તમારું નામનિશાન પણ નહિં હોય, માટે હજુય ચેતો! નહીં ચેતો તો મારા જેવા લાખો વેલા તમારા માથા પર પગ મૂકીને ગયા અને તમે છો ત્યાં સુધી જશે. ચેતો! જાગ્યા ત્યારથી સવાર. ભૂલ્યા ત્યાંથી ફરી ગણો. સમય હજુય હાથમાં છે, ચેતી લો નહિ તો પસ્તાશો!

ભલે, તમે વૃદ્ધ છો ને હું યુવાન–આધુનિક છું, પણ તમારામાં ને મારામાં ઘણું અંતર છે, હું ચાલનાર છું, તમે બેઠેલા છો. હું આગળ વધીશ. તમે પાછળ પડશો; માટે પાટિયાભાઇ! કેવળ બીજાને માર્ગ બતાવ્યા કરતાં એ માર્ગે એક એક પણ ડગ ભરશો તો તમારું કલ્યાણ થશે, સમજ્યાં? આટલું કહી વેલો પાટિયા પર થઈ બાજુના વૃક્ષ ઉપર ચઢી જાય છે,

આ સંવાદ કેવો રમ્ય છે! આંમાં કેટલો બોધપાઠ ભરેલો છે? પાટિયાને વેલો કેવો સુંદર પ્રત્યુત્તર આપે છે! આ રૂપકમાં પાટિયું એટલે વકતા અને વેલો એટલે શ્રોતા. નટની પેઠે વકતા કેવળ ઉપદેશ આપી જાય તેથી વકતાનું શું વળે! એ તો હતો ત્યાંનો ત્યાં જ છે ને!

વાગ્વૈભવવડે વકતા શ્રોતાને આંજી દે છે અને વકતૃત્વ–કળાથી શ્રોતાને ડોલાવી મૂકે છે. પરિણામે સાંભળેલા ઉપદેશને જીવનમાં વણી શ્રોતા વકતાથી ધીમે ધીમે આગળ વધે છે, વકતાથી પણ વધુ પ્રકાશ મેળવે છે, ત્યારે વકતા બરાડે છે: “તું મારાથી આગળ કયાં જાય છે? તું તો આજ કાલનો નવીન શ્રોતા કહેવાય. હું તારો ગુરુ કહેવાઉં, ખસી જા, તારાથી મારી આગળ નહિ જવાય!”

ત્યારે શ્રોતા કહે છે: “ગુરુજી! તમારી વાત સત્ય છે, પણ જરા મારું પણ સાંભળશો? પોપટ ‘રામ રામ’ નો ઉપદેશ આપે છે પણ તે ‘રામ’ના રહસ્યને સમજતો નથી. તેમ તમે કેવળ ઉપદેશ આપો છો પણ એ ઉપદેશના રહસ્યને જીવનમાં ઉતારતા શીખ્યા નથી. હવે હું પે આપને સમજી ગયો છું. આપના ઉપદેશની અસર હવે મને નહિ થાય. આપને મારી ભલામણ છે કે વિચાર સાથે વર્તન કેળવે, કારણ

કે જાહેરમાં રીંગણાંને વખોડનાર અને ઘરમાં એ જ રીંગણાંને મસાલો ભભરાવી રાચીમાચીને ખાનાર ભટજીના ઉપદેશની અસર કેટલી થાય તે સહજ સમજાય તેમ છે! અને ભટજીનું કેટલું કલ્યાણ થાય તે જાણવું પણ કઠિન નથી.

ધર્મ, રાષ્ટ્ર અને સમાજ માટે મરી ફીટવાની હાકલ કરનાર અને ધાર્મિક અને નૈતિક જીવનથી પતન પામતા ઉપદેષ્ટાઓને ઊદ્દેશીને શ્રી ચિદાનંદજી મહારાજ એક સુંદર પદદ્વારા ટકોર કરે છે.

**कथनी कहे सहु कोइ, रहेणी अति दुर्लभ होइ ।**
**जब रहेणीका घर पावे, कथनी तब गीनती आवे ॥**

# કલાની ઉપાસિકા

વાસનાના વાતાવરણમાંથી જન્મેલી કલા,
સર્જન પહેલાં જ મૃત્યુ પામે છે.
ક્ષણિક આવેશમાંથી ઉદ્‌ભવેલી કલા
જન્મીને મૃત્યુ પામે છે.
સંયમના દીર્ઘચિન્તનમાંથી પ્રભવેલી કલા
જ અમર બને છે !

સોહામણી રજની, તારા—અંકિત અંબરને ઓઢી વિહરવા નીકળી હતી, ચન્દ્રિકા અમીધારા રેલાવી રહી હતી, પૃથ્વીને શ્વેત પ્રકાશથી રૂપેરી ચાંદની લીપી રહી હતી, નિરવતા પ્રશાન્ત નિદ્રામાં વિરમી રહી હતી, ગુલાબી હવામાં તરુવરો ઝોલાં ખાઈ રહ્યા હતાં, ચેતનાસૃષ્ટિનાં બિડાયેલા નયનો પર રજની પોતાના કોમળ કરવડે સ્પર્શ કરી મન્દ ગતિએ પશ્ચિમ ભણી સંચરી રહી હતી, મલયનો સમીર પુષ્પોની કોમળ કળીઓ સાથે ગેલ કરી રહ્યો હતો, વચ્ચે વચ્ચે વસન્તની કોકિલા મધુર ટહૂકા કરી રજનીની ગતિને સૂચવી રહી હતી; ત્યારે એક યુવાન સંગીતના કલાધર સાધુએ, પોતાની હૈયા-ઊર્મિને સંગીતના મધુર સૂરોમાં વહેતી મૂકવાનો પ્રારંભ કર્યો.

કલાના ચરણમાં ઊભી,
જીવન સન્ધ્યા જીવન અર્પે
નયનમાં દિવ્ય સ્વપ્નાંઓ...

'વત્સ! રહેવા દે! આ સમય ગાવાનો નથી. આ પ્રશાન્ત રજનીમાં સાધુઓ માટે તો માનનાં જ ગાન હોય.' વ્હાલભર્યા શબ્દોમાં ભાવિદ્રષ્ટા ગુરુએ સૂચન કર્યું.

'ગુરુદેવ, શું સાધુ બન્યા એટલે ભાવનાને પણ તરછોડવાની? શું સાધુઓ સંગીત કલાના દ્વેષી હોય? અને પ્રશાન્ત રજની એ એમનું બન્ધન હોય? મને, મારા અન્તરમાં ઉછળતી ઊર્મિઓ પ્રેરણા કરી રહી હોય એને હું કેમ રુંધી શકું? ઊર્મિઓને ગુંગળાવવી એ તો જીવનને ગુંગળાવવા જેવું થાય. ગુરુદેવ! છતાં આપની આજ્ઞા પ્રમાણ!' તીવ્ર વેદના અનુભવતા કલાઘેલા શિષ્યે કહ્યું.

શિષ્યના હૈયામાં છલકાતી ભાવનાને ગુરુ એના ભાવઘેરા શબ્દો

દ્વારા પામી ગયા. એ વધાઃ ‘ વત્સ ! તારી ઊર્મિઓ પર કુઠારાઘાત કરવા હું નથી માંગતો; પણ તારા મધુર કંઠમાં કોઈ અલૌકિક કોમળ મોહિની ભરેલી છે, જે સંગીત કલાવિહીન હૈયાને પણ થંભાવી દે ! એમાં વળી તારી વિશ્વ વિજયેત્રી કવિતા ભળે એટલે સચેતનને તો શું પણ અર્ધચેતનવાળાને પણ નચાવી મૂકે ! એ કોઈના માટે મોહનું સાધન ન થાય તો કલ્યાણ ! તોય તારી તીવ્ર ઇચ્છા જ હોય તો તારી કોમળ ઊર્મિઓની વેલડીઓને કચડી નાખવા હું નથી માંગતો–તારા ચિત્તનો આહ્લાદ તારો માર્ગદર્શક બનો ! ’

અને કલાધરના કોમળ કંઠમાંથી સંગીતના મંજુલ સૂરો રેલાવા લાગ્યા. પુષ્પના અંતરની નાજુક મૃદુતા, એના સ્વરે સ્વરમાંથી ઝરવા લાગી. રાત્રિની નિરવતામાં મોહકતાની મહેફિલ જામવા લાગી. મોરલાં તરુવરોની શાખા પરથી એ પર્ણકૂટી પાસ આવી, પૂર્ણકલા કરી નાચવા લાગ્યા. કોયલડી, આ માદક સૂરો સાંભળી સંગીતના પૂરમાં તણાવા લાગી. સંગીતના સૂરો મલયના વાયુ સાથે તોફાન કરતા દૂર-દૂરના મેદાનમાં રમવા લાગ્યા. એ જ પળમાં કુસુમના શૃંગારથી સજ્જ બનેલી વનસૃષ્ટિ, દિવ્ય સંગીતમાં સ્તબ્ધ બની ગઇ !

પણ અરુણાએ તો આ મંજુલ સંગીત, ચાતકની જેમ અનન્યચિત્ત બની પીવા જ માંડયું. !

× ×

અરુણા સંગીતકલાની ઉપાસિકા હતી. એ રાજકુમારીએ વિલાસને ઠોકર મારી સંગીતકલાને ચરણે જ પોતાનું સંપૂર્ણ જીવન સમર્પ્યું હતું. શહેરના કૃત્રિમ વાતાવરણને ત્યજી એણીએ આ કુદરતના મનોજ્ઞ વાતાવરણવાળી કુટિરમાં વાસ કર્યો હતો. દિવસભર એ કુટિરમાં સંગીત-કલાની મહેફિલ જામતી. સંગીતકલાના સાચા કલાધરો આ કુટિરને તીર્થરૂપ માનતા અને એમાં રહેલી અરુણાને, કલાની પવિત્ર દેવી માનતા.

વાસ્તવિક રીતે એ સ્વતંત્ર હતી. સંયમની દૃષ્ટિએ એણીનું જીવન

કઠોર છતાં ભાવનાની દૃષ્ટિએ અતીવ કોમળ હતું, એ કહેતી: 'કલાના આત્માને સમજનાર પોતાના આત્માને સુંદર રીતે સમજી શકે છે!'

આ વાક્ય એ સહજ રીતે બોલતી પણ ખરી રીતે આ સિદ્ધાન્ત એના જીવનમાં વણાઈ ગયો હતો. તેથી જ એ યૌવનના પુષ્પોથી લચી પડતા ઉપવનમાં પ્રવેશવા છતાં, કુમારિકા જ હતી. માત્ર એની ભાવ-ઘેરી આંખોમાં ભાવીનાં કોઇ દૂર દૂરનાં સ્વપ્નાઓ દેખાતાં હતાં અને એના ભાવભીના હૈયામાં અસ્પષ્ટ છતાં મૂર્ત એક ઝંખના હતી:— કોઈ સાચા કલાધર સાથી સાથે જીવનરથ ચલાવવાની. પછી ભલે એ કલાધર ગરીબ કે વટેમાર્ગુ કાં ન હોય, પણ એવો કલાધર કે જે કલાના આત્મા સાથે ઓતપ્રોત બનેલો હોય!

× × ×

આ યુવાન સાધુના સંગીતના સૂરોએ એની કૂટિરમાં પ્રવેશ કર્યો અને અરુણાના હૈયાનો કબજો લીધો. સંગીતની મસ્તીથી આનંદ એના રોમેરોમમાંથી ફૂવારાનો જેમ ફૂટવા લાગ્યો, એનું કલારસિક અન્તર કોઇ અગમ્ય પ્રેમભાવને હીંડોળે ઝૂલવા લાગ્યું; શાન્ત હૈયું તોફાને ચડયું અને લવારા કરવા લાગ્યું: 'આ તે કવિતા છે કે કલાનો ધોધ! આ તે કાવ્ય કે ભાવનાનો પ્રવાહ! મોહિની સાકર ખાઇને તો આ ગાનારના કંઠમાં નહિ પોઢી હોય ને? આ કલાધર મને મળશે? મારું અધૂરું છતાં મધુરું સ્વપ્ન પૂરું થશે? મારી જીવનસરિતા આ મહાસાગરમાં ભળશે?

આ વિચારોમાં આ કલાઘેલી અરુણા કૂટિરમાંથી પર્ણકૂટિ ભણી પગલીઓ ભરવા લાગી. એના દિલ અને દિમાગમાં એ સંગીત ગુંજી રહ્યું હતું. એ ચાલતી હતી પણ એની એને ખબર ન થતી. ચન્દ્રિકાને પણ મોહ ઉપજાવે એવી એની રૂપાળી કાયા, પાણીના રેલાની જેમ પર્ણકૂટી ભણી ધસી રહી હતી. તારાઓ એના ચમકતા શુભ્ર રૂપાળા નખમાં પોતાનું મોં જોઈ રહ્યા હતા, પણ અરુણા, અરુણા તો અત્યારે ઘેલી બની હતી! એનું સંગીત કહો કે સર્વસ્વ કહો, જે

કહો તે એ પર્ણકૂટીમાં હતું. ધૂનમાં ને ધૂનમાં એ પર્ણકૂટી પાસે આવી થંભી !

દ્વાર પર પ્રેમભર્યો એક ટકોરો મારી, એણે કહ્યું;–" સંગીત કલાના કલાધર ! મને દર્શન આપશો !"

કોયલ કંઠીનો આ રણકો સાંભળી, સાધુ તો થંભી જ ગયો.

'વત્સ ! રહેવા દે...' ભાવિદ્રષ્ટા ગુરુનું વાક્ય યાદ આવતાં જ એના હૃદયમાં વિચારોનો એક વંટોળિયો આવી ગયો. એ જઇ ગુરુના ચરણોમાં પડયો, 'ક્ષમા કરો, દેવ ! ક્ષમા કરો.'

શિષ્યના માથા પર વ્હાલભર્યો હાથ મૂકી, ગુરુ વધા: 'વત્સ ! કલાને સમજી, કલાને પચાવનાર કરતાં કલાના કલાધર પર મોહિત થનાર અનેકગણા છે, તેથી જ આજે કલા વિલાસનું સાધન બન્યું છે. બજારુ ચીજ બનતી જાય છે, અને એનાં પ્રદર્શનો ભરાય છે, પણ ખરી રીતે કલાનું મૂલ્ય કલા જ હોય ! તોય જા, તારો વિજય છે, કારણ કે બારણે આવનાર પણ માર્ગ–ભૂલેલ સાચા કલાધરનો જ આત્મા છે. તારે તો માત્ર માર્ગ ચિંધવાનો છે. તું એમાં સફળ થઇશ !'

ગુરુના આશીર્વાદ લઇ એ બહાર આવ્યો. એના હૈયામાં કોઈ ભવ્ય મંથન હતું. આંખો તારાની પેઠે ચમકતી હતી. પૂર્ણ બ્રહ્મચર્યથી કસાયેલી એની કાયા ચાંદનીના પ્રકાશમાં વધુ પ્રકાશ પાથરતી હતી. એના અણહોળાયેલા વાંકડિયા વાળ પવનની લહેરખીઓ સાથે ગેલ કરી રહ્યા હતા. એની પ્રશાંત આકૃતિ ભવ્ય મૌનમાં સર્જાયેલી હતી અને એના ઓષ્ઠ પર કલા ગંભીર સ્વપ્નમાં પોઢી રહી હતી. અરુણા તો એને જોઇ થંભી જ ગઈ. એના દર્શન થતાં જ એણીના હૈયામાં સાત્ત્વિકતાએ જન્મ લીધો અને એના ભાવનાદર્શનના તાપમાં રહી-સહી ઝીણી–પાતળી કામનાઓ ઓગળી ગઇ. એ વિચારવા લાગી: આ અવધૂત પાસે આવી અપૂર્વ કલા ! દુનિયાના અજાણ પાસે આવી સિદ્ધિ ! કલા ! ઓ કલા ! તને પણ આવા વૈરાગીઓની મોહિની લાગી ?"

કરુણાથી ભીંજાયેલા ચિત્તવાળા સંતે વિચાર-તરંગમાં ડૂબેલી અરુણાને જગાડતાં, સીધો પ્રશ્ન કર્યો. 'તમે કોણ ?'

જાગૃતિની દુનિયામાં આવતાં એણે કહ્યું:–'હું ?...હું અરુણા!'

અતીવ પ્રશાન્ત અવાજે સાધુએ પ્રશ્ન કર્યો '**તમે અરુણા ? અરુણા એ તો તમારી કાયાનું નામ છે. હું તો તમારી કાયાનું નામ નથી પૂછતો પણ કાયામાં રહીને અનન્તનું ગાન ગાનાર ગવૈયાનું નામ પૂછું છું. તમારા ભોમિયાનું નામ પૂછું છું. હું માલનું નામ પૂછું છું ત્યારે તમે બારદાનનું નામ આપો છો.**'


આ પ્રશ્ને તો એના હૈયાની અંધારી ખીણમાં પ્રકાશનો પુંજ પાથર્યો. ભૂલી જવાયેલી પગદંડીઓ એણે એક જ ઇશારો કરી ચિંધી દીધી. વર્ષોની સંગીત કલાની ઉપાસનાથી પરિપકવ બનેલા એ ફળને એક પવનના ઇશારાની જ આવશ્યકતા હતી. એ બધું સંતના એ પ્રશ્નમાં અલૌકિક રીતે સમાયેલું હતું એ ઘડીના ગંભીર મૌનમાં અરુણાના નયનોમાં કોઇ દિવ્ય તેજ છવાઇ ગયું. જેને એ શોધતી હતી તે અપ્રાપ્ય વસ્તુ સહજ રીતે પ્રાપ્ત થઇ ગઇ, એને હર્ષનો પાર ન રહ્યો. ખૂબ ભાવઘેરા ધીરા શબ્દોમાં એણે કહ્યું: '**હું એટલે હું જ ! હું એટલે અનન્તના સંગીતને ગાનારો અમર ગવૈયો ! હું એટલે નિત્યનો પાન્થ ! હું એટલે આનન્દનો સાગર ! હું એટલે પ્રકાશનો પુંજ ! હું એટલે પવિત્રતાનું ઝરણ ! હું એટલે કલાના ઝરણનો પ્રભવ હિમાલય ! સંત ! મને મારો અનન્તનો માર્ગ મળી ગયો, હું જ ગાનાર છું, હું જ સાંભળનાર છું અને ગાન પણ હું પોતે જ છું, કલાનો ઉપાસક હું છું, કલાની ઉપાસના હું છું અને કલા પણ હું પોતે જ છું ! લો, નમસ્તે !**'

ગંભીર શાન્તિમાં પૂર્ણ શાન્તિનું મોજું ફરી એક વાર ફરી વળ્યું અને વિલાસથી પર એવી કોઈ અજાણી દુનિયાના મહાપંથે એ ચાલી ગઈ.

પ્રભાતે અરુણાના પ્રકાશમાં દુનિયા જ્યારે સ્નાન કરી રહી હતી ત્યારે, ગુરુ શિષ્ય, કોઇ ઉત્તુંગગિરિ શિખરની ટોચે પહોંચવા માટે સોપાન પર પગલીઓ માંડી રહ્યા હતા.

આજે પણ એ ભવ્ય ભૂતકાલના કલાગુરુ અને ઉપાસકની એ પર્ણકૂટિ, કલાના સાધકો માટે ભવ્ય સ્મૃતિચિહ્ન છે! એના ચરણે બેસી કેટલાયે કલાધરો પ્રેરણા મેળવે છે.

કલાધર! તું પણ ત્યાં જઇ સંયમનું પુષ્પ ચડાવી આવજે.



# માનવતામાં પાશવતા

માનવ અને દાનવનો આધાર આકાર ઉપર નહિ, પણ આચરણ ઉપર છે. જેનું આચરણ આત્માના ઉદ્ધારને અનુકૂલ, તે માનવ અને જેનું આચરણ આત્માના ઉદ્ધારને પ્રતિકૂલ, તે દાનવ !

બૃહસ્પતિએ બાળસૂર્યના ગાલ પર તમચો મારી, પોતાની શાળામાંથી તોફાની બાલસૂર્યને કાઢી મૂક્યો. તમાચાથી લાલ થએલા ગાલને પંપાળતા પંપાળતા સૂર્યે પૂર્વે દિશાના પડદાને ચીરી ભૂમંડલ પર દૃષ્ટિ ફેંકી ત્યારે પહેલીજ વાર માવજીભાઈની નિશાળ એની નજરમાં આવી.

માવજીભાઈની નિશાળ એટલે સોટીઓનો સંગ્રહાલય! જેવો વિદ્યાર્થી તેવી સોટી. માવજીભાઈની એવી માન્યતા હતી–સોટી વાગે ચમચમ વિદ્યા આવે ધમધમ. એમની માન્યતાનો અખતરો એમણે ઘણાય વિદ્યાર્થીઓ પર કર્યો હતો. આ અખતરાથી એમને ઘણાયે વિદ્યાર્થીઓમાં વિજય પણ મળ્યો હતો. પણ માવજીભાઇના સદ્‌ભાગ્યે કહો કે દુર્ભાગ્યે કહો. સોમાને ભણાવવામાં તેઓ નિષ્ફળ નીવડ્યા હતા. નિષ્ફળ નીવડ્યા એની ચિન્તા નથી પણ ચિન્તા તો સોમાને મારી મારીને સોટીઓ ખલાસ થઈ ગઈ, એની છે!

એક દિવસ કંટાળીને તેઓ કહેવા લાગ્યા—"અરે, બુદ્ધિના બારદાન! જેટલું શરીર વધાર્યું છે, એટલી અક્કલ વધારી હોત તો તારું કલ્યાણ થઇ ગયું હોત. આ તો ઉલ્ટું જેમ જેમ મારતો જાઉં છું તેમ તેમ તારું શરીર અલમસ્ત અને મહાકાય બનતું જાય છે. મેં તને ભણવવા માટે તારા પર જેટલી મહેનત લીધી એટલી એક ગધેડા પર મહેનત કરી હોત તો કદાચ ગધેડો પણ માણસ બની ગયો હોત."

આ વાક્ય નિશાળ પાસેથી પસાર થતા રામુ કુંભારના કાનમાં પડયું, એ ત્યાં જ થંભી ગયો. એને એક વિચાર સ્ફુરી આવ્યો—આ માંવજીભાઇ જબરા ચમત્કારી લાગે છે! ગધેડાને પણ માણસ બનાવે છે. મારો પેલો ધનો ગધેડો માણસ બની જાય તો કેવું મઝાનું!

ગરજવાનને બુદ્ધિ ન હોય; અને કદાચ હોય તો પણ તે સમયે તે ફરવા ચાલી જાય છે! રામુનું પણ એમ જ બન્યું. તે નિશામાં જઇ હાથ જોડી માવજીભાઇને કહેવા લાગ્યો–" મહેતાજી! આપ મારું એક કામ ન કરો? આપ ગધેડાને માણસ બનાવો છો. મારે દીકરો નથી. મારી પાસે ધનો કરીને એક અલમસ્ત ગધેડો છે. આપ એને માણસ બનાવી આપો તો આપનો મોટો ઉપકાર. આપ કહો તો એના મહેનતના સો રૂપિયા પણ આપી જાઉં."

રામુનું આ વિચિત્ર કથન સાંભળી એમને હસવું તો ખૂબ આવ્યું. પણ હસવાનો આ સમય નહોતો. કારણ કે એક કાંકરીએ બે પક્ષી ઉડાડવાનાં હતાં. અનુચિત હાસ્ય માનવને પાગલની ગણતરીમાં લઇ જાય છે. અને સિધ્ધ થયેલા કાર્યનો નાશ કરે છે–આ વાત માવજીભાઇના ધ્યાન બહાર નહોતી. એટલે જ જરા ગંભીર બની એમણે કહ્યું–" ખુશીથી તમે તમારો ગધેડો અહીં મૂકી જજો. સાથે સો નહિ પણ બસો રૂપિયા લેતા આવજો. આ તો ગધેડાને માણસ બનાવવાનો છે. મહેનત કાંઈ જેવી તેવી ન કહેવાય. માથાના કપાસિયા નીકળી જાય, સમજ્યા ને!"

માનવીને પુત્રની ઘેલછા કેટલી હોય છે! પુત્ર મેળવવા માટે કેટલી માનતા, કેટલી આરાધના, કેટલી ઔષધિઓ, કેટલાં મંત્ર–તંત્ર–યંત્રની ઉપાસના અને કેટલા પૈસાનો ધૂમાડો કરે છે, છતાં મળવાની તો સંભાવના અને કદાચ મળે; પણ તે જો નલાયક નીવડે તો પૂર્વોપાર્જિત કીર્ત્તિ પર કલંકનો કૂચડો મારે!

મહેતાજીની 'હા' સાંભળી, રામુનું હૈયું હર્ષથી નાચી ઉઠયું. એની છાતી ગજગજ પહોળી થવા લાગી. ચાલો; પુત્ર દત્તક લેવો એનાં કરતાં આ બસો રૂપિયામાં આપણો માનીતો ગધેડો જ માણસ બને છે. અને અપુત્રપણાનું કલંક ટળે છે આનાથી વધુ આનન્દનો પ્રસંગ બીજો કયો હોઇ શકે? રામુએ તો બધી વાત ઘેર જઇ કુંભારણને કહી. વાત સાંભળતાં જ ભોળી કુંભારણના નયનોમાં તેજ ચમકી ઉઠયું,

મુખ પર ઝીણું હાસ્ય નૃત્ય કરી ગયું. લલનાઓના કોમળ હૈયાઓમાં આશાના અંકુરા વગર વર્ષાએ ફૂટી નીકળે છે! "જાઓ, જલ્દી જાઓ.! આપણા પેલા ધનાને જલ્દી નિશાળે મૂકી આવો. આ લો બસો રૂપિયા." એમ કહી, કુંભારણે પૈસો પૈસો કરીને ભેગા કરેલા બસો રૂપિયાની કોથળી રામુના હાથમાં મૂકી.

બાલસૂર્યથી આ લોકોની મૂર્ખાઇભર્યું દૃશ્ય ન જોવાયું. એ તો પશ્ચિમનો પડદો ચીરીને અસ્તાચળની પાછળ સંતાઈ ગયો. તે જ સમયે, રામુ પોતાની ચોટલી હવામાં ફફડાવતો શાળાના બારણા આગળ હાજર થયો.

માવજીભાઇ તૂટેલી ડાંડીવાળા ફૂટેલા ચશ્મામાંથી રામુને આવતો જોઇ, એના મનના ભાવ એ સમજી ગયા કે, પુત્રની ઇચ્છા માનવીને કેવો વેવલો બનાવે છે!

ધના ગધેડાને આંગણામાં બાંધી, રૂપિયાની થેલી મહેતાજીના ચરણોમાં મૂકી, એણે કહ્યું—"લો બાપા! આ બસો રૂપિયા અને મારો વ્હાલો ગધેડો. આને ખૂબ ભણાવજો હો. મારા દીકરામાં જરાય ખામી ન રાખતા. તમે કહેશો તો વળી થોડું ઇનામ આપીશ."

રૂપિયા બસો ગણીને પેટીમાં મૂકતાં એમણે કહ્યું—"ચિન્તા ના કરતા રામુભાઇ! બાર મહિના પછી આવજો અને તમારા ધના દીકરાને લઈ જજો. જો જો, તો ખરા કે તમારો ધનો ભણીને કેવો પોપટ જેવો થાય છે!"

પુત્રની પ્રાપ્તિના સુખથી ડોલતો કુંભાર ઘર ભણી ડગલાં ભરે છે. ખરેખર, સુખ તો શું પણ સુખની કલ્પના પણ દુઃખની ગર્ત્તામાં પડતા માનવીને ઉગારી લે છે; તેમ દુઃખ તો શું પણ ભવિષ્યના દુઃખની કલ્પના પણ માનવીને સુખના ગિરિશિખર પરથી ગબડાવી મૂકે છે—સુખને દુઃખની કલ્પનાથી પર બનેલો માનવ જ વિશ્વમાં મહાન્ છે!

આ જ ગામની કોર્ટમાં કાનજીભાઇ કરીને એક કારકુન—ગામડાના વડા ઓશીસર—હતા. જીવનમાં જરા પણ માનવતા કેળવ્યા વિના લાંચ–રૂશ્વત અને કાળાં–ધોળાં કરી ઘણાયે રૂપિયા ભેગા કર્યા હતા. પૈસા–પૈસા માટે પેટ કૂટનાર કાઠિયાવાડના કાનજીભાઇએ કંટ્રોલના આ જમાનામાં કાળાબજારિઆઓનો સારો લાભ ઉઠાવ્યો હતો. કાઠિયાવાડથી આવ્યા ત્યારે એક નાના ઝૂંપડામાં ભાડે રહેનાર આજે એક સુંદર અને આજના જમાનાની છેલ્લામાં છેલ્લી ઢબની સામગ્રીઓથી ભરપૂર હવેલીના માલિક બનનાર કાનજીભાઇનું પૂછવું જ શું ? એક તો સત્તા અને બીજી સંપત્તિ ? આ બન્નેનો સંયોગ થતાં ઘણીવાર માણસ પણ શયતાન બની જાય, ત્યાં શયતાનનું તો પૂછવું જ શું !

ગામમાં એવો કયો માણસ હતો કે જે કાનજીભાઇના ઝપાટામાં ન આવ્યો હોય ? અને એવો કયો માણસ છે કે જેને કાનજીભાઈ આંખમાં કાંકરાની જેમ ન ખૂંચતો હોય ? પણ શું થાય ? સત્તા આગળ શાણપણું શું કામનું ? એવામાં એક દિવસ માવજીભાઈ કાનજીભાઇના ઝપાટામાં આવી ગયા. ઘણા દિવસ સુધી માથાકૂટ કરી ભેગા કરેલ પૈસા, કાનજીભાઈના એક કલમને ગોદે ખંખેરાઇ ગયા. પણ માવજીભાઈ તે માવજીભાઇ. એની બુદ્ધિ આગળ તો બૃહસ્પતિ પણ પાણી ભરે ! કાનજીભાઇના પાપનો ઘડો ફોડવો એ કાંઇ મહેતાજીને મન મહાકાર્ય ન કહેવાય. અલબત્ત, એટલું ખરું કે સમયની પ્રતીક્ષા કરવી પડે.

આમ સમયની પ્રતીક્ષા કરતાં બાર મહિના વહી ગયા. એવામાં રામુ પોતાના ગધેડાનો માણસ થઇ ગયો હશે એમ ધારી, માણસને લઇ જવા હાજર થયો—કેમ, માવજીભાઇ ! મઝામાં તો છો ને ? મારો ધનો ગધેડો ભણી–ગણીને હુશિયાર થઇ થયો હશે ખરું ને ? મારો દિકરો કેવોક છે તે જોઇ તો લઉં !”

માથા પરથી પાઘડી નીચે મૂકતાં એમણે કહ્યું—“ભાઇ !

કેટલાય દિવસોથી હું તમારી જ વાટ જોતો હતો. તમારો ધનો તો કયારનોય માણુસ બની ગયો છે. અરે, માણુસ તો શું પણ ભણી-ગણીને વિદ્વાન્ બન્યો છે અને તમારા આવવામાં વિલંબ થવાથી નોકરીએ પણ લાગી ગયો છે. તમે તો ગામડાના માણુસ એટલે તમને કયાંથી ખબર કે તમારા છોકરાની કેટલી નામના થઇ છે! ચાલો, હું તમને બતાવું એ કેવો ડાહ્યોડમરો થયો છે!'

'શું મારો છોકરો નોકરીએ પણ લાગી ગયો? અને શું નામના પણ મેળવી છે? ચાલો, ચાલો, મને જલ્દી બતાવો એ હમણાં કયાં છે?' ત્વરા કરતાં કુંભારે કહ્યું.

એક મૂર્ખ છોકરાના બરડામાં એક સોટી ફટકારતા માવજીભાઇ બોલ્યા—"તમને તમારો છોકરો બતાવવામાં મને કાંઇ વાંધો નથી, પણ એક વાત ધ્યાનમાં રાખવાની છે કે તમારો છોકરો હવે પહેલાની જેમ ગંધેડો નથી રહ્યો. એ તો એક અવલ કારકુન કાનજીભાઇ તરીકે પ્રખ્યાત બન્યો છે. એટલે તમને પહેલવહેલા ઓળખશે પણ નહિ અને કદાચ ઓળખે તો પણ તમારો મેલોઘેલો વેષ જોઈ એ શરમનો માર્યો તમને બોલાવશે પણ નહિ; માટે હું તમને એક યુક્તિ બતાવું એ ધ્યાનમાં રાખો. કાનજી મારે ત્યાં હતો ત્યારે એને મુંબઇનો હલવો ખાવાની ટેવ પડી હતી. એ હલવો જુએ એટલે ગાંડો ગાંડો બની જાય, અને એ લેવા તુરત દોડી આવે.

તમારે પણ બઝારમાંથી એક મુંબઈનો હલવાની પેટી લઈ લેવી. એ પેટી લઈ મારી સાથે ચાલવું અને હું બતાવું ત્યાં ઉભા રહી કાનજીને હલવાની પેટી દેખાડશો એટલે એ વગર કીધે તુરત જ દોડી આવશે. તમારી નજીક આવે એટલે એના ગળામાં આ દોરડું નાંખી જેમ ગધેડાને ખેંચી જાઓ તેમ કાનજીને પણ તમારે ગામ ખેંચી જજો. હા એક વાત કહેવાની રહી ગઇ. તે એ કે તમે દોરડું ગળામાં નાંખીને ખેંચશો એટલે તમને કદાચ એ લાતો પણ મારશે, બટકું પણ ભરશે અને બાથં-બાથી પણ કરશે માટે જરા

સાવધાન બની એની સાથે કામ લેજો. બૂમરાણ સાંભળ્યા વગર ઘસડીને ઘેર લઈ જશો તો જ પત્તો ખાશે. હવે ચાલો હું તમારી સાથે આવું. બઝારમાં મુંબઈના હલવાની એક નાની પેટી ખરીદી લઈએ, પછી કોર્ટે જઈએ."

રામુ ને માવજીભાઇ બંને રસ્તા ઉપર ચાલ્યા જતા હતા. માવજીભાઇને મન આનન્દ માતો નહોતો. લાંચ રૂશ્વત ખાઇને માતેલા કાનજીભાઈનો ઘાટ આજે જ ઘડાવવાનો હતો. માણસને જીવનમાં એવી પળો બહુ જ થોડી મળે છે કે જ્યારે એ પોતાની ધારેલી ધારણા સફળ કરવા ભાગ્યશાળી થાય અને એમાં પણ પોતાની મહત્ત્વાકાંક્ષા પૂર્ણ થતી હોય તો એનાથી ધન્ય જીવન બીજું કયું હોઈ શકે?

હલવાની પેટી લઇ બંને જણ કચેરીના ખૂણામાં ઊભા રહ્યા. છેટેથી બતાવતાં માવજીભાઈએ કહ્યું "જુઓ, રામુભાઇ! પેલો ખુરશી પર બેઠેલો માણસ એ જ તમારો છોકરો, અહિ ઊભા રહી આ હલવાની પેટી બતાવ્યા કરજો ને ઈશારો કર્યા કરજો. પેટી જોશે એટલે એની મળે એ દોડી આવશે. પાસે આવે એટલે મેં કહ્યા પ્રમાણે ખેંચી જજો."

માવજીભાઈના કહ્યા પ્રમાણે રામુ તો વારવાર પેટી બતાવતો જાય અને ઇશારાઓ કરતો જાય. એ ભોળિયા ગામડિયાને કયાંથી ખબર હોય કે આ યુક્તિના પડદા પાછળ એક અજબ નાટક ભજવાઇ રહ્યું છે. અને પોતે એ નાટકના મુખ્ય નટ તરીકે કામ કરી રહ્યો છે. આ વિચિત્ર દુનિયામાં આવાં કેટલાં નાટક રોજ નહિ ભજવાતાં હોય? ભોળાઓ માટે હવે આ દુનિયા રહી નથી!

કાનજીભાઇને તો લાંચ ખાવાની ટેવ પડી હતી. એનો તો એ ધંધો જ હતો તેથી એની ચકોર નજર કચેરીમાં ફરતા માણસોને ઝડપવાનું કામ જ કરતી હતી. જેવો માણસ તેવો તમાચો! એવામાં ખૂણામાં ઊભેલો રામુ એની નજરથી ઝડપાઇ ગયો. રામુના ઈશારાથી એ સમજી ગયો કે–વાત કાંઈક મુદ્દાની છે. કફનીના ખીસામાં

હાથ નાંખી, હસતા હસતા કાનજીભાઈ રામુની પાસે જઈ ઊભા રહ્યા, કુંભાર તો વાટ જ જોતો હતો. લાગ જોઇ એણે તો દોરડું ગળામાં નાંખી ખેંચવા જ માંડયું. કાનજીને થયું કે આ વળી શી બલા ?

જેની સામે કોઇ નજર પણ ન ઠેરવી શકે. એવા પ્રભાવશાળી અવલ કારકુનને આમ ગધેડાની જેમ દોરડે બાંધી ખેંચાતા જોઇ, કચેરીના માણસો તો વિચારમાં જ પડી ગયા. આ વળી શો રંગ જામ્યો ? લગભગ બધા માણસો, કાનજીભાઈની કુટેવ જાણતા હતા. એટલે બધાને થયું કે બાપડા ! કુંભારની કાંઈ જબરી લાંચ ખાઈને કામ નહિ કરી આપ્યું હોય, એમ લાગે છે. ઠીક છે, શું નાટક ભજવાય છે તે જોયા કરો.

એવામાં એક તમાચો કાનજીના ગાલ પર ખેંચી કાઢતા રામુએ કહ્યું—" ખેંચ-તાણ શેની કરે છે? સીધી રીતે ઘેર ચાલ. તારી મા વાટ જુએ છે. રૂપિયા બસો આપ્યા તે કાંઈ અમસ્તા આપ્યા છે ? તારા માટે તો અમે મહેનત કરી કરીને મરી ગયા, હું તને પ્રેમથી લેવા આવ્યો ત્યારે તું બાથંબાથી કરૈ છે. ગઇ કાલે તો તું ગધેડો હતો. આજે કારકુન થઇ ગયો તેથી શું થયું ? આમ કાંઈ ચશ્મા અને અને ઉજળી કફની પહેરીને ફરવા માટે થોડા જ અમે રૂપિયા ખર્ચ્યા છે. ચાલ સીધો, નહિ તો ડફણાં મારીને હરખો કરી દઇશ ! "

એટલામાં તો માણસોનું મોટું ટોળું ભેગું થઇ ગયું. તમાશાને કાંઈ તેડું થોડું જ હોય છે? કોઇનું ભલું કરવું હોય ત્યાં માણસોને બોલાવી બોલાવીને ગળું બેસી જાય તોય એક ભેગો ન થાય અને કોઇનું બૂરું કરવુ હોય તો માણસોને ધક્કેલીને કાઢો તોય ન જાય—આ રીત માણસોના માનસનું અધઃપતન સૂચવે છે, એમાં કોના બે મત છે!

આસપાસના બધા માણસો ભેગા થઈને બન્નેને છૂટા કર્યા. કુંભારને શાન્ત પાડી, તોફાનનું કારણ પૂછ્યું.

રામુ તો એક નિર્દોષ માણુસ અને એમાં વળી જાતનો કુંભાર ! એને મન તો છુપાવવા જેવું કાંઈ હતું જ નહિ. આથી એણે અથથી

ઈતિ સુધીની બધી વાત કહી સંભળાવી, એની વાત સાંભળી બધા મોંમાં ડૂચો મારીને હસવા લાગ્યા. બધાને કટાક્ષ કરવાનો આ અપૂર્વ અવસર મળ્યો:—

આ તે ગધેડાનો માણસ બન્યો કે માણસનો ગધેડો!

આ જ સમયે ખભા પરનો લાંબો ખેસ હાથથી હવામાં લહેરાવતા લહેરાવતા માવજીભાઇ આવી પહોંચ્યા. એમણે ટોળાને ઉદ્દેશીને કહ્યું—“ ભાઇઓ! આમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી. આ તો એક શિખામણ છે. લોભી માણસ પોતાની માનવતા મૂકીને લોભના પાપમાં પડે છે ત્યારે એ માણસ મટીને ગધેડો કેમ બને છે, તે આમાંથી સમજવાનું છે અને તે પણ એક મનુષ્યના વેષમાં ગધેડો છૂપાએલો હોય છે, આપણામાંના ઘણા એવા માણસો છે કે જે અત્યારે મનુષ્યરૂપે દેખાય છે, પણ અંદર તો પશુ જેવી વૃત્તિવાળા છે. પાશવતા જશે એટલે જ સાચી માનવતા આવશે.”

આ પ્રસંગ કાનજીભાઇ બરાબર સમજી ગયા. પોતે એમની પાસે લાંચ લીધી એનું જ આ પરિણામ છે; છતાં ધાર્યા કરતાં પરિણામ હળવું આવ્યું. માવજીભાઇ ધારત તો એમને નોકરી પરથી છોડાવી શકત અને લીધેલી લાંચ બદલ સળિયા પાછળ પણ મોકલાવી શકત; પણ એ બધું ન કરતાં એમણે તો એક સૂચન જ કર્યું કે પાપનો પરપોટો ફૂટે છે ત્યારે એનો કેવો મોટો ભયંકર ભડાકો થાય છે! માવજીભાઇ ગમે તેવા પણ એક શિક્ષક હતા. ઉત્તમ ને ઉદારચિત્ત હતા, એટલે જ એમણે રામુને ખૂણામાં લઇ જઇ સમજાવ્યો. બસો રૂપિયા અને એમનો ગધેડો પાછો આપી એને રવાના કર્યો.

માવજીભાઇ ઘેર ગયા ત્યારે એમના મુખ પર સંતોષ હતો.
કાનજીભાઇ ઘેર ગયા ત્યારે એમના મુખ પર પશ્ચાત્તાપ હતો;
રામુ ઘેર ગયો ત્યારે એના મુખ પર આશ્ચર્ય હતું,
લોકો ઘેર ગયા ત્યારે એમના મુખ પર સ્મિત હતું.
સૂર્ય ઘેર ગયો ત્યારે એના મુખ પર ચિન્તન હતું.

કોહિનૂર

યોગ્યની કદર અયોગ્ય ન કરે એમાં તો યોગ્યની કદર છે જ; પણ જ્યારે યોગ્ય પણ યોગ્યની કદર ન કરે ત્યારે તો કદર નહિ કરનાર યોગ્ય અયોગ્ય બનતો હોય છે !

યોગ્યને અયોગ્ય બનતો જોઈ કયા સહૃદયીના આંખમાં આંસુ ન આવે ?

નગરાજ હિમાલયની ઘનઘોર તરુઘટાવાળી ખીણમાં નરપાલ ધનપાલે એકદા રજનીવાસ કર્યો.

એ રઢિયાળી રાત્રિમાં નિદ્રાદેવીના હૂંફાળા ખોળામાં શયન કરતાં ધનપાલના મુકુટમાંથી કોહિનૂર હીરો સરી પડયો.

પ્રભાતે ધારા ભણી પ્રયાણ કરતા ધનપાલે કોહિનૂરને ખૂબ શોધ્યો. પણ તે ન મળ્યો તે ન જ મળ્યો. આખરે દુઃખી બનેલા ભૂપતિએ આગેકૂચ કરી ....

સોહામણી સાંજનો સમય હતો. સરિતા મધુર કલરવ કરતા પૂર્વ ભણી ધસી રહી હતી. સૂર્યનો સુવર્ણવર્ણ સન્ધ્યાવર્ણ સાથે સવર્ણ બન્યો હતો, ત્યારે પેલો કોહિનૂર પાંદડાઓમાં છૂપાઇને હળવાં કિરણો ફેંકી રહ્યો હતો!

લાકડાનો ભારો લઈ જતાં કોઈ વનેચર ભીલની દૃષ્ટિને આ કિરણોએ આંજી નાખી! હવે એ હાથમાં ઝાલ્યો શાનો રહે? ભારો ફગાવી, કૂદકો મારી, એ હીરા પાસે દોડી આવ્યો.

હીરાને હાથમાં લેતાં વનેચરને વિચાર આવ્યો—આ તો ખાવા લાયક કોઇ અદૃષ્ટપૂર્વ અપૂર્વ ફળ લાગે છે, એમ જાણી એને મોંમાં મૂકયો, ચૂસ્યો પણ સ્વાદ નહિ, ચગળાવ્યો પણ ગળ્યો નહિ, ચાવ્યો પણ ચવાણો નહિ, દાંતથી ભાંગવા લાગ્યો પણ ભાંગ્યો નહિ. એમ કરતાં ઊલટો એ અભાગીનો દાંત તૂટી ગયો અને વહી લોહીની ધારા. ક્રોધથી ધમધમતો વનેચર, કોહીનૂરને મોઢામાંથી કાઢી. એની સામે ટગર–ટગર ઘણીવાર સુધી જોઇ, બોલી ઉઠયોઃ

"ઓ કઠણ પાણિયા! તું શોભીતો છે, સુંદર છે, ચિત્ર-વિચિત્ર રંગથી ચકચકિત છે, પણ મારે કામનો તો તું નથી જ. તને ચૂસ્યો તો સ્વાદ નથી. ચગળાવ્યો પણ પિગળ્યો નહિ. ચાવ્યો તો ચવાણો નહિ. તોડવા ગયો તો મારો દાંત તૂટી ગયો. માટે તારા જેવા કમ-

નસીબ કઠણુ પાણુાને રાખી શું કરું ? " આમ કહી ક્રોધથી દાંત કચકચાવીને એણે હીરાને દૂર દૂર ફગાવી દીધો.

ફગાવેલો કોહીનૂર એ જ ખીણુની વનઘટામાંથી ઉદ્ભવેલી કાવ્ય-ગંગામાં સ્નાન કરતા કવિના ચરણુકમલમાં આવી પડયો, કવિના ચરણુમાં પડેલો એ કોહિનૂર મન્દ આક્રન્દ કરવા લાગ્યો.

હા! રાજાના મુકુટ ઉપરે, શોભતો હું સદા જ્યાં,
લોકો આવી નમન કરતાં દેખીને મુજને ત્યાં;
રે! રે! આજે અબુદ્ધ–જનનાં હાથમાં હું ચઢયો કયાં?
ગાળો આપી કવિ–ચરણુમાં ફેંકતો તુચ્છતાથી!

હા! કોઈ મોટા ભૂપના હાથે હું ચઢયો હોત તો મૂર્ધન્યના મુકુટમાં શ્રેષ્ઠ બનત. ત્યાં સૌમ્ય કાન્તિ જોઈ લોકો પ્રસન્ન બનત! કોઇ મુગ્ધ મહારાણીએ જોયો હોત તો પોતાના કોમળ કંઠમાં રહેલા નવલખાહારમાં મને શોભાવત! કોઈ પરીક્ષક ઝવેરીએ મને નિરખ્યો હોત તો મખમલની સોહામણી ગાદીવાળી સુવર્ણ–મંજૂષામાં મૂકી મને જોઇ જોઇ ખુશી થાત અને સુખી બનત! પણુ હાય રે! હું તો મળ્યો આ ગમાર વનેચરને! બન્ને નુકશાન! એનો દાંત પડયો અને મારું અપમાન થયું!

હા! બેકદરને કદર કયાંથી હોય? અજ્ઞાનીને જ્ઞાનીઓનાં મૂલ્યાંકન ક્યાંથી સમજાય? દુર્જનને સજ્જનતાનું મહત્ત્વ કયાંથી સમજાય? વિલાસીને વિરાગીની વિશિષ્ટતાઓની મઝા કયાંથી સાંપડે? તેમ અમૂલ્ય ગુણોની કિંમત ઘેલા–ગમારને કયાંથી હોય?

પોતાના ચરણુમાં પડેલા કોહિનૂરનો આ વિલાપ સાંભળી, એ સુજ્ઞ કવિએ આશ્વાસન આપતાં કહ્યું.

" ઓ કોહિનૂર! આમ સમજુને શોકસાગરમાં ડૂબવાનું ન હોય! આ વનચર તારી કિંમત ન સમજે એટલા માત્રથી આખું જગત તારી કિંમત નથી સમજતું એમ માનવાની ભૂલ કરીશ નહિ.

ગમાર વનચરો તારી કિંમત ક્યાંથી સમજે? તું પણ ગમાર પાસે મૂલ્યાંકનની આશા શા માટે રાખે છે? એ તો તારું અહોભાગ્ય છે કે એણે તારો પથ્થરથી ચૂરો નથી કર્યો! ગમારથી બચી ગયો એ જ તારું પરમ ભાગ્ય સમજ. તારી કિંમત તો સમજશે પ્રજ્ઞ ઝવેરીઓ અને વિશ્વના પદાર્થવેત્તાઓ! નિરાશ ન થા! તારા જેવા સાચા કોહીનૂરની મારે મારા મોંઘેરા જીવનમાં જરૂર હતી. તારા વિના મારા અન્ધકારવાળા હૈયામાં પ્રકાશનાં કિરણો કોણ ફેંકે? તારા વિના મારા અમૂલા હૃદયને મહામૂલું કોણ કરે? આમ આશ્વાસન આપી કોહીનૂરને ચુંબન કરતો કવિ

'સાચો હીરો જગતજનને પૂર્વ પુણ્યે મળે છે......'

કિંમતી કડીઓ લલકારતો ક્ષિતિજ ભણી ધીરાં ડગ ભરવા લાગ્યો.

કોહીનૂરનું મૂલ્ય કવિએ કર્યું તો કવિનું મૂલ્ય કોહીનૂરે કર્યું!

## ત્યાગી તમે કે હું?

માનવી, ઓ માનવી! માયા એ જાળ છે. એ દેખાય છે સુંદર પણ છે ભયંકર. એને ગૂંથવી સહેલ છે પણ ઉકેલવી મુશ્કેલ છે. કરોળિયો પોતાની આસપાસ જાળ ગૂંથે છે, પણ પછી એ ઉકેલી શકતો નથી. ગૂંથેલી જાળમાંથી એ જેમ જેમ છૂટવા પ્રયત્ન કરે છે, તેમ તેમ એમાં એ વધારે અને ધારે ફસાતો જાય છે, તેમ તું પણ તારી રચેલી માયાજાળમાં ફસાઇ ન જાય તે માટે સાવધાન!

અનેક મનહર કુસુમલતાઓથી વ્યાપ્ત, વિવિધ પુષ્પોની સૌરભથી મહેકતા, વૃક્ષોની ગાઢ છાયાથી છવાએલા, કોયલના મધુર કલરવથી કૂજિત મધુવનમાં, એક સુંદર આસોપાલવના ઝાડ નીચે એક તરુણવયના તેજસ્વી ત્યાગી સમાધિમાં શોભી રહ્યા છે!

વસન્તની વનરાજીનું અમૃતપાન નયનોને કરાવવા ગૂર્જરેશ્વર પણ મધુવન ભણી વિહાર કરી રહ્યા છે!

આસોપાલવના વૃક્ષ નીચે બેઠેલા તરુણ ત્યાગીને જોઇ, ગૂર્જરેશ્વર આશ્ચર્યચકિત ચિન્તવે છેઃ–

અહો કેવું સૌન્દર્ય! અહા શું રૂપ! અહો આનંદથી ઉભરાતી કેવી ભવ્ય આકૃતિ! આવા નવયૌવનમાં પણ કેવી પૌદ્‌ગલિક પદાર્થો પ્રત્યે ઉપેક્ષા! ધન્ય હો આવા ત્યાગીઓને!

આમ ગર્વિતના ગર્વને ગાળનાર એ ઓજસ્વી ત્યાગીના ત્યાગની છબી ગૂર્જરેશ્વરના માનસ પટ પર મુદ્રાલેખની જેમ કોતરાઈ ગઇ?

આથી ગૂર્જરેશ્વર ત્રણ પ્રદક્ષિણા દઈ, એ યોગીના ચરણોમાં નમસ્કાર કરી પ્રસન્નમુખે સન્મુખ ઉભા રહ્યા.

સમયજ્ઞ મુનિએ, રાજાને પ્રતિબોધ કરવાનો ઉચિત સમય જાણી, તેણે રાજાને નમ્રતાપૂર્વક પુનઃ પુનઃ વન્દન કર્યું!

આ બનાવથી રાજા સાશ્ચર્ય વિચારવા લાગ્યો–"આ શું?"

હું ત્યાગીને નમન કરું તે તો ઉચિત છે, કારણ કે ગૃહસ્થ, સંસારના ભોગોનો ભોગી, પૌદ્‌ગલિક પદાર્થો પ્રત્યે આસક્તિવાળો, મોહપાશમાં જકડાયેલો; પણ આ તો ત્યાગી! સંસારના ભોગોને લાત મારનાર! પૌદ્‌ગલિક પદાર્થોમાં અનાસક્ત! મોહને મહાત કરનાર! ત્યાગી મને નમસ્કાર શા માટે કરે?

બે હાથ જોડી સવિનય રાજાએ પૂછયું:–

"યોગીશ્વર ! આપે મને નમન કર્યું, તે શું ઉચિત છે ?"

એના પ્રશ્નના ઉત્તરમાં મુનિએ પૂછયું, 'રાજન્ ! તમે મને શા માટે નમન કર્યું છે ?'

આ મુંઝાવી નાખનાર પ્રશ્નનો ઉત્તર વિવેકપુરસ્સર આપતાં તેણે કહ્યું:–

"આપ જિતેન્દ્રિય છો, વૈભવ–વિલાસથી વિરક્ત છો, નિરારંભી છો અને ત્યાગી છો, તેથી મેં આપને વન્દન કર્યું."

મધુર સ્મિત–પુષ્પોને વર્ષાવતા મુનિવર બોલ્યા:–

"રાજન્ ! હું ત્યાગી છું, તેથી અધિક ત્યાગી તો તમે છો અને તેથી જ મેં તમને નમન કર્યું."

મુનિના આ ગૂઢ ઉત્તરથી રાજાના હૈયામાં અનન્ત આંદોલનોની શ્રેણિ ગતિમાન થવા લાગી ! હજારોને મહાત કરનાર આ રણબંકો એક ત્યાગી પાસે નાચીજ બની ગયો ! વિદ્વાનોના અણુ–ઉકલેલા કોયડાને ઉકેલનાર રાજા, મુનિના એક પ્રશ્નને ન ઉકેલી શકયો !

વિનીતભાવે રાજાએ પૂછયું:–'સંયમિન્ ! આધિ, વ્યાધિ અને ઉપાધિના ખરાબામાં પડેલો હું તો એક પામર જંતુ છું. રાજ્યની અનેક કાવાદાવાની જંજીરમાં જકડાએલો હું તો એક ભીરુ કેદી છું. મોહની જાળમાં પડેલો હું તો એક અજ્ઞાની મૃગલો છું, હું કઈ રીતે ત્યાગી હોઇ શકું ?"

ગૂર્જરેશ્વરના વિચાર–સાગરને શાન્ત કરવા મુનિવર બોલ્યા:–

"નરપતિ ! અખંડિત સુખને આપનાર દર્શન, જ્ઞાન અને ચારિત્ર આગળ આ દુનિયાનું સુખ શું હિસાબમાં છે ? અલૌકિક આત્મ-રમણતા આગળ આ લૌકિક પદાર્થોની શું કિંમત છે ? સાચા આત્મિક સામ્રાજ્ય આગળ આ તમારા રાજ્યના મૂલ્યાંકન કેટલા થઇ શકે ? કેવળ ત્રણ બદામના ! હવે તમે વિચારો, મેં તો આ અપૂર્વ સામ્રાજ્ય મેળવવા માટે આ નાચીજ ત્રણ બદામની કિમ્મતનું રાજ્ય

છોડયું. એટલે થોડું ત્યજી ઘણું મેલવ્યું, અલ્પ છોડી અનલ્પ મેળવ્યું. આથી હું તો અધૂરો ત્યાગી છું, પણ ખરા ત્યાગી અને સંતોષી તો તમે જ છો ! કારણકે જે કરોડો રૂપિયા આપતાં પણ ન મળે, જે ચક્રવર્તિના વિશાળ સામ્રાજ્ય આપતાં પણ ન મળે; જે અનન્ત સંસારના ચક્રમાં પરિભ્રમણ કરતાં પણ ન મળે, તે દુર્લભ મોક્ષ–સામ્રાજ્યને છોડી તમે ત્રણ બદામનું તુચ્છ રાજ્ય સ્વીકાર્યું છે, તમે તો સાચો હીરો છોડી કાચને સ્વીકાર્યો છે, જ્યારે મે તો કાચને છોડી સાચા હીરાને સ્વીકાર્યો છે. માટે બોલો આપણા બેમાં અધિક ત્યાગી હું કે તમે ? મને તમારો ત્યાગ અધિક લાગે છે, તેથી જ અધિક ત્યાગી એવા તમને મેં નમન કર્યું !"

મુનિના નમનમાં રહેલા ગૂઢ રહસ્યને સમજી, પ્રસન્ન બનેલા ગૂર્જરેશ્વર બે હાથ જોડી કહેવા લાગ્યાઃ–

"સંયમિન્ ! આપે મને સંસારના તુચ્છ પૌદ્‌ગલિક પદાર્થોનું સાચું ભાન કરાવ્યું છે ! મોહમાં મુગ્ધ બનેલા મને આપે સાચો પંથ બતાવ્યો છે, અજ્ઞાન–અટવીમાં અટુલા પરિભ્રમણ કરતાં મને આપે જ્ઞાન–નગરમાં પહોંચાડયો છે, આપનો આ અમોઘ ઉપદેશ અને ઉપકાર હું કદી નહિ ભૂલું.

આપે આપનો માનવભવ સફળ કર્યો છે, અને આપના રૂપ–સૌંદર્ય ને પ્રભાવ સાર્થક કર્યાં છે. ધન્ય છે આપને અને ધન્ય છે આપના સન્માર્ગને !

હે મહા–ભાગ્યશાળી ! આપના ધ્યાનમાં મેં ભંગ પાડયો તેની પુનઃ પુનઃ ક્ષમા યાચું છું."

આમ, એ ત્યાગી યોગીના ઉપદેશ–અમૃતના મીઠડા ઘુંટડાનો આસ્વાદ કરતો ગૂર્જરેશ્વર પોતાના સ્થાન ભણી ગયો !

મુનિ પણ અપ્રતિબદ્ધ–પવનની જેમ ધરાતલ પર વિચરવા લાગ્યા.

# સંગનો રંગ

જેની જાત પોતાના કાબૂમાં નથી એવા તરંગી માણસની મહેરબાની પણ ક્યારે ખફા-મરજીમાં ફેરવાઇ જશે, એ સમજવું બહુ મુશ્કેલ છે, માટે એવા અવ્યવસ્થિત ચિત્તવાળા માણસોથી સદા ચેતતા રહેજો.

ઢગલાબંધ શત્રુઓ વધારવા એ મૂર્ખતાનું લક્ષણ છે, પણ સજ્જનનો ગાઢ પરિચય જતો કરી દુર્જનની મૈત્રી કરવી, એ તેનાથી ક્રોડગણી મૂર્ખતાનું લક્ષણ છે.

સજ્જનનો સ્વાભાવિક મુખ્ય સુગુણ એ છે કે-પાસે આવેલાને પોતાની સુપરિમલથી સુવાસિત બનાવે છે, ત્યારે દુર્જનનો નૈસર્ગિક દુર્ગુણ એ છે કે-પાસે આવેલાને પોતાની દુર્ગન્ધથી દુર્ગન્ધિત બનાવે છે. જેમ કે તમે કસ્તૂરીના વેપારી છો, ભલે તમે કસ્તૂરી શરીરે ન લગાડો પણ એનો સૌજન્યતાભર્યો સ્વભાવ તમને સૌરભથી સુવાસિત બનાવશે જ. આથી વિપરીત કોઇ લસણનો વેપારી છે. વેપારીએ લસણના ખેતરમાં કેશરનું ખાતર નાખ્યું હોય, અંકુરો ફૂટતાં ચંદનનું વિલેપન કર્યું હોય, પાંદડે પાંદડે સુંદર કપૂર વગેરેનું અર્ચન કર્યું હોય, તો એ લસણનો નૈસર્ગિક સ્વભાવ જ એવો છે કે, આટલું આટલું થયે છતે પણ તે ઉગતાંની સાથે જ દુર્ગન્ધનો ફેલાવો કરશે જ-પછી ભલે ને એના માટે ક્રોડો ઉપાય કાં ન કર્યા હોય !

સજ્જન ભલે દુઃખી સ્થિતિમાં હોય, પણ સજ્જન સજ્જનતા જાળવે જ. અને દુર્જન ગમે તેવી સારી સ્થિતિમાં હોય તો પણ એ પોતાની દુર્જનતા દાખવે જ.

તે માટે તમને એક સુંદર નીતિકથા સંભળાવું:

માંડવીમાં ધના ધોબીને ત્યાં એક હૃષ્ટ-પુષ્ટ અલમસ્ત ગધેડો હતો. તેની સામે જ ગોમા ગોવાળના વાડામાં એક દુર્બળ પાતળી ગાય હતી. રોજ સવારે ગાય ગધેડાને ધારી-ધારીને જુએ અને વિચારે કે "આ ગધેડો કેવો બેફીકરો અને અલમસ્ત છે? આ આવું તે શું ખાતો હશે કે રોજ-બ-રોજ આમ વધતો જ જાય છે!"

એવામાં જંગલમાં ચરવા જતાં ગધેડાને અને ગાયને ધીમે ધીમે દોસ્તી થઈ. આમ રોજ ગધેડો અને ગાય જંગલમાં સાથે જ ફરવા જાય અને જુદી જુદી વાતોનાં પોતાની ભાષામાં ગપ્પા મારે.

એક દિવસ લાગ જોઇ લમ્બકર્ણે ગર્દભને ગાયે હસીને પૂછયું. "હે દીર્ઘદન્ત—ભદન્ત—ગર્દભરાજ ! આપનું શરીર તો ઘણું જ સુંદર છે, આપ એવી તે કઈ અમૂલ્ય ચીજ ખાઓ છો કે જેથી આપનું શરીર આ હદે પહોંચ્યું છે ?"

પોતાના શરીરની આવી સુંદર પ્રશંસા સાંભળીને ગર્દભરાજ તો એકદમ ફૂલાયા અને ભૂંકણુ કરી ઉત્તર આપ્યો: "હે ગૌ બહેન ! તને શું કહું ! એક પટેલની એવી સુંદર વાડી છે કે—જેમાં સદા લીલીછમ વનસ્પતિઓ તો હોય જ. અને જુદા જુદા ફળો પણ કદી કદી મળી આવે તે નફામાં. આનો હું સાહસ ખેડી ઉપભોગ કરું છું. તમારે પણ જો તે ખાવું હોય તો ચાલો મારી સાથે." આ વાત સાંભળી ગાયનું મન લલચાયું. પણ ગાયને ખબર ન હતી કે દુર્જનની સોબતથી થતો લાભ, તે વાસ્તવિક રીતે લાભ નથી પણ ગેરલાભ જ છે. તોય લોભથી લોભાઇને ગાયે તે વાડીમાં આવવાની હા પાડી દીધી.......

ગધેડો લાગ જોઇને રાત્રે પોતાની સાથે ગાયને લઇ તે વાડીમાં ગયો. વાડીમાં બન્ને જણુ ચરવા લાગ્યા, ગધેડો તો પોતાના જાતિસ્વભાવ પ્રમાણે જે મળ્યું તે ચાવવા જ માંડયો. થોડીવારમાં તો ફળફૂલ, ભાજીપાલો, જે મળ્યું તે ખાઇને પેટ ભરી તૈયાર થઇ ગયો. પણ ગાય તો પોતાના જાતિસ્વભાવ પ્રમાણે કોમળ તૃણાચ્છાદિત ભૂમિને શોધતી હોવાથી અને ધીમે ધીમે ચરતી હોવાથી હજુ તો તે ભૂખી જ હતી. એવામાં ગર્દભરાજે ગાય પાસે આવીને ધડાકો કર્યો; 'મારું પેટ ભરાઇ ગયું હોવાથી મને ભૂંકણુ કરવાનું મન થયું છે, માટે ચાલો ! હું તો ભૂંકણુ કરું છું.'

ખાવાની મઝા તો હમણાં જ આવી હતી અને એવામાં આ ઓચિંતો ધડાકો સાંભળી ગાય ચમકી અને દીનતાથી ગાય બોલી "અરે ! ભલા ગર્દભરાજ ! હજુ તો મેં બરાબર ઘાસ ચાખ્યું પણ

નથી, ત્યાં તમે ચાલવાની વાત કરો છો. માટે મહેરબાની કરી પા કલાક થોભો કે જેથી હું પણ પેટ ભરીને ખાઇ લઉં."

દુર્જનનો જાતિસ્વભાવ જ એવો હોય છે કે પોતાના પૈસાના લાભની ખાતર બીજાને રૂપિયાનું નુકશાન કરે, તે જ નિયમ પ્રમાણે ગધેડાએ ગાયનો વિચાર કર્યા વગર કહી દીધું: "હું તો ભૂંકણુ કરવાનો જ !" એમ કહી ભૂંકતો ભૂંકતો પૂછડી ઊંચી કરીને ઝાડી ઝાંખરાવાળી જર્જરિત વાડ ઓળંગી નાશી ગયો.

બિચારી દુર્બળ ગાયને તો આ વાડીમાંથી કઇ બાજુ થઇને નાસી જવું તેનું ભાન જ ન હોતું, એમાં વળી રાત્રિ હોવાથી માર્ગ પણ ન સૂઝે, એટલે આમ-તેમ વાડીમાંથી નીકળવાનું દ્વાર શોધવા લાગી.

એવામાં ગર્દભનો કર્ણસ્ફોટ શબ્દ સાંભળી વાડીનો રક્ષક ધોકો લઈ દોડી આવ્યો, પણ ગધેડો તો ક્યારનો ય નાસી છૂટયો હતો, પણ દ્વાર શોધતી ગાય તો ત્યાં જ હતી, એટલે ખીજવાઇને રક્ષકે ધોકા વડે ગાયને ખૂબ ધબકાવી અને વાડામાં બાંધીને ડબામાં પૂરી દીધી.

હવે ગાય વિચારવા લાગી. "મેં આ શું કર્યું ? એક તો આ દુર્જનની સોબતના પ્રતાપે ચોરી કરતાં શીખી, ઉપરથી માર પડયો અને મારો માલિક મારશે તે મફતનું ! ખરેખર ! જેમ મૃગતૃષ્ણિકામાં જળ દેખાય છે પણ વાસ્તવિક રીતે તો ભ્રમ જ છે, તેમ ભલે દુર્જનથી બાહ્ય દૃષ્ટિએ લાભ દેખાય, પણ અભ્યન્તર દૃષ્ટિએ તો તે કેવળ ભ્રમ જ છે !

બીજે દિવસે ગાયના માલિકે ગાયને ડબામાંથી છોડાવીને ખૂબ મારી અને રખડેલની નિશાની તરીકે ગાયના ગાળામાં લાકડાનો ડાંગોરો બાંધ્યો. બીજા દિવસે વનમાં એની સખીઓએ પૂછયું "બેન ! આ ડોકમાં શું છે ?" ત્યારે એણે જણાવ્યું:

**कुसंगसंगदोषेण, साधवो यान्ति विक्रियाम् ।**
**एकरात्रिप्रसङ्गेन, काष्ठघण्टाविडम्बना ॥ १ ॥**

કુસંગ સંગના દોષથી ઉત્તમ પુરુષો પણ વિપત્તિ રૂપ વિક્રિયાને પામે છે. એક રાત્રિના પ્રસંગથી મારે કાષ્ઠઘંટાની વિડમ્બના થઈ !

"દુર્જન સાથે ગોઠડી, પગ પગ હોય કલેશ" આ વાક્યનું આ કાલ્પનિક-વાર્તા સુંદર ભાન કરાવે છે. ગાય ગર્દભની મૈત્રી વડે લાભ મેળવવા ગઈ, પણ લાભ તો ન મળ્યો પણ ઉલટી બદનામ થઇ. પગે પગે કલેશની પરંપરા વધી અને દુર્જનની ગોઠડીથી દુર્જન બની ! પણ ઘણા એમ પણ કહે છે કે-"નાં અમને તો કાંઈ દુર્જનની અસર થતી નથી" પણ તેમને પૂછો કે-સ્વચ્છ, પવિત્ર અને મધુકર એવું પણ જળ શું ગટરના પાણીમાં મળતાં મલિન, અપવિત્ર અને ગંધાતું નથી બનતું ? શું ગંગાનું પવિત્ર અને મિષ્ટ જળ પણ જલધિમાં ભળતાં લૂણપણું નથી પામતું ? પામે જ છે. તેમ દુર્જનની સોબતથી સદાચારને અને સદ્વિચારને અવશ્ય ધક્કો લાગે જ છે. અને લોકાપવાદ પણ થાય છે, માટે પાપભીરુ શિષ્ટ જનોએ દુર્જનનો સંગ સર્વથા ત્યજી, કલ્પતરુની જેમ શીતળ છાયા આપનાર સજ્જન પુરુષોનો સંગ કરવો એ જ હિતાવહ છે.

ચપલા

માનવીને ધર્મથી મળતું સુખ જોઇએ છે પણ ધર્મ કરવો નથી!

અધર્મથી મળતું દુ:ખ જોઇતું નથી પણ અધર્મને છોડવો નથી! આ રીતે જીવન પસાર થાય તો દુઃખ ક્યાંથી ટળે અને સુખ ક્યાંથી મળે?

કોમળ કમલિનીને કલ્પના પણ નહિ હોય કે, સૂર્યનો અસ્ત થતાં સૌમ્ય ગણાતા ચન્દ્ર તરફથી વિપત્તિઓની ઝડીઓ ઓચિંતી જ એના પર વર્ષી જશે ! ધન-કુબેર ધર્મચંદને પણ કલ્પના નહોતી કે પુણ્ય ખલાસ થતાં, સંપત્તિનો સૂર્ય ઓચિંતો જ અસ્ત થઇ જશે અને જીવન અન્ધકારમાં ફેંકાઇ જશે.

અમાવાસ્યાની કાળરાત્રિ ચારે બાજુ કાજળ વર્ષાવી રહી હતી, નિર્જન વાતાવરણમાં નિતાન્ત નીરવતા છવાએલી હતી. તેવા સમયે હવેલીના સાતમે માળે, સુંદર રીતે શણગારેલા ઓરડામાં, રેશમી રૂથી ભરેલા ગલીપચી કરે એવા ગાલીચા પર ઓશિકાના ટેકે પોતાની ગૌરવર્ણી દેહને ટેકવી, ધર્મચંદ કાંઇક વિચાર કરી રહ્યા હતા.

શ્રીમન્તોને વળી વિચાર આવે ખરો ? હા. કોનો ગરીબોનો ? ના. અનાથ વિધવાઓનો ? ના. ભૂખ્યાં ભડુઓનો ? ના. સમાજનો ? ના. તો પછી કોનો વિચાર આવે ? એમનો વિચાર તો એક જ હોય–પોતાની સંપત્તિના હિમાલયને વૃદ્ધિ પમાડવાનો ! હજારના લાખ, લાખના ક્રોડ, ક્રોડના અબજ અને અબજના.......પછી ન્યાય શું કે અન્યાય શું ? ધર્મ શું કે અધર્મ શું ? પાપ શું કે પુણ્ય શું ? સત્ય શું કે અસત્ય શું ? ગમે તે રીતે પણ દ્રવ્યોપાર્જન કરો !

જાણે વિજળીનો ચમકારો થયો અને ધર્મચંદ વિચારમાંથી ઝબકી ઊઠયો. આવા કાજળ ધોળ્યા અન્ધકારમાં પણ પ્રકાશ પાથરતું પૂર્ણિમા જેવું ગોળ મુખ, કમળની વિકસેલી પાંખડીઓ જેવી આંખો, સરલ છતાં તરલ કીકીઓ, વિશાલ કેશ-કલાપ, મૃણાલના દંડ જેવી ભુજાઓ અને શુભ વસ્ત્રમાં વિંટળાયેલી સૌભાગ્ય ઝરતી દેહલતા, આવું એક યુવતીનું અદ્‌ભુત લાવણ્ય જોઇ, ધર્મચંદ તો ચકિત જ થઇ ગયો. જીવનમાં કદી નહિ જોએલ અને નહિ કલ્પેલ આ દૃશ્યની

ઉપમા કોની સાથે ઘટાવવી એ જ એક વિકટ પ્રશ્ન થઇ-પડયો. એક મૃદુ હાસ્ય–કિરણ વેરતી એ બાળા બોલી–“શેઠ! ગભરાશો નહિ. હું તમારા જ ઘરની રખેવાળ- લક્ષ્મી છું. આજે સાત સાત પેઢી થઇ હું તમારે ત્યાં દાસીની જેમ રહી છું. તમે ધનવાન કહેવાયા, યશ-વાન બન્યા, દેશદેશમાં પંકાયા, તમારી ઉજ્જવળ કીર્તિ ચારે દિશાં-એોમાં પ્રસરી, શેઠ તરીકે વિખ્યાત બન્યા આ બધો પ્રતાપ તમે મારો માન્યો ત્યાં જ તમે ભૂલ્યા!”

શેઠ હાથ જોડી, પગે પડી, કહેવા લાગ્યા—“અરે માતાજી! તમે આ શું વદ્યાં? આ બધો તમારો પ્રતાપ ન માનું તો કોનો મારો માનું? આ બધું તમારી જ પરમ કૃપાથી છે, એમ જાણીને તો હું આપની પૂજા કરું છું, આપની આરતી ઉતારું છું અને શુક્ર-વારના દિવસે તો તમારા નામની અખંડ માળા ગણું છું, જાપ જપું છું.”

“શેઠ! તમે ભૂલો છો. આ પ્રતાપ મારો નથી પણ મારા નાના ભાઇ–પુણ્યનો છે. પુણ્યના પ્રબલ પ્રતાપે જ માનવી ભવ્ય ભાગ્ય-રેખાવાળો બને છે. વિશ્વમાં વિજયવંતો નિવડે છે; પણ અફસોસ કે માનવી એ જ પુણ્યને ઠોકર મારે છે–ધિક્કારે છે. તમે પણ એ જ માર્ગે જાઓ છો. કોઇ ગરીબ તમારે આંગણે આવે ત્યારે તમે એને ગાળોથી વધાવો છો! કોઇ સુંદર કાર્યનું ફંડ કરવાનું હોય તો તમે એને તોડી પાડવાની વાત કરો છો. કોઇ જ્ઞાતિ ભાઈ મદદ માટે આવે તો ક્રોધથી ભભૂકી ઉઠો છો, અને એને ધૂતકારી કાઢો છો. હા. કોઈ નામના થતી હોય તો તમે પૈસાનો ધૂમાડો કરો ખરા! આમ અનેક રીતે મારા નાના ભાઈનું અપમાન થતું હોય ત્યાં મારાથી કેમ રહેવાય? લો, હવે હું રજા લઉં છું. હવે માત્ર સાત દિવસની હું તમારે ત્યાં મહેમાન છું. મારું સ્થાયી રહેઠાણ ત્યાં જ છે જયાં મારો ભાઈ પુણ્ય રહે છે. લો. આવજો!” લક્ષ્મી અદૃશ્ય થઈ ગઇ.

શેઠે જરા કટાક્ષ કરતાં કહ્યું–" હવે મારે આપનું કાંઈ કામ નથી. આપ ખુશીથી સિધાવો. મારે હવે વ્યાપાર, ધંધો કે નોકરી કરવી નથી. તમારી ખુશામત કરવી નથી. તમારી ચપલતાથી તો વિષ્ણુ પણ કંટાળ્યા ? હું તો શું હિસાબમાં ! "

હાસ્યનાં મોતી વેરતી, લક્ષ્મી કહેવા લાગી–" શેઠ ! હું ચપલા ખરી પણ મારો ભાઇ પુણ્ય જ્યાં વસે છે ત્યાં હું અચલા બની જાઉં છું. તમે વિશ્વાસ રાખો. હવે તમારે નોકરી કે વ્યાપાર કાંઇ નહિ કરવું પડે. માત્ર આટલું કામ કરજો. આવતી કાલે તમારે ત્યાં એક બાવો આવશે, એને માનપૂર્વક જમાડવા બેસાડજો. પડોશીના ઘરની સ્ત્રીને હાથે એને પીરસાવજો. અને અર્ધું ખાઈ રહે એટલે એના બરડામાં બે ધોકાં મારજો, એટલે એ સુવર્ણપુરુષ થઇ જશે. પછી એ સુવર્ણપુરુષના ધડ સિવાય હાથ–પગ કાપીને રોજ વેચી નાખવા. આથી તમે થોડા જ દિવસમાં મહાન્ ધનિક બની જશો. "

શેઠે કહ્યું " આ ઠીક ધંધો બતાવ્યો. બાપડા ! કોઈ બાવાની કેડ તોડી નાખું એટલે પેલાની કેડ તૂટે ને મને સરકાર સળિયા પાછળ ધકેલે. ટાઢા પાણીએ ખસ કાઢવાનો માર્ગ બહુ સારો છે ! મારો ઘાટ ઠીક ઘડાય ! "

" મારા પર વિશ્વાસ રાખો. 'અમોઘં દેવદર્શનં તેમ અમોઘં દેવવચનં.' દેવનું વચન અચલ હોય. હું મોકલનાર છું તે માનવી નથી પણ માયાનું રૂપાન્તર છે. તમને જરા પણ વાંધો નહિ આવે." આટલું કહી લક્ષ્મી અદ્દશ્ય થઈ ગઈ.

દેવીના કહ્યા પ્રમાણે બીજે દિવસે કરવા માંડ્યું. બાવો આવીને હાજર થયો. શેઠ પોતાની પડોશમાં રહેતા હજામની સ્ત્રીને પીરસવા લઇ આવ્યા. અર્ધું જમી રહ્યો એટલે બે ધોકાં લગાવતાં બાવો સુવર્ણ પુરુષમાં ફેરવાઇ ગયો !

આ અદ્ભૂત બનાવ પીરસવા આવેલી વાળંદની સ્ત્રી બરાબર જોઇ ગઇ. એણીના આશ્ચર્યનો પાર ન રહ્યો. એ ઘેર જઇ હજામ આગળ ફરિયાદ કરવા લાગી–" તમારામાં તે કાંઇ અક્કલ છે! આખો દા'ડો લોકોનાં માથાં મુંડીને, દાઢી છોલીને, ટપટપ કરીને અને માથાંકૂટ કરીને માંડ માંડ બે રૂપિયા લાવો છો. પેલા આપણી બાજુવાળા શેઠે તો એક ખાખી બાવાને જમવા નોતર્યો. બે ધોકા માર્યા એટલે એ સોનાનો માણસ થઇ ગયો. હવે એ થોડા જ દહાડામાં પૈસાદાર થઇ જવાનો. તમે પણ એવું કાંક કરો તો કેવું મઝાનું!"

"અક્કલ મારામાં નથી કે તારામાં? એમ કાંઈ ધોકો માર્યે કાંઇ સોનાનાં માણસ થતાં હશે? તું તો ગાંડી છે ગાંડી." એણે કહ્યું.

ગળે હાથ મૂકતાં એ કહેવા લાગીઃ–"તમારા સમ! મેં નજરો-નજર જોયું છે. શેઠાણી મને જમવાનું લાવી આપતી ને હું બાવાને પીરસતી હતી એટલામાં શેઠે બે ધોકા માર્યા ને સોનાનો માણસ થઇ ગયો. હું માનું છું કે એણે નોકારમંત્ર ભણ્યો હતો."


હજામભાઇને અક્કલ ધણીને! એટલે એમને પાનું ચડતાં કેટલી વાર? જરા ફૂલાઇને બોલ્યો–" હા, હવે સમજાયું. નોકારમંત્ર બોલીને ધોકા માર્યા લાગે છે. આપણે પણ તેમ કરો." બીજે દિવસે પ્રભાતના સમયમાં જ કોથળી ખીંટીએ ટાંગી, એ બાવાની શોધમાં નીકળી પડયો. કમનસીબે કોઇ કર્મ ફૂટેલો બાવો એને મળી ગયો. " બાવાજી! મારે ત્યાં કૃપા કરી ભોજન કરવા પધારશો?" એણે પૂછ્યું.

" કેમ નહિ! સો કામ મૂકી ભોજનનો સ્વીકાર કરવો જોઇએ." એણે ઉત્તર વાળ્યો. ઘેર લાવી બાવાજીને ભોજન કરવા બેસાડયા. રસ-વતી એવી બનેલી કે બાવાજી તો નીચું જોઇને માલ દાબવા જ મંડયા. ઊંચુ જુએ તો તમારા સમ!

હજામે ધીરે રહી, પાછળ જઇ, જોર કરી, એક ધોકો એના બરડામાં લગાવી દીધો. બીજો મારવા ગયો ત્યાં તો " ઓ! બાપરે!

મરી ગયો ! ! !" ચીસ પડી અને લોકોનું મોટું ટોળું ભેગું થયું. આ વાતની ખબર પડતાં હવાલદાર ને જમાદાર હાજર થયા, બાવાને દવાખાનામાં મોકલ્યો ને હજામને સળિયા પાછળ ધકેલ્યો.

કોર્ટમાં જુબાની લેવાઇ. એણે કહ્યુ 'શેઠે કર્યું તેમ મેં કર્યું.' આ સાંભળી લોકની ગમ્મતનો પાર ન રહ્યો. **અનુકરણ એ મરણ એ આ હજામને ક્યાંથી સમજાય?** એક મહિના સુધી કેસ ચાલ્યો. શિક્ષા થઈ. એક વર્ષની સખત કેદની સજા!



# આ તે આજ્ઞા કે અવજ્ઞા ?

ઘણા માણસો પોતામાં અતિ આવડત છે એમ બતાવવા જતાં પોતાની અનાવડતનું પ્રદર્શન ભરી બેસે છે છતાં આશ્ચર્ય તો ત્યારે થાય છે કે જ્યારે એ પોતાની અનાવડતનું પ્રદર્શન ભરતા હોય ત્યારે પણ મનમાં તો પોતાની કુશળતાનુ ગૌરવ અનુભવતા હોય છે !

મુક્તિમાર્ગના મુમુક્ષુ મુસાફરે પોતાના મનોમન્દિરમાં આ વાત સદા કોતરી રાખવી જોઈએ કે, સ્વ-અભિનિવેશથી અગર અલ્પબુદ્ધિથી ભગવંત મહાવીરદેવની સુંદર આજ્ઞાનો વિપરીત અર્થ તો ન જ થવો જોઈએ. જો તેમની આજ્ઞાનો મર્મ તમારાથી ન સમજાય તો ગીતાર્થનું શરણુ સ્વીકારો અગર **मौनं सर्वार्थसाधनम्** એ સૂત્ર સ્વીકારો; પણ મતિકલ્પના પ્રમાણે તો કોઇ કાળે વિપરીત આચરણ ન જ કરવું. "**आणाए धम्मो**" એ વાક્ય સત્ય છે પણ એનો અર્થ જો બરાબર ધ્યાનમાં ન આવે તો જેમ આ વાર્તાનો નાયક વલભો આજ્ઞાને શિરોવંધ ગણનાર છતાં આજ્ઞાનું તાત્પર્ય બરાબર ન સમજવાથી ઉપહાસ્યને પાત્ર બન્યો, તેમ પ્રભુ મહાવીરની આજ્ઞાનું ઐદંપર્ય નહિ સમજનાર માનવ પણ ઉપહાસ્યને પાત્ર બને અને આરાધકને બદલે વિરાધક બને. આ સિદ્ધાન્તને સમજાવવા આપણા લોકસાહિત્યમાં એક રમૂજભર્યું સુંદર દૃષ્ટાન્ત છે.

ભાણુપુરમાં રહેતો પેલો વલભો પણ **यथा नाम तथा गुणाः**-વાળા વાક્યને સત્ય પાડે તેવો જ હતો. આવા વલભાઓ દરેક ગામમાં શોધ કરતાં એક-બે મળી આવે છે, પણ તેઓને ઓળખવાનાં ખાસ ચિહ્નો ધ્યાનમાં રાખવા જોઇએ.

ભેંસના ભાઈ જેવું કે પડઘમ જેવું માથું, મોટી મોટી કોડા જેવી આંખો, ભુંડ જેવું નાક, ચોબા જેવું પેટ અને અલમસ્ત શરીર એ આપણા વલભાના શરીરની ખાસ ખાસીયત હતી. ભાઇસાહેબે પોતાના ફળદ્રુપ અજબ ભેજાવડે તો ગામમાં પ્રખ્યાતિ મેળવી હતી ! પોતાની બુદ્ધિ સાથે બારમા ચન્દ્રમાનો ઘણો સારો મેળ હતો ! ઉઘાડો ઓટલો અને ફરતા રોટલાની માંગણી કરી, નસીબમાં એ લખાવી લાવ્યો હતો.

તે જ ગામમાં ધીરુભાઇ પટેલને ખેતરના કામકાજ માટે એક નોકરની જરૂર છે—આ વાત ગામમાં ફેલાતાં આ વલભાને વિચાર આવ્યો " ધીરુભાઇને નોકરની જરૂર છે અને મારે નોકરીની જરૂર છે, માટે ચાલ. તપાસ કરી જોઉં ! "

વલભો વિચારને અમલમાં મૂકવા તુરત ધીરુભાઇના ઘર તરફ ચાલ્યો. બારણા આગળ ઊભા રહીને વલભાએ હાક મારી " ધીરુભાઈ પટેલ ઘરમાં છે કે ? "

બારણાં આગળ આવતાં પટેલે ઉત્તર આપ્યો—" કેમ ભાઈ વલભા ! ઘણે દહાડે આવવું થયું ? "

" મેં સાંભળ્યું છે કે, તમારે નોકરની જરૂર છે અને મારે નોકરી રહેવું છે, તો રાખશો કે ? " વલભાએ ભોળાભાવે બધું કહી નાખ્યું.

પટેલ જાણતા હતા કે વલભો અક્કલનો ઓથમીર છે, મંગાવશું મરચાં તો લાવશે કોથમીર; પણ પટેલને નોકરની તુરત જરૂર હતી એટલે વિચાર્યું કે, રોટલાના ટૂકડાથી કાંઇ વલભો જાય તેવો ન હતો.

ધીરૂભાઇએ કહ્યું " જો વલભા ! પગારમાં ચોપડેલો રોટલો અને ઉપરથી મહિને ત્રણ રૂપિયા આપીશું. પણ યાદ રાખવાનું કે— " હું કરું તેમ કરવું અને હું કહું તેમ કહેવું. "

અક્કલના દુશ્મન વલભાએ આ શબ્દોની ગાંઠ વાળી, અને કહ્યું; " પટેલ ! તમે કરશો તેમ કરીશ અને કહેશો તેમ કહીશ. "

બીજે દિવસે પટેલ માથા ઉપર બીજનું પોટકું લઇ, વલભાને માથે ઠંડા પાણીનો ઘડો ઉપડાવી ખેતર ભણી ચાલ્યા. બે માઇલ દૂર ગયા પછી પટેલને થાક લાગતાં બીજનું પોટકું જમીન ઉપર ફેંકી, ઝાડ નીચે થાક ખાવા બેઠા. આ બનાવ જોઈ વલભાએ વિચાર્યું કે 'પટેલ કરે તેમ કરવું !' એટલે માથા ઉપરનો પાણીથી ભરેલો ઘડો

પોટકાની જેમ જમીન પર ફેંકી એ પણ ઝાડ નીચે થાક ખાવા બેસી ગયો. ઘડો ફૂટી જતાં પટેલ ખીજાઇને બરાડી ઉઠ્યા "મૂર્ખ ! આ શું કર્યું ?" આ વાક્ય સાંભળીને વલ્લભાને બીજું વાક્ય યાદ આવ્યું: "પટેલ કહે તેમ કહેવું" એટલે જવાબમાં વલ્લભાએ પણ તેમજ કહ્યું "મૂર્ખ! આ શું કર્યું ?" આથી ખીજાઇને પટેલે મારવા માટે એક ઢેફું ઉપાડયું. એટલે વલ્લભાએ પણ સામું ઢેફું ઉપાડયું. નોકરને પોતાની જ સામે ઢેફું મારતો જોઇ પટેલનું મગજ ગયું અને ઉપાડીને એક તમાચો વલ્લભાને ચોડી દીધો.

વલ્લભાએ પણ જમા આવેલો તમાચો ઉધાર રાખ્યા વગર પટેલને એક તમાચો એવો ચોડયો કે પટેલના હોશ-કોસ ઊડી ગયા !

આ તમાચાના મારથી ગભરાઇને પટેલ એક ઝાડ ઉપર ચઢી ગયા, વલ્લભો પણ તે પટેલની પાછળ વાંદરાની જેમ ફલાંગ મારી ઝાડ ઉપર ચડી ગયો. પટેલ આથી વધુ ગભરાયા ! પટેલને લાગ્યું કે વલ્લભો ગાંડો બની ગયો છે ! આથી પટેલ તો ઝાડ ઉપરથી કુદકો મારી મુઠ્ઠીઓ વાળી ઘર ભણી દોડયા. આથી બુદ્ધિનો રાજા વલ્લભો પણ પટેલની પાછળ ઝાડ ઉપરથી કૂદકો મારી મુઠ્ઠીઓ વાળી દોડવા લાગ્યો, આગળ પટેલ અને પાછળ વલ્લભો, જાય બજારે દોડયા.

આ રમૂજ બનાવથી લોકો તો આભા જ બની ગયા !

એટલામાં પટેલનું ઘર આવ્યું. ધ્રુજતા પટેલ ઘરના ખૂણામાં ભરાઈ ગયા, વલ્લભાએ પણ તેમજ કર્યું તે પટેલની સામેના જ ખૂણે સંતાઈને બેસી ગયો. પટેલ ભયના માર્યા ઘૂરકી-ઘૂરકીને વલ્લભાની સામે જુએ, અને વલ્લભો અજ્ઞાનતાને લીધે ધારી-ધારીને પટેલની સામે જુએ !

થોડી વારમાં તો ગામમાં ખબર પડતાં માણસોનાં ટોળાથી પટેલનું ઘર ઉભરાઇ ગયું. લોકો વલ્લભાને પૂછવા લાગ્યા; "વલ્લભા ! આ શું નાટક માંડયું !"

પોતાના ફલદ્રુપ ભેજામાંથી જાણે બુદ્ધિનો ફણગો જ ન ફૂટતો હોય એમ વલભાએ ઉત્તર આપ્યો:-મારે અને પટેલને કરાર થયેલો છે કે-'પટેલ કરે તેમ કરવું અને પટેલ કહે તેમ કહેવું' આમાં તમારે વચમાં પડવાની જરૂર નથી !

આ વાત સાંભળીને વલભાના ફળદ્રુપ ભેજાની પ્રશંસા કરતા લોકો વિખરાવા લાગ્યા. વાહ રે વફાદાર નોકર ! અને વાહ રે બુદ્ધિનો ચમત્કાર ! આને આજ્ઞા કહેવાય કે અવજ્ઞા ?

આ ઉપરથી કથાનો ઉપનય વાંચકે વિવેકપૂર્વક વિચારવા જેવો છે. 'કરે તેમ કરવું અને કહે તેમ કહેવું' આટલી આજ્ઞાના રહસ્યને નહિ સમજતાં જેમ કથાના નાયકે આજ્ઞાના બહાને અવજ્ઞા કરી મહા-અનર્થ ઉત્પન્ન કર્યો, તેમ આપણે આજ્ઞાના રહસ્યને સમજ્યા વિના, માત્ર શબ્દોને જ વળગીને શાસન અને સમાજમાં ઉત્પાત તો નથી મચાવતા ને ! અને એ રીતે આપણે અમુક પ્રસંગે આજ્ઞાને બદલે અવજ્ઞા તો નથી કરતા ને !



# બુદ્ધિહીન નાયક

નેતાની પસંદગીમાં માણસે અતિ સાવધાન રહેવું જોઇએ. જેનો નેતા બુદ્ધિહીન, શક્તિહીન અને ચારિત્રહીન તે પ્રજા અજ્ઞ, નિર્બળ અને અસંયમી જ થાય ને?

સુઘોષ નામના ગામમાં રહેતા સર્વપશુ નામના તાપસના પરાક્રમો કોણે નથી સાંભળ્યાં? અને સાંભળ્યાં પછી એવો કયો ગંભીર માનવ હશે કે જે એના પરાક્રમો પર ન હસ્યો હોય? હું માનું છું કે તમે એના પરાક્રમો નથી સાંભળ્યાં, એટલે જ તમે ગંભીર જણાઓ છો. લો ત્યારે તમને એનું એક કથાકોષમાંનું પરાક્રમ વર્ણવી બતાવું.

સર્વપશુ તાપસને એક સુંદર બગીચો છે. અનેક ફળોથી સુશોભિત ઘટાદાર વૃક્ષો, પુલકિત પુષ્પોથી લચી પડતી વેલડીઓ અને નયનને ચિર શાન્તિ અર્પતી નવપલ્લવિત કુંપળીઓ—આ મનોહર બગીચાની શોભામાં અભિવૃદ્ધિ કરે છે!

હમણા જ પડું પડું થતી ફદફદતી ફાંદવાળો સર્વપશુ આ બગીચાનું રક્ષણ સાવધાનપણે કરે છે. જીવથી પણ વ્હાલી એવી આ વાડીનું જતન કરતાં, એક પ્રભાતે વાડીના કયારાઓમાં કેટલાક ગાયના પગલાં, એને ધૂળમાં દેખાય છે. પગલાં જોતાં જ કુપિત થએલો સર્વપશુ વિચારતરંગોમાં તણાય છેઃ—આ ગાય કોની હશે? કયારે આવતી હશે? કયાંથી આવતી હશે? બગીચામાં પેસવાનું બારણું તો સદા બંધ જ રહે છે, છતાં આ અંદર કેવી રીતે આવી હશે? ગમે તેમ હો પણ આ ગાયની ખબર લેવી પડશે—હાડકાં ખોખરાં કરવાં પડશે!"

કોક જ એવો વિરલ ભ૦ મહાવીર જેવો સંત હશે કે જે પોતાનું બુરૂં કરનારને પણ અમીભરી દૃષ્ટિથી નિહાળતો હશે! જગતમાં કહેવાતા પામર સંતો તો નજીવી બાબતથી પણ ક્રોધના મહાસાગરમાં ડૂબી જાય છે—મરણને શરણ થાય છે!

બીજે દિવસે કાજળ ઘોળી રાત્રિમાં, હાથમાં એક લાકડી લઇ, સાવધાનપણે બગીચાના એક ખૂણામાં બેઠેલ તાપસની કોડા જેવી આંખો અંધકારમાંય વિજળીની જેમ ચમકે છે.

માઝમ રાતે આકાશમાંથી એક ગાય ઉતરીને, ધીર-ગંભીર ગતિએ, બગીચામાં ચરવા લાગે છે. આ દશ્ય જોઇ, ચકિત બનેલો તાપસ એકદમ દોડીને ગાયનું પૂછડું જોરથી પકડી લે છે, પૂછડું પકડતાં જ ગાય ગગનમાર્ગે પક્ષીની જેમ ઊડવા માંડે છે. ગાયના પૂછડા પર લટકતો તાપસ, ઉપર ગાયની લાતથી ગભરાય છે, અને નીચે પૃથ્વીના ઊંડાણુને જોઇ આંખ મીચે છે. ન રહ્યો આકાશનો કે ન રહ્યો પાતાળનો ? જાણે ત્રિશંકુ !

થોડી જ વારમાં ગાય કોઇ એક સ્વર્ગીય ઉપવનમાં જઇ થંભે છે. ગાયનું પૂછડું છોડી ચારે તરફ દષ્ટિ ફેરવી, ત્યારે જ એને જણાય છે કે, ભવ્ય મહેલાતોથી સુશોભિત આ તો સ્વર્ગનો જ એક વિભાગ છે.

અહિ મહામૂલા રત્નોથી જડેલા પગથિયાંવાળી વાવડી પોતાના નિર્મળ જળરૂપ સ્વચ્છ દાંતમાંથી હાસ્ય કિરણના રૂપેરી ટુકડા પાથરી રહી છે. આ વાવડીમાં વિકસતી કમલિનીઓ, સૂર્યના પુરોગામી અરુણના રકતવર્ણી મુખડાને નિરખવા વારંવાર ઊંચી નીચી થઇ રહી છે. સૂર્ય પણ પોતાની વિરહિણી કમલિનીઓના મધુર સ્મિતનું પાન કરવા અરુણની પાછળ ધસમસતો મારતે ઘોડે આવી રહ્યો છે— આ અનિર્વચનીય દશ્યમાં મગ્ન બનેલા તાપસના કાનમાં નવીન શબ્દોનો પડઘો પડે છે—

'તાપસ ! આમ મુગ્ધ કેમ બની ગયો છે ? જો હું કામધેનુ છું, મારા જ આ ઊંચાં મંદિરો છે. તારા નયનને ચકિત બનાવી દેતી આ રત્નજડિત પગથિયાંવાળી વાવડી પણ મારી જ છે, અને આ ફલ, ફૂલ ને વેલડીઓથી વિંટળાએલ ઘનઘોર ઘટાદાર તરુવરોથી શોભતું ઉપવન પણ મારું છે. છતાં મારા જાતિ સ્વભાવ પ્રમાણે મારું આ સુંદર ઉપવન મૂકીને પારકા બગીચામાં ચોરીથી ચરવા જાઉં છું. જેમ કપૂરનું ખાતર નાખો,

સૌરભવાળા જળનું સિંચન કરો, અને પાનડે પાનડે કસ્તૂરી અને ચંદનનું વિલેપન કરો તોય ડુંગળીનો જાતિસ્વભાવ-દુર્ગન્ધ જતી નથી, તેમ મારો પણ પારકા ખેતરમાં ચોરીથી મોઢું નાંખી આવવાનો જાતિસ્વભાવ જતો નથી !"

તાપસ વચ્ચે જ બોલે છે—"તારો જેમ પારકા બગીચામાં મોં નાંખવાનો સ્વભાવ છે તેમ મારો કોઇપણ ચોરીથી ખાઇ જનારનાં હાડકાં ખોખરાં કરવાનો સ્વભાવ છે, તેનું શું ?"

કામધેનુ નમ્ર રીતે વદે છે—"પ્રશ્ન ઠીક છે. પણ ઉત્તર રસિક છે. જો, તું મારે ત્યાંથી સિંહકેશરીઆ લાડવા ખાઇ જજે અને હું તારા બગીચામાં મારી ઇચ્છા પ્રમાણે ચરી જઇશ. આ વિનિમય ઠીક પડશે." એમ કહી કામધેનુ સિંહકેશરીઆ એની આગળ ધરે છે.

લાડવા ખાઇ ખુશ બનેલો સર્વપશુ આ વાત મંજૂર રાખે છે. તાપસ તે દિવસ સ્વર્ગમાં વ્યતીત કરી બીજી રાત્રિએ કામધેનુનું પૂછડું પકડી પૃથ્વીપટ પર આવી, મઠ ભેગો થાય છે! રસના ઇન્દ્રિયના સ્વાદથી ઉદ્‌ભવ થતો આનન્દ ક્ષણિક છે, પણ એનું પરિણામ દીર્ઘ હાનિકારક છે. તલવાર કરતાં રસના ઇન્દ્રિયે માનવોના ઘણા ભોગ લીધા છે. અન્ય ઇન્દ્રિયો કરતાં સ્વાદ ઇન્દ્રિયનું બંડ અતિ ભયંકર છે. રસના પર વિજય મેળવનાર જ બીજી ઇન્દ્રિયો પર વિજય મેળવી શકે છે—આ વાત આ પામર સર્વપશુ તાપસને ક્યાંથી સમજાય ? અને તેથી જ તાપસ અને કામધેનુનો લાડવાના ભોજન માટેનો ગમન-આગમનનો રિવાજ રોજનો થઇ પડે છે.

એક દિવસ તાપસને એક વિચાર ઉદ્‌ભવે છે—"સિંહકેશરીઆ કેવા મઝાના છે! શું એની લહેજત ! આવા અપૂર્વ મોદકો હું એકલો ખાઉં અને શિષ્યો વંચિત રહી જાય, એ કેમ બને ? લાડવા ચેલાઓ ખાશે તો મારા ગુણ ગાશે અને કહેશે કે વાહ રે ગુરુજી !"

*બીજા દિવસે,* આ પ્રશ્નનો ઉકેલ લાવવા માટે, ગાયની આગળ

આ પ્રશ્નની રજુઆત કરે છે. અને કહે છે કે "જો તમારી આજ્ઞા હોય તો મારા પરિવારને આપના લાડવાના મહેમાન બનાવું."

કામધેનૂ, તાપસનું અપમાન ન કરવા માટે અને જોડેલી મૈત્રી નિભાવવા માટે, હા પાડે છે. ખરેખર, ઉત્તમ આત્માઓનો હૃદયસાગર દાક્ષિણ્યાદિ ગુણરત્નોથી ઊભરાતો હોય છે !

કામધેનૂની 'હા,' સાંભળતાં જ તાપસનું ફળદ્રૂપ ભેજું ગગનનગર ભણી જવાની યુક્તિ શોધી કાઢે છે. રાત્રે બધા ચેલાઓને ભેગા કરી એ જણાવે છે—"જુઓ, તમારે આજે રાત્રે કામધેનૂના મહેમાન બનવાનું છે. ભોજનમાં દેવતાઈ સિંહકેશરીઆ લાડવા પીરસાશે, માટે તૈયાર થઇ જાઓ."

શિષ્યોને ગુરુની આ કઢંગી વાત મગજમાં ન ઉતરતાં, એક સાહજિક પ્રશ્ન શિષ્યોથી પૂછાઈ જાય છે—'આપણે આકાશમાં કેવી રીતે જઇશું, પાંખો તો નથી કે જેથી ઊડી શકીએ ?"

પણ ત્યાં તો તપેલો તાપસ ગર્જી ઉઠે છે—"તમારે તે વાતની ચિંતા કરવાની ન હોય, ગુરુ હું છું-નહિ કે તમે ! તમારે તો મારી આજ્ઞા જ શિરોવન્દ્ય કરવાની હોય. ગુરુ આજ્ઞામાં તર્કને સ્થાન નથી. જુઓ, આ કામધેનૂ આવી રહી છે. હું એનું પૂછડું પકડીને લટકીશ. તમે મારા પગ મજબૂત રીતે પકડીને, મારા પગે લટકજો. તમારા શિષ્યો તમારા પગે લટકશે—એમ સાંકળની જેમ હારમાળામાં ગોઠવાઈ જઇશું. પછી ગાય આકાશમાં ઊડશે એટલે આપણે પણ એના પૂંછડાના આધારે ગગનનગરમાં પહોંચી જઇશું અને સિંહકેશરીઆનો આસ્વાદ કરીશું સમજ્યા ને ?" આટલું બોલતાં તો તાપસના મોંમાં પાણી છૂટવા લાગે છે.

આકાશની ગુલાબી હવામાં મુસાફરી ચાલુ થાય છે ! ગગનનો મધુરો પ્રવાસ જરા લાંબો સમય માંગે છે. માઇલોનું અંતર કામધેનૂ

આ ટોળાને લઈને ધીમી ગતિએ કાપી રહી છે. અર્ધો પંથ કપાઈ ગયો હોય છે, ગુરુ ને શિષ્યોના મનમાં કંઈક અવર્ણનીય ગગનગામી કલ્પનાઓ સાગરના તરંગોની જેમ ઉદ્દ્ભવી રહી છે. એવામાં એક શિષ્ય તાપસને પ્રશ્ન પૂછે છે–

"ગુરુજી! સિંહકેશરીઆ લાડવા કેવડા મોટા છે?"

બુદ્ધિશાળી (?) ગુરુ પોતાની કુશાગ્રબુદ્ધિનું (?) પ્રદર્શન કરતાં, બે હાથ પહોળા કરી કહે છે–

"આવડા મોટા–"

"આવડા મોટા" આ વાકય પૂર્ણ થતું નથી, તે પહેલાં જ શિષ્યોનાં ટોળા સહિત કમનસીબ સર્વપશુ એક જબરજસ્ત શિલા પર આવી પછડાય છે. રાત્રિના શાન્ત વાતાવરણમાં આ મન્દ બુદ્ધિવાળો તાપસ અને લોભી શિષ્યો કર્ણના પડદાને ભેદી નાખતી ચીસો પાડી પાડીને તરફડિયા મારી રહેલ છે, એમના અંગે અંગમાંથી ફૂટી નીકળેલી શોણિત–સરિતા, કરુણ રૂદન કરતી વહી રહી છે. પ્રભાતમાં મુડદાઓથી ઉભરાતી આ ભયંકર શિલાનું કરુણ દૃષ્ય જોઈ એક કવિના મુખમાંથી આ શબ્દો સરી પડે છે:

**सर्वेऽपि लोभिनो यत्र मन्दबुद्धिजनाश्रिताः ।**
**तत्र नैवानुगैर्भाव्यं तां श्रुत्वा मोदकीं कथां ॥**

બુદ્ધિ વગરના નાયકની નિશ્રાએ જ્યાં લોભી માણસો વસતા હોય ત્યાં, આ લાડવાની વાર્તા સાંભળીને, તેનું અનુકરણ કરવું નહિ

**એક આની**

આપણા હાથે જો કાળાં કામો થતાં હોય તો સમજવું કે આપણે અસ્તાચળ તરફ ધસીએ છીએ, અને આપણા હાથે ઉજ્જ્વળ કાર્યો થતાં હોય તો સમજવું કે આપણે ઉદયાચળ પર ચઢીએ છીએ.

એ દિવસે અમે ચાલી–ચાલીને થાકી ગયા હતા. થાક ખૂબ લાગ્યો હતો. રેલના પાટાની બાજુમાં ચાલ્યા જતાં સાંજ પડી ગઇ હતી. ગામ હજુ દેખાતું ન હતું, એટલામાં એક સ્ટેશન દેખાણું. ત્યાંના સ્ટેશનમાસ્તર ઘણા જ ભલા અને જિજ્ઞાસુ હતા. એમની સાથે અમારે જરાક વાતચિત થઇ એટલે એમણે જ કહ્યું: "ત્યારે આજની રાત આપ અહીં જ મુકામ કરોને, બહુ આનંદ આવશે. હું પણ અહીં એકલો જ છું. મારી બદલી અહિ હમણાં જ થઇ છે. આ જંગલ-માં મારા જેવા એકલાને માટે આપનો સમાગમ એ તો ભાગ્યોદયનું પ્રતિક ગણાય." અમે થાકયા હતા. એમની સદ્‌ભાવના હતી એટલે એમની વિનંતિનો સ્વીકાર અમે કરી લીધો. ગાડી આવવાની તૈયારી હતી એટલે હું પણ ત્યાંની હીલચાલ જોતો રૂમમાં બેઠો હતો.

ધરતીને ધણધણાવતી ગાડી ગોઠજ સ્ટેશનના પ્લેટફોર્મમાં આવીને ઊભી રહી.

એ દિવસ ઉનાળાનો હતો. સાંજ નમી ગઇ હતી. દિવસના તાપથી તપેલી ધરતી હજુ ધખતી હતી, ઉની ઉની વરાળ હજુ ભોં-માંથી નીકળતી હતી. અંધારું ધીમે ધીમે જામતું હતું. પ્રવાસીઓના શરીરમાંથી પરસેવો ઝરતો હતો. બકરાની જેમ પૂરાયેલા પ્રવાસીઓ કીડાની જેમ ટળવળી રહ્યા હતા. કેટલાક તો તરસના માર્યા "પાણી.... પાણી" પોકારી રહ્યા હતા.

ગાડીને આવે એક પળ પણ પૂરી ન થઇ તે પહેલાં તો પાણીની રહેલ નાખતાં ત્રણ–ચાર ફેરિયા દોડા–દોડ કરવા લાગ્યા. એમાં એક છોકરો પણ હતો. એ અત્યાર સુધી મારી બાજુમાં જ બેઠો બેઠો વાતો કરી રહ્યો હતો. એ બાજુના ગામડામાંથી પાણીની ડોલ ભરીને આવ્યો હતો અને પોતાની દરિદ્રકથા મને સંભળાવી રહ્યો હતો;

પણ જ્યાં ગાડી આવી કે એ વાત અધૂરી મૂકીને ડોલ લઇને દોડયો, અને બધાની ભેગો એ પણ ટહેલ નાંખવા લાગ્યો :-" લો ઠંડા પાણી...."

પ્રવાસીઓનાં મોં પર આશાભેર નજર નાખતો એ આ છેડાથી પેલા છેડા સુધી દોડાદોડ કરી રહ્યો હતો. સૌ પોતાનું પાણી જલ્દી વેચી પૈસો મેળવવાની હરીફાઇમાં ઊતર્યા હતા. આજે માણસો પણ પોતાનું પાણી વેચીને પૈસો જ મેળવી રહ્યા છે ને !

બે-ત્રણ ઠેકાણે પ્રવાસીઓને ઠંડું પાણી પાઇ એણે બે-ત્રણ પૈસા મેળવ્યા, અને એ ત્રણ પૈસાથી તો એના મોં પર આનંદની સુરખી આવી હતી, પણ એના આનંદના કટોરાને છલકાવવા માટે એને હજુ એક પૈસાની જરૂર હતી-માત્ર એક જ પૈસાની. એક પૈસો મળી જાય તો એને એક આની પૂરી થાય ! અને એની એક આની એટલે તમારા સો રૂપિયા કરતાં પણ કંઇક અધિક ! વસ્તુની કિંમત તો હૃદયની ભાવના પર જ છે ને ! ગાડી ઉપડવાની તૈયારીમાં હતી ત્યાં એક સજ્જનની હાક સંભળાણી " અય પાણીવાળા !"

સફેદ વસ્ત્ર, ઓળેલા વાળ અને રીમલેસ ચશ્માથી શોભતી એ આકૃતિવાળા સજ્જન તરફ એ ફેરિયો હર્ષભેર દોડી ગયો, અને પ્રવાસીના પ્લાસ્ટીકના ગ્લાસમાં ભાવનાના પ્રવાહ સાથે પાણી રેડવા લાગ્યો. પ્રવાસીએ એક ગ્લાસ પાણી પીધું અને એક ગ્લાસ ભરી ભવિષ્ય માટે રાખી લીધું. ગાડી ઉપડવાના સમયે છોકરાના હાથમાં એક આની મૂકતાં એણે કહ્યુ : ' અલ્યા ! લે, આ એક આની, બે પૈસા પાછા આપ; બધા તો એક પૈસો જ આપે છે પણ હું તો તને બે પૈસા આપું છે !'

આછા અજવાળામાં, સાભાર એણે એક આની લીધી અને બે પૈસા પાછા આપ્યા. એનું નાનું હૈયું આ કોલેજીઅન પ્રવાસીની ઉદારતાથી નાચી ઉઠયું અને એનાં નયનો કૃતજ્ઞતાની દષ્ટિથી ગાડી

ઉપડી ત્યાં સુધી એ પ્રવાસીને જોઇ રહ્યાં. ગાડી ગયા પછી એ નાચતો–કૂદતો સ્ટેશન પર ટમ ટમ બળતા દીવા પાસે આવ્યો અને આનન્દભર્યા નયને મળેલા પૈસાને નિરખવા લાગ્યો. આનન્દથી ઘેલો બનેલો એ પેલી આનીને ચુંબન કરવા જતો હતો પણ આની નયન-નજીક આવતાં થંભી ગયો.

ખંજરના ઘા જેવો એણે આંચકો ખાધો, એનો આનન્દ ઓગળી ગયો. મોં પરથી લોહી ઊડી જવા લાગ્યું, બે પળ પૂતળાની જેમ અવાક્ બની એ આની સામે જોઇ જ રહ્યો.

એના મોંનો ભાવ અણધાર્યો બદલાયેલો જોઇ મેં પૂછ્યું 'કેમ ભાઈ! શું વિચારમાં?'

પોતાની ફાટેલી ટોપી માથા પર સરખી ગોઠવતાં એણે કહ્યું: "મહારાજ! શું કહું આપને આ ઇસ્ટ્રીટાઇટ ધોળાં લુગડાંવાળાઓની વાત? મારું પાણી મફતમાં પી ગયા એ તો ઠીક, પણ સાથોસાથ એક પઇસામાં પણ ન ખપે એવી સાવ ખોટી એક આની આપી ગયો અને બે પૈસા લેતો ગયો."

એના દર્દભરેલા આ શબ્દો મારા હૃદયમાં ભાલાની જેમ ભોંકાઇ ગયા! ગોઠજથી એક માઇલ દૂર એના ગામે એને જવાનું હતું એટલે એ પોતાના ગામ ભણી નિરાશ ડગલાં ભરવા લાગ્યો.

એ રીતે મેં અને સ્ટેશનમાસ્તરે આજ વાત પર કલાકેક સુધી વિચારણા કરી. માનવીનું નૈતિકદષ્ટિએ કેટલું પતન થયું છે! માણસ ચોખ્ખાઇ ગંખે, સારો દેખાવવાનો પ્રયત્ન કરે, બહારની ટાપ–ટીપ કરે; ભણતરનું અભિમાન કરે; પણ શું ભણતરનો આ જ અર્થ કે એ અભણેને યુક્તિપૂર્વક છેતર્યા કરે!

હાય રે! જીવનને સુધારવા માટે જે જ્ઞાન મેળવ્યું તે જ જ્ઞાન જો આજે જીવનને બગાડતું હોય તો હવે કોની આગળ રુદન કરવું?

# વિજયનો ડંકો

ખીલતી ઉષા જેવી રંગીલી કીર્તિ આવો કે અમાવાસ્યાની રાત્રિ જેવો કાજળ ઘોળ્યો અપયશ મળો; અમરતાનો કોલ મળો કે ભયંકર મૃત્યુનો ભેટો થાઓ; ભંડાર લક્ષ્મીથી છલકાઇ જાઓ કે લક્ષ્મીથી ભરેલા ભંડાર ખાલી થાઓ; પણ નિર્ણીત કરેલા સત્યપંથથી એક ડગલું પણ ખસવું એ પાપ છે !—આ સિદ્ધાન્ત અનન્તના પ્રવાસીઓનો છે.

**ધરા** ફાટશે, આભ તૂટશે, ગગનના તારાઓનો વસુંધરા પર ઢગલો થશે, ચન્દ્રમાંથી અંગારા ખરશે, પથ્થર પર કમળ ઊગશે, વિશ્વનો રંગ પલકમાં મેઘ ધનુષ્યની જેમ પલટાઈ જશે, સાગર માઝા મૂકશે. તોય મારા ઉપાડેલા કાર્યને તો કોઇ રોકી શકશે નહિ. આવી ધૈર્યતા અને વાસ્તવિક ભાવનાની નક્કરતાથી ઉપાડેલું વિરાટ અને દુઃસાધ્ય કાર્ય પણ સાધક માટે નાનું અને સુસાધ્ય બની જાય છે!

આ વિરાટ કાર્ય મારાથી થશે કે નહિ?–આમ કેવળ વિચારમાં જ જીવન વ્યતીત કરનાર પામર માનવ, કોઇ કાળે કાર્યસિદ્ધિ કરી શકતો નથી!

હિમ્મત અને ઉત્સાહના પૂરથી આગે કદમ ભરનાર માનવ જ વિશ્વમાં વિજયની પતાકા ફરકાવે છે!

કેવળ તગદીર પર ભરોસો રાખી તઝબિજને જતી કરવી, એ તો માણુસાઈનું દેવાળું અને અશક્તિનું પ્રદર્શન છે!

કાર્યની ધગશ અને ઝીણવટપૂર્વકની સાધના, સાધકને પૂર્ણપણાને કેમ પમાડે છે તેના પર તમને એક પ્રાચીન દ્રષ્ટાન્ત આપું—

ઉજાણીનો દિવસ છે. માનવ સાગર ઉપવન ભણી ઉભરાઇ રહ્યો છે. આનન્દનું વાતાવરણ મૂર્ત સ્વરૂપમાં દૃશ્યમાન થાય છે. નટગણની કળા આજે પૂર બહારમાં ખીલી છે. એક ચતુર નટ પોતાની કાંધ પર ગાયને ઉપાડી કળા કૌશલ્યવડે જનતાના હૈયાને ડોલાવી રહ્યો છે. લોકોના મુખમાંથી એક જ અવાજ નીકળે છે. "શું એનું બળ! શું એની નિપુણતા!"

ઉપવનના એક ઊંચા મંચ પર બેઠેલા રાજા ને રાણી આ દૃશ્ય જોઇ પ્રસન્ન બને છે. રાજા રાણીને કહે છે "આનું કેવું અપૂર્વ બળ! ગાય જેવી ગાયને પણ કાંધ પર ઉપાડે છે. અજબ છે, આનું બળ!"

સ્મિત કરી રાણી કહે છે: "રાજન્! આપને આમાં આશ્ચર્ય શું થાય છે? પ્રયત્ન કરતાં દરેક કાર્ય સિદ્ધ થાય છે. સાધે તે વધે. ગાય તો શું પણ વજનદાર એવી ભેંસ પણ કાંધ પર ઉપાડી શકાય છે?"

"કહેવું સહેલું છે, કરવું મુશ્કેલ છે. બોલો છો તેમ કરી તો બતાવો કે જેથી ખબર પડે કે કામ આમ થાય છે." રાજા ગંભીર બની આક્ષેપ કરે છે.

આ સમય ચર્ચાને અયોગ્ય જાણી, ચર્ચા પડતી મૂકી, રાણી નિરધાર કરે છે, કે આ વાતનો સચોટ પુરાવો અવસરે રાજાને આપવો. ખરેખર, નિશ્ચિત હૃદયના માનવો, ભુજાવડે સાગર તરી શકે છે, પગવડે અરણ્ય ઓળંગી શકે છે, ભયંકર ગણાતા સિંહને વશ કરી શકે છે, દુર્દ્ધર ઇન્દ્રિયોનો જય કરી શકે છે, દુઃસાધ્ય વિદ્યાને મેળવી શકે છે, મનને નિયન્ત્રિત કરી શકે છે, ધારેલી ધારણા સફળ કરી શકે છે, અને અમોઘ મુક્તિને પ્રાપ્ત કરી શકે છે!

પોતે બોલેલાં વચનને કેવી રીતે પાર પાડવું, એની ચિન્તામાં બેઠેલી રાણીને ખબર મળ્યા કે, ગૌશાળામાં એને વ્હાલી ગણાતી ભેંસને પાડી અવતરી છે. આ સમાચાર મળતાં જ એને એક સુંદર વિચાર સૂઝી આવ્યો—ગૌશાળા મહેલની નીચે જ છે. માત્ર ત્રીસ પગથિયાનું છેટું છે, એકાન્ત છે, ચાલો, આવતી કાલથી પાડીનો પ્રયોગ કરીએ.

બીજે દિવસે રાણી વહેલી ઉઠે છે, કછોટો મારે છે. ગાય દોહે છે. પીવાય તેટલું દૂધ પી લે છે. બાકીનું પાડીને પીવા દે છે. પછી પાડીને પોતાની કાંધ પર ઉપાડી ત્રણ ચાર વાર દાદર ચડ ઉતર કરે છે. અને પાડીને ગૌશાળામાં મૂકી દે છે. આમ રોજ કસરત વધે છે, સ્નાયુ (મસળ) ગોળ બને છે. શક્તિ સ્ફૂરે છે. થોડા જ દિવસમાં કોમળાંગીનું શરીર એક પે'લવાનના રૂપમાં પરિણમે છે. સમયનાં

વા’ણા વાહતાં પાડી ભેંસ બને છે. રાણીએ જોયું કે–હવે આ ભેંસ ઉપાડવા એક પહેલવાન પણ અસમર્થ છે.

સન્ધ્યાના રંગથી રંગીલું બનેલું યુગલ પરસ્પર વાર્તાના ઝપાટા લગાવી રહ્યું છે. રાણી નમ્ર વદને કહી રહી છે, “રાજન્! આપણી જે ઉજાણીના દિવસે ચર્ચા થઈ હતી કે ‘પ્રયત્ન એ માણસને પૂર્ણ બનાવે છે.’ તેને હું પ્રત્યક્ષ પ્રમાણદ્વારા બતાવવા ઉત્સુક છું–જો આપની આજ્ઞા હોય તો.”

રાણી બીજે દિવસે, રાજાની સમક્ષ, ગામના પહેલવાન, બળવાન્ અને કળવાન્ માણસોને ભેગા કરે છે અને ભેંસને તેમની સમક્ષ રજૂ કરી ઉદ્દઘોષણા કરે છે, “આ ભેંસને એક જ માણસ પોતાની કાંધ પર ઉપાડી આ દાદર પર ત્રણ વાર ચડ ઉતર કરશે, તેને એક હજાર રૂપિયાનું ઇનામ આપવામાં આવશે.”

આ અખતરામાં કળવાન્ શું કે બળવાન્ શું, પહેલવાન્ શું કે બુદ્ધિમાન શું; બધા અફળ જાય છે, બધાના મોં પર નિરાશાની છાયા છવાઈ જાય છે! આ કુતુહલ જોઇ રાજા કહે છે. “શું આ કાર્ય શક્ય છે? એક ગાય ઉપાડવી પણ માનવ માટે કઠિન છે, તો પછી વજનદાર એવી આ ભેંસ તો કેમ જ ઉપાડી શકાય?”

રાણી વદે છે “જો આપની આજ્ઞા હોય, તો આ આપની દાસી ઉપાડવા તૈયાર છે.”

વિસ્મય અને આશંકાની દૃષ્ટિથી રાણીને જોતો, રાજા આજ્ઞા આપે છે.

રાણી એકદમ કચ્છોટો મારી, ભેંસ પાસે આવે છે, એની પીઠ પર હાથ ફેરવી, જરા નમી પોતાની કાંધ પર રાખેતા મુજબ ભેંસને ઉપાડી, ધમધમ કરતી દાદરના પગથિયાં ચડવા લાગે છે. જોતજોતામાં ત્રણ વાર ચઢ ઉતર કરી, ભેંસને એના સ્થાને મૂકે છે!

આ ગજબનાક બળ અને અપૂર્વ સાહસથી ચકિત બનેલા લોકોના મુખમાંથી ગગનભેદી અવાજ નીકળે છે—" વાહ ! કમાલ કરી ! ક્યાં રાણીની કોમળ કાયા અને ક્યાં આ ભયંકર વજનદાર ભેંસ ! "

આ અવસરે રાણી જનતાને ઉદ્દેશીને ધીર, ગંભીર વાણીથી કહે છે :—

" પ્રયત્ન દ્વારા માનવ પૂર્ણ બની શકે છે. આ વાત તમને સમજાવવા માટે મારે આ સાહસ કરવું પડયું છે. માટે આજથી સૂતા હો તો જાગૃત બનો. જાગૃત હો તો ઊભા થાઓ. ઊભા હો તો ટટાર બનો. નિર્બળ હો તો સબળ બનો. અધર્મી હો તો ધર્મી બનો. ખેદી હો તો સચેત બનો, જગતમાં ફતેહ મેળવવી હોય તો તમારી સુષુપ્ત ગુપ્ત શક્તિઓને પ્રગટાવો ! મારાથી આ વિરાટ કાર્ય નહિ બને એવી નિર્માલ્ય વાત મુખથી ઉચ્ચારશો નહિ. ધીર બનો ! વીર બનો ! હિમ્મત રાખો ! આત્મામાં અનન્ત શક્તિઓ છે. એ શક્તિઓ વડે તમે તમારા આત્માનું ગાઢ અન્ધકાર ભેદી શકો છો. એ શક્તિઓ વડે કૈવલ્ય જ્યોત પ્રગટાવી શકો છો. એ શક્તિઓ-વડે મુક્તમહાલમાં આઝાદ બની બેસી શકો છો. માટે જાગો ! અને તમારી ગૂઢ શક્તિઓને પ્રગટાવી, વિશ્વમાં વિજયનો ડંકો વગડાવો !!! એક અંગ્રેજ કવિ પણ આ વાતની સાક્ષી પૂરતાં જણાવે છે કે- Practice makes a man perfect.



## શું શીતળદાસ ?

તરતાં શીખીને જ તારવા જજો, નહિતર તમેય ડૂબશો અને સામાને પણ ડૂબાડશો, તેમ પોતાની જાતને સુધારીને જ બીજાને સુધારવા જજો; નહિતર તમે ય બગડશો અને બીજાને ય બગાડશો.

પાપ જ્યારે પોતાના ક્રૂર ચક્રનો એક વિકરાળ આંટો ફેરવે છે, ત્યારે માનવના હૈયામાં ક્રોધ પેદા થાય છે, અને માનવની માનવતા ક્રોધના ભેંકાર વાવાઝોડામાં શીર્ણ-વિશીર્ણ બની જાય છે!

જેમ એક ભયંકર ઝંઝાવાતથી રમણીય અને ચિત્તાકર્ષક ઉપવન બરબાદ થઇ જાય છે, જેમ એક વિરાટ ધરતીકંપથી મનોહર અને ખૂબ-બહસૂરત મહેલાતોથી શોભતી નગરી બિહામણા ખંડેરમાં પલટાઇ જાય છે, તેમ ક્રોધ દાવાનળથી હજારો બલ્કે ક્રોડો વર્ષની તપસ્યાઓ એક ક્ષણ માત્રમાં બળીને ખાખ થઈ જાય છે.

ક્રોધ સુરૂપ ચહેરાને કુરૂપ બનાવે છે. ક્રોધ દીર્ઘકાળની પ્રીતિનો પલવારમાં નાશ કરે છે, ક્રોધ આશ્રયસ્થાનને તો બાળીને ભસ્મીભૂત કરે છે પણ સાથે રહેતા અન્યને પણ પ્રાયઃ સળગાવી દે છે; તેથી જ તો જ્ઞાનીઓ ક્રોધને આગની ઉપમા આપે છે!

જ્યાં સુધી ક્રોધ સમૂળો નાશ ન પામે ત્યાં સુધી માનવને મુક્તિ દુર્લભ તો શું પણ અશક્ય છે, પણ કેટલાક અજ્ઞાની આત્માઓ ક્રોધના કડવા પરિણામને જાણ્યા વગર માનપાન મેળવવા માટે બાહ્ય સમતા-શીતળતાને ધારણ કરે છે, અને અંતરમાં ક્રોધથી ધમધમતા હોય છે; પણ અવસરે ક્રોધ પોતાની શયતાનીયત પ્રગટ કર્યા વિના રહેતો જ નથી. શીતળદાસ નામનો એક સંત, વસંતપુરના સુરમ્ય ઉપવનમાં ધૂણી ધખાવી જીવન વ્યતીત કરતો હતો. એની કીર્તિ ચારે દિશામાં વાયુની જેમ પ્રસરેલી હતી. એની અલૌકિક સમતાની વાત જનમુખમાં વારેવારે પ્રશંસા પામતી. લોકોની ધારણા એક જ હતી કે શીતળદાસ જેવો જિતક્રોધ સાધુ એક પણ નથી.

આ લોકવાયકા સમ્યગ્દષ્ટિ શાન્તુભાઇના ગળે ન ઉતરી. એ પ્રજ્ઞ સારી રીતે સમજતો હતો કે જિતેન્દ્રિય સાધુ-સંત વિના અન્ય

બાવાઓ માટે આ અપૂર્વ સિદ્ધિ શક્ય નથી અને એમાં વળી ધૂણી ધખાવી ચલમ ફૂંકતા બાવાઓ માટે તો નહિ જ. સત્યની ગવેષણા કરવા માટે શાંતુભાઇએ એક દિવસ સાંજે શીતળદાસની ઝૂંપડી પાસે જઇ કહ્યું.

"शीतलदासजी! थोडी आग है?"

ધુણીમાં અગ્નિ ન હોવાથી હસતે મોંએ શીતળદાસે કહ્યું.

'नहिजी आग नहीं है"

ઠાવકું મોં રાખીને ફરી એણે કહ્યું.

"महेरबानी करके हो तो थोडीसी दीजिएगा"

બાવાએ જરા કડક થઇ કહ્યું:

"भाइ! कहते हैं कि नहीं है, तो जिद क्यों करते हो?"

શાન્તુભાઇ સમજી ગયા કે હવે શીતળદાસ, ઉષ્ણદાસ થવાની તૈયારીમાં છે એટલે જરા પ્રસન્નમુખે બોલ્યા.

"अजी! दबी हुइ दीसती तो है!"

આડંબર અને દંભથી છુપાવેલો ક્રોધ લાંબા કાળ સુધી ટકતો નથી. બનાવટ તે અંતે બનાવટ જ છે. દંભના વર્તુલની મર્યાદા જ્યારે પરિસમાપ્ત થાય છે ત્યારે તે પોતાનું પાશવી રૂપ પ્રગટ કરે છે. બનાવટી સોનું તેજાબ આગળ જેમ ઊઘાડું પડે છે તેમ શીતળદાસ પણ હવે ઉઘાડા પડવા લાગ્યા. લાલ આંખ કરી કહ્યું.

"अबे गद्धा कहींका! सुनता है या नहीं? एक बार कह दिया की आग नही है तो फिर क्यों शरारत करता है?"

શાન્તુએ વિસ્મયચકિત આંખે કહ્યું.

**"बाबाजी! अब धूवेका तो गोटा नीकलने लगा है, महेर करके थोडी आग दीजिएगा!"**

હવે એનાથી ન રહેવાયું. એનો છૂપેલો ક્રોધ પૂર્ણ સ્વરૂપમાં પ્રગટ થયો. ક્રોધથી ધમધમતા ચહેરે, ચીપીઓ લઈ શીતળદાસ શાન્તુભાઇને મારવા દોડયો.

બાવાજીની પોલનો પરપોટો ફૂટી ગયો. દંભનાં વાદળાં ચીરાઇ ગયાં. સિંહ-ચર્મધારી શિયાળીયું પકડાઇ ગયું. શીતળદાસ સર્વાંગ વ્યાપક ક્રોધી બની ગયો. ત્યારે શાન્તુભાઇએ કહ્યું.

**" शीतलदासजी! अब तो आग भभक उठी। आप कहते थे की आग नहीं है, तो यह आग कहांसे आई? क्रोध वही तो आग है। जब तक आपके हृदय में क्रोध है तबतक इस कायक्लेशोंसे आप को मुक्ति नहीं मिलेगी। सुनीयेः—**

**काम क्रोध मद् लोभकी**
**जब लग मन में आग।**
**तब लग पण्डित मूर्ख ही**
**सब ही एक समान॥**

સમ્યગ્દૃષ્ટિ શાન્તુભાઇની આ હિતકર મધુર વાણી સાંભળી બાવાજી પોતાની ભયંકર ભૂલ સમજી ગયા. એના હૈયામાં પશ્ચાત્તાપની પવિત્ર ગંગા વહેવા લાગી. સમતાના અમૃત બિંદુઓ વરસવા લાગ્યાં અને એના મુખમાંથી આ શબ્દો સરી પડ્યા.

**आप मेरे गुरु हैं, आपने मुजे सत्य मार्ग बताया। यदि आप न मिलते तो मेरा जन्म विगड जाता व्यर्थ जाता। मैं शीतलदास नहीं हूँ लेकिन क्रोधदास हूँ।**

# એક પ્રસંગ

સત્તા, સંપત્તિ અને યૌવન–આ ત્રિવેણીના સંગમ આગળ એવો તો ધસારો હોય છે કે ત્યાં નમ્રતાની નૌકા ડૂબ્યા વિના રહેતી જ નથી. છતાં આવા ભય સ્થાનમાંથી પણ પોતાની નૌકા જે ઉગારી લે છે તે સજ્જન નહિ પણ સમર્થ !

લાઇફ ઑફ એલેકઝાન્ડરમાં એક સુંદર પ્રસંગ આવે છે–જે માનવને–વિશેષે સત્તાધીશોને–કર્તવ્યની ભૂમિકા ભણી દોરે છે. આ પ્રસંગ જેટલો રોચક છે તેટલો જ રોમાંચક છે!

એલેક્ઝાન્ડર પહેલો, રશિયાનો પ્રાણપ્રિય સમ્રાટ્ હતો. સમ્રાટ્ તરીકે નહિ, પણ એક આદર્શ માનવ તરીકે રશિયાના પ્રત્યેક નર–નારીના હૈયામાં એનું સ્થાન અજોડ હતું. એનું નામ ચારે દિશાઓમાં પ્રસરેલું હતું. એના નામ પર લાખો–કરોડો માનવીઓ કુરબાનીઓ આપવા તૈયાર હતા–એના હૈયામાં માનવતાનો દીપક સદા જલતો હતો–વૈભવના વાયરા એ અમર–દીપકને બુઝાવવા અસમર્થ હતા.

એક વાર એ ગુપ્તવેશે–ગામડિયાના વેશે–રશિયાની પ્રજાની જીવનચર્યા જોવા નીકળ્યો. એકલો જ પરિભ્રમણ કરતો, એ એક નાનકડા શહેરમાં પેઠો. અને એની નજર પડી એક અક્કડ લશ્કરી અમલદાર પર!

ચાર રસ્તા આગળ એક સુંદર મકાનની ભીંતને ટેકો દઈ એ અમલદાર ઊભો હતો. એના ઊભા રહેવાની ઢબ જ કોઈ અણનમ અક્કડ પહાડની પ્રતીતિ કરાવતી હતી!

એ પગ પહોળા કરી, છાતી ફૂલાવી, મૂછો પર વળ દઈને બેપરવાથી ચીરૂટ પીતા આ લશ્કરી પોશાકમાં સજ્જ થયેલ અમલદાર ને જોઈને, એલેક્ઝાન્ડર તો દંગ થઈ ગયો. માનવી સત્તાના મદમાં આટલો મત્ત થઇ જતો હશે એની કલ્પના આવા મહાનુભાવોને તો આવવી જ અશક્ય! નમ્ર માનવ બધાને નમ્ર જ માને. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ!

જાણે સહજભાવે એલેકઝાન્ડરે તેને નમન કરી પૂછ્યું—"સાહેબ! કાલોગા જવાનો માર્ગ કયો?" આ તો ઉંદર સિંહને કહે છે કે, તારા

દાંત ગણવા દે, તેના જેવું થયું. નાના માનવીને વળી મોટા માણસ સાથે વાત કરવાનો શો અધિકાર ? એમાં વળી એક સાધારણ ખેડૂત અસાધારણ મેજરને પ્રશ્ન પૂછે એટલે તો આવી જ બન્યું ને !

ધૂરકીને ગર્વથી ચીરૂટનો ધૂમાડો કાઢતાં એણે કહ્યુ—"નાકની ડાંડીએ સીધો ચાલ્યો જા."

સત્તાથી છકી ગયેલા અમલદારની મગરૂરી પર એક ગૂઢ હાસ્ય કરી સમ્રાટે કહ્યું—"સાહેબ! આપને ખોટું ન લાગે તો, આપને એક વાત પૂછું ?"

ગર્વથી હણહણતા ઘોડાની ઢબે એણે ટૂંક ઉત્તર વાળ્યો "પૂછ !"

જરા સભ્યતા બતાવતાં એલેકઝાન્ડરે પૂછ્યું—"સાહેબ ! આપનો હોદ્દો કોઈ મોટો લાગે છે ! આપ હમણા ક્યા હોદ્દાને શોભાવો છો ?"

"તું જ કલ્પના કર જોઈએ ?" ધૂમાડાનો ગોટો એના મોઢા પર ફૂંકતાં એણે કહ્યું.

માથું ખજવાળતાં એલેકઝાન્ડરે કહ્યુ—"આપનો હોદ્દો લેફ્ટેનન્ટનો હોવો જોઈએ ?"

મેજરઃ—એથીય ઊંચો.

જરા આશ્ચર્ય ચક્તિ થતાં એોલેકઝાન્ડરે કહ્યું—"તો પછી કેપ્ટન ?"

મેજરઃ—"એથી ય ઊંચો."

એલેકઝાંન્ડર—"ત્યારે તો મેજર ?"

"વાહ ! તેં કલ્પના તો બરાબર કરી ! તું ખરેખર, હુશિયાર છે. તારી બોલવાની છટા પણ સુંદર છે. વારુ, હવે મને કહે જોઈએ તું કોણ છે ?" ધૂમાડાનો ગોટો જોરથી કાઢતાં મેજરે પૂછ્યું.

સલામ ભરી એલેકઝાન્ડરે કહ્યું—" સાહેબ! મારો તો વળી શો હોદ્દો હોય ? "

મેજર—" છતાં કાંઇક તો હોવો જોઇએ. તારી બોલવાની રીત પરથી ! "

એલેકઝાન્ડરઃ–" ત્યારે આપ કલ્પના કરો જોઇએ.

મેજરઃ-" ગ્રામ પંચાયતનો મેમ્બર ? "

નીકટમાં આવતાં એલેકઝાન્ડરે કહ્યું—" એથી ઊંચો. "

મેજરઃ—" કારપોરલ ? "

ધીરે સ્વરે એલેકઝાન્ડરે કહ્યું—" એથી ય ઊંચો. "

ચકિત થતાં મેજરે પૂછ્યું—" ત્યારે તો લેફ્ટેનન્ટ ? "

એલેકઝાન્ડરઃ—" એથી ય ઊંચો. "

મેજરઃ —"કેપ્ટન ?"

એલેકઝાન્ડરઃ—" એથી પણ ઊંચો. "

ઝીણી નજર એની સામે નાખી, ધારી ધારીને જોઈ એણે પૂછ્યું:—" મેજર ? "

એકપળનો પણ વિલંબ કર્યા વિના એલેકઝાન્ડરે કહ્યું—" એથી પણ આગળ. "

જરા સભ્યતા જાળવી મેજરે પૂછ્યું—" આપ કર્નલ ? "

" એથી ય આગળ ચાલો. " મૂછમાં હસતા એલેકઝાન્ડરે કહ્યું.

" ત્યારે તો આપશ્રી જનરલ સાહેબ છો." ચીરૂટ ફેંકી નમન કરતાં મેજરે કહ્યું.

" એથી ય આગળ." એલેકઝાન્ડરે પ્રશાન્ત ઉત્તર વાળ્યો.

લશ્કરી સલામ ભરતાં ભાંગ્યાતૂટ્યા શબ્દોમાં કહ્યું—" આપ સાહેબ ફિલ્ડ માર્શલ ! "

બે ડગલાં આગળ વધી, મેજરના ખભા ઉપર હાથ મૂકતાં એણે કહ્યું—" વળી એક વાર કલ્પના કરો જોઇએ ? "

મેજરનો કંઠ રૂંધાઈ ગયો. કાયા કંપવા લાગી. શરીર પર-

સેવાથી રેબઝેબ થઈ ગયું. ટોપી ઉતારી એમના પગમાં પડતા એણે કહ્યું: "આપ નામદાર રાજાધિરાજ પ્રજાપાલક મહારાજા પોતે જ છો!"

પોતાની ઉદ્ધતાઇ અને અક્કડાઇનું જે કારમું પરિણામ આવવાનું હતું એ એને યાદ આવતાં એનું હૈયું કંપવા લાગ્યું. સત્તાનો મદ તો કયારનો ય ગળી ગયો હતો, હવે તો ગળી રહ્યુ હતું એનું શરીર અને ગળી રહ્યાં હતાં એનાં હાડકાં!

ઘૂંટણીમાં પડી એણે પ્રાર્થના કરી: "મને માફ કરો. મારી અક્કડાઇએ મને મરણના નીકટમાં આણ્યો છે. હું ભીખ માંગું છું—જીવનની!

પ્રશાન્ત ને ધીર સ્વરે એલેકઝાન્ડરે કહ્યું—"તમે કાંઇ અપરાધ કર્યો નથી કે જેથી મારે તમને માફી આપવી પડે. પણ એટલું તો ખરું કે હું મારા અમલદાર પાસે જે માનવતાની સૌરભની ઈચ્છા રાખતો હતો—તે ન મળી, પણ મને મળી પાશવતાની ગંધ! માનવીના અધિકારનો વિકાસ થતો જાય તેમ એની માનવતાનો પણ વિકાસ થવો ઘટે, એને બદલે એની પાશવતાનો વિકાસ થતો જાય, એ કેટલી શોચનીય બિના છે. માણસાઇ સત્તામાં કે પદવીઓમાં નથી પણ એની સુંદર સંસ્કારિતામાં છે!"

વિવેકી માનવના હૈયામાં સદા અંકાઇ જાય એવા થોડાં શબ્દ-રત્નો વેરી, એલેકઝાન્ડર ચાલ્યો ગયો.

આ અદ્‌ભૂત વાત બીજા અમલદારોએ જાણી ત્યારે બધા ચકિત થઈ ગયા. અભિમાનથી ઉન્મત્ત થઈ ગયેલ હૈયાઓમાં આ પ્રસંગે વિનયનો કોઇ અજબ પડઘો પડયો!

સૌજન્યપૂર્ણ, મધુરભાષી, કર્તવ્યનિષ્ઠ અને નમ્રતાની મૂર્તિ સમા વડાઓ—નેતાઓ જે પ્રજાઓના હૈયાઓમાં બિરાજતા હોય—એ પ્રજા ગૌરવના સર્વશ્રેષ્ઠ શિખરની ટોચ પર શા માટે ન બેસે?

# એક વિરલ વિભૂતિ

સંસારવનમાં કંટક પર ચાલી પરિશ્રાન્ત બનેલો કોઇ જીવનયાત્રી મને મળશે તો હું, મારા જીવન–ઉપવનમાંથી મેળવેલાં આ ચિન્તન-પુષ્પો, એના માર્ગમાં પાથરીશ; ભલે, પુષ્પો છૂંદાઇ જશે પણ મીઠી સૌરભથી એ પ્રવાસીને અપૂર્વ શાન્તિ તો મળશે ને ! આ આનન્દનું મૂલ્યાંકન અર્થની ગણુતરીમાં મસ્ત રહેનારા અર્થશાસ્ત્રી કરી શકશે ખરા ?

હિંસાના ભડકાથી સળગતી દુનિયા પર, વિલાસમગ્ન દુનિયા પર, પાપથી ખદબદતી દુનિયા પર, ચૈત્ર શુદ્ધ તેરસના પુનિત દિવસે એક અજોડ બાળકે–વિભૂતિએ અવતાર લીધો.

આંખમાં અમૃત, મુખકમળ પર મધુર સ્મિત, હૈયામાં કરુણા અને આત્મામાં અખંડ વિશ્વવાત્સલ્ય ભરીને અવતરેલી આ વિરલ વિભૂતિને જોઇ, દુનિયા દંગ બની ગઇ.

આ વિરલ–વિભૂતિના આગમનથી દુઃખિયારી દુનિયા પર સુખની ગુલાબી હવાનો સંચાર થયો. વસન્તની કામણગારી કોકિલા આમ્રવૃક્ષ-ની શાખા પર આનન્દ ને ઉલ્લાસથી ઝૂલા ઝૂલતી, મંજુલ ધ્વનિથી ટહૂકા કરવા લાગી. કુંજની ઘટાઓમાંથી મનોહર પક્ષીઓ મનોજ્ઞ–ગીત ગાવા લાગ્યાં. શુભ્ર વસ્ત્રધારિણી સરિતા, પૂર્ણ સ્વાસ્થ્યથી ઝડપભેર મધુર હાસ્ય કરતી, સાગર ભણી ધસવા લાગો-વિશાળ આકાશમાં પરિભ્રમણ કરતા દિનકરનો કોમળ પ્રકાશ-પુંજ, ધરા પર વર્ષવા લાગ્યો, અને અવિરત્ નરકની યાતના ભોગવતાં પીડિત હૈયાં આ શાન્ત અને સુખના મુક્ત વાતાવરણમાં વિહરવા લાગ્યાં, વાતાવરણ કંઇક અલૌકિક હતું !

આ વિરલ વિભૂતિનો અવતાર થતાં, સ્વયં દેવેન્દ્રો એમના દર્શનાર્થે આવ્યા, મહાન્ ભૂપાલો અંજલિપૂર્વક એમની સામે શિર ઝુકાવીને, નમન કરવા લાગ્યા; અનેક માનવો એમની સેવામાં હાજર થયા, અને વિશ્વનો વૈભવ એમના ચરણોમાં ખડકાવા લાગ્યો.

એ દિવસોમાં એમના યૌવનનો રંગ જામ્યો. સંસારનો રંગ પણ ખીલ્યો અને **પ્રિયદર્શના** જેવું સંસ્કારી સંતાન પણ જન્મ્યું, પણ આ બધું એ વિરલ વિભૂતિને મન પુણ્યરૂપી રોગને નાશ કરવા માટે ઔષધરૂપ જ હતું. આમ કરતાં ત્રીશ વર્ષના વા'ણા તો વિજળીના ચમકારની પેઠે વહી ગયાં. માનવીને સુખના દિવસો કેટલા સોહામણા લાગે છે !

દુનિયાના સદ્‌ભાગ્યના એક મનોહર પ્રભાતે આ વિરલ વિભૂતિએ વૈભવથી ઉભરાતાં રાજમંદિરોનો અને વ્હાલસોયાં સ્નેહીઓનો ત્યાગ કરીને, મહાભિનિષ્ક્રમણ કર્યું; કારણ કે દુનિયા એમને દુઃખથી છલકાતી દેખાણી. દુનિયા જ્યારે દુઃખથી રીબાતી હોય ત્યારે આ કોમળ હૈયું સુખમાં કેમ વિલસી શકે ?

આ વિરલ વિભૂતિના વસમા વિયોગની વેધક વાંસળી વાગી અને ક્ષત્રિયકુંડ ગામના ઉપવનમાં એક અજોડ કરુણ દૃશ્ય જામ્યું. આ દૃશ્ય આ જીવનસમર્પક વિરલ વિભૂતિની વસમી વિદાયનું હતું. આ દૃશ્ય અનાથ હૈયાંઓની કોમળ લાગણીઓથી છલકાતું હતું. આ દૃશ્ય વચ્ચે હૃદયવિદારક ઘેરા ડૂસકા અને સાચાં આંસુ પણ હતાં. હા! આકરી વિદાય કોમળતાપૂર્વક ભજવાતી હતી. આ વિદાયના દૃશ્યમાંથી વાત્સલ્ય અને કરુણાની ધારા ટપકતી હતી. આ વસમી વિદાયની વાંસળીમાંથી હૈયાને હચમચાવી મૂકે એવા કરુણ અને વેધક સૂરો વારંવાર આવી નાજુક હયાંઓને વ્યથિત કરતા હતા. પોતાના લઘુ બન્ધવનું આ મહાભિનિષ્ક્રમણ નન્દિવર્ધનના વાત્સલ્યપૂર્ણ હૈયાને વલોવી નાખતું હતું જીવનમાં ક્ષણ માત્ર પણ છૂટો નહિ પડનાર પોતાનો લઘુબાંધવ આજે સદાને માટે ગૃહ–ત્યાગ કરે છે. ખરેખર, માનવીની પ્રિય વ તુ જાય છે ત્યારે એના જીવનનું સર્વસ્વ લેતી જ જાય છે!

ત્રીશ વર્ષ સુધી સૌરભવાળા તરુવરોની શીતળ છાયામાં વિહરનાર માનવી, અખંડ અગ્નિ ઝરતા તડકામાં તપે, પુષ્પોની નાજુક શય્યામાં પોઢનાર માનવી, કંટક પર કદમ ભરે, લાખ્ખોની સલામો ઝીલનાર માંનવી, રંક અનાર્યોનાં અપમાન સહે; આ કાર્ય કેટલું કપરું છે, એ તો અનુભવીનું હૈયું જ વેદી શકે–તે આ વિરલ વિભૂતિનું હૈયું જ!

.... ... ...

સ્વયં ઈન્દ્ર મહારાજાએ મુક્ત કંઠે પ્રશંસા કરી— "આજે ભારતવર્ષમાં એક વિરલ વિભૂતિ છે કે જે મરણથી ગભરાતી નથી અને

જીવનથી હર્ષ પામતી નથી, જેને સુખનાં મનોજ્ઞ સાધનો ખુશ કરી શકતાં નથી અને દુઃખના ક્રૂર સાધનો મૂંઝવી શકતા નથી. એ મહા વિભૂતિની દિવ્ય તપશ્ચર્યા આજે વિશ્વમાં અજોડ છે!—" આ પ્રશંસામાં કોઈ સામાન્ય માનવીના ત્યાગ, તપ અને ધૈર્યની કેવળ અતિશયોક્તિ કરવામાં આવી છે એમ ત્યાં સભામાં બેઠેલા ઇર્ષાળુ **સંગમે** માની લીધું, અને સાથે સાથે નિશ્ચય કરીને ઊઠયો કે, એ પામર માનવીને ત્યાગ, તપ અને ધૈર્યમાંથી ચલિત કરીને, ઇન્દ્રની પ્રશંસાને અસત્ય બનાવું. આ નિશ્ચય કરતાં જ સંગમ દેવ મટી દાનવ બન્યો, અને એ વિરલ વિભૂતિ પાસે આવ્યો.

સિંહનું રૂપ ધારણ કરી માનવ-હૈયાંઓને વિદારી નાખે એવી સિંહ-ગર્જનાઓ કરી જોઇ, પ્રલયકાળના મેઘનું રૂપ ધારણ કરી વિજળીઓના કડાકાભડાકા કરી બ્રહ્માંડના કાન ફેડી નાખે એવા અવાજોના અખતરાઓ પણ કરી જોયા અને છેલ્લે સર્વ શક્તિઓ કેન્દ્રિત કરી ભયંકર રાક્ષસનું રૂપ ધારણ કરી, એ વિરલ વિભૂતિ પર ત્રાટકવાનો પ્રયોગ પણ કરી જોયો; પણ એ બધું નિષ્ફળ નીવડયું!

આવા પ્રલયનાં ઝંઝાવાત અને ચક્રવાત વચ્ચે પણ જેમનો ધૈર્ય દીપક અચલ રીતે ઝળહળતો જોઇ, સંગમ દંગ થઇ ગયો. એના અભિમાનના ચૂરેચૂરા થઇ ગયા. અભિમાન ગળતાં જ પોતે, આચરેલા પાપનો પશ્ચાત્તાપ થવા લાગ્યો. એ વિરલ વિભૂતિ પ્રત્યે આચરેલા અયોગ્ય વર્તનથી એના હૃયામાં પશ્ચાત્તાપનો ભડકો ભભૂકી ઊઠ્યો, અને પોતાની જાતને ધિક્કારતો એ વિભૂતિના ચરણોમાં પડી, અજંલિપૂર્વક દીન સ્વરે ક્ષમા માંગવા લાગ્યો.

"પ્રભો! આપ શૂરવીર છો, ધીર છો, ગંભીર છો. આપનું આત્મિક બળ અનુપમ છે, આપનાં ત્યાગ, તપ અને ધૈર્ય અજોડ છે! આપની જોડ આ વિશ્વમાં લાધે તેમ નથી. આપનો પ્રશંસા ઇન્દ્રે કરી પણ હું અધમ એ ન માની શકયો અને આપની પરીક્ષા કરવા માટે આવ્યો; પણ આજે મને પૂર્ણ સત્ય સમજાયું કે, મારા

જેવા અધમો પોતાની મનની કલુષિતતાથી જ આપના જેવા મહામાનવના ગુણો સમજી શકતા નથી, અને ઇર્ષા અને અભિમાનથી પોતાની જાતને જ મહાન મનાવવાનો પ્રયત્ન કરતા પરિભ્રમણ કરે છે. આપ જગતના પિતા છો આપ જગચ્છરણ છો, વિશ્વબન્ધુ છો, જગદાધાર છો, અધમોદ્ધારક છો, અને તારક છો. હે કરુણાસાગર ! મારા અપરાધની ક્ષમા કરો. હું નીચ છું—અધમ છું—પાપી છું. મારો ઉદ્ધાર આપના જ હાથમાં છે. નાથ ! માટે મને તારો !"

આવા અઘોર અને ભયંકર અપરાધ કરનારા સંગમ પર પણ વિશ્વવિખ્યાત આ વિરલ વિભૂતિએ તો પોતાની અમૃત-ઝરતી આંખોમાંથી કરુણાની વર્ષાજ આરંભી ! એમની વૈરાગ્ય-ઝરતી આંખોમાંથી વાત્સલ્યનું ઝરણું ઝરવા લાગ્યું. એ પુનિત ઝરણામાં સ્નાન કરી, ભારે હૈયે સંગમ પોતાના સ્થાન ભણી સંચર્યો !

સંગમે કરેલા અનેક દુઃખો વેઠયા પછી ફરી એમણે આર્ય અને અનાર્ય—વજ્રભૂમિ ભણી વિહાર આદર્યો. સાડાબાર વર્ષ સુધી મૌન પણે ઘોર તપશ્ચર્યા કરી. આ દિવસોમાં તેમના પર અનેક વિષમ વિપત્તિનાં વાદળાં એક પછી એક એમ તૂટવા લાગ્યાં, છતાં એમણે ધૈર્ય, સહિષ્ણુતા અને શાંતિપૂર્વક એમને પ્રસન્નમુખે આવકાર આપ્યો.

આમ અનેક યાતનાઓના દાવાનળમાં આ તેજસ્વી વિરલ વિભૂતિના કર્મો બળીને રાખ થયાં અને એમનો અનંત સૂર્યના પ્રકાશથી ચમકતો આત્મા પ્રકાશી ઉઠયો કૈવલ્યજ્ઞાન વ્યાપી રહ્યું અને અંધકારનો નિતાંત નાશ થયો. પૂર્ણ આત્માના પ્રકાશથી દિશાઓ વિલસી રહી. આ રળિયામણા સમયે એમના મુખકમળ પર અખંડ અને નિર્દોષ આનંદ, વિશ્વવાત્સલ્ય ને પ્રશાંત ગાંભીર્યનો ત્રિવેણી સંગમ જામ્યો !

સાડાબાર વર્ષ સુધી સેવેલા મૌનનું દિવ્ય તેજ આ વિરલ વિભૂતિના શરીરના રોમાંચોદ્વારા ફૂવારાની જેમ વસુંધરા પર પ્રકાશ પાથરી રહ્યું. વર્ષોને અન્તે એમનો મેઘ—ગંભીર મંજુલ—ધ્વનિ સાંભળીને

શું દેવો કે શું દાનવો, શું માનવો કે શું અજ્ઞ પ્રાણીઓ; બધા એમની નિકટમાં આવવા લાગ્યા. એમનો ઉપદેશ સાંભળવા એ બધા અધીરા બન્યા.

આ વિરલ વિભૂતિએ મેઘ–ધારાની પેઠે ઉપદેશ પ્રારંભ્યો–મહાનુભાવો ! જાગો ! વિલાસની મીઠી નિદ્રામાં કેમ પોઢ્યા છો ? તમારું આત્મિક–ધન લૂંટાઈ રહ્યું છે. ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર મહાન્ ધૂર્ત છે. એ તમને મોહની મદિરાનું પાન કરાવી તમારા જ હાથે તમારી અમૂલ્ય સંપત્તિઓનો નાશ કરાવી રહ્યા છે, માટે ચેતો ! સાવધાન બનો ! જાગરૂક બનો ! અને એ ધૂર્તોનો સામનો કરો."

આ સચોટ ઉપદેશ સાંભળી ભક્તો હાથ જોડી કહેવા લાગ્યા: " નાથ ! આપ શક્તિમાન છો. આપ આ ધૂર્તોનો સામનો કરી શકો છો, પણ અમે નિર્બળ છીએ, ધૂર્તો સબળ છે; અમારાથી એમનો સામનો કેમ થઇ શકે ? અમારા માટે આ કાર્ય કઠિન છે–કપરું છે, અઘરું છે. આપ તો સમર્થ છો. આપની સરખામણી અમારાથી કેમ થાય ?"

લોકોની દીનતાભરી વાણી સાંભળી, એ વિભૂતિએ વીર–ઘોષણા કરી —" મહાનુભાવો ! આવી દયાજનક વાચા ન ઉચ્ચારો. શત્રુઓ પાસે આવી નિર્બળ વાતો કરશો તો એ તમારો નાશ કરશે. હું પ્રત્યક્ષ જોઇ રહ્યો છું કે તમારો આત્મા બળવાન્ છે–વીર્યવાન્–છે-અનન્ત શક્તિઓનો ભંડાર છે. તમારો અને મારો આત્મા શક્તિની દૃષ્ટિએ સમાન છે. માત્ર ફરક એટલો જ છે કે તમારા પર કર્મનો કચરો છે, અને મારા આત્મા પરથી એ કચરો દૂર થયો છે. તમે પણ પ્રયત્ન કરી એ કર્મના કચરાને દૂર કરો અને પૂર્ણ–પ્રકાશી બનો. કાયરતા છોડી મર્દ બનો. ખડકની પેઠે અડગ રહો. ક્રોધ વગેરે શત્રુઓની સામે બળવો પોકારો. હું તમને સમરાંગણમાં વિજય મેળવવાની વ્યૂહ–રચના બતાવું."

આ મંજુલ વાણી સાંભળી લોકો પ્રસન્ન બન્યા. જીવનવિકાસની નૂતન દૃષ્ટિ જાણવા માટે બધા ઉત્સુક બન્યા.

કદી ન ભૂલાય તેવો મનોહર સ્વર ત્યાં ગુંજી રહ્યો—"હે દેવોને પણ પ્રિય જનો! આ જીવન કેવું ક્ષણભંગુર છે તેનો જરા વિચાર કરો. યૌવન પુષ્પોની જેમ કરમાઇ જનારું અસ્થાયી છે. સંપત્તિ વિજળીના ચમકારાની પેઠે ક્ષણિક છે. વૈભવો સંધ્યાના રંગની જેમ અસ્થિર છે. સંયોગો મન્દિરની ધ્વજાની પેઠે ચંચળ છે. આયુષ્ય પાણીના પરપોટાની જેમ અશાશ્વત છે. સંસારમાં માત્ર ધર્મ જ એક એવો છે કે જે સ્થાયી–અચલ–શાશ્વત છે. આ ઉત્તમ ધર્મ પાળવા માટે ધર્માન્ધતાને છોડવી જ પડશે. ધર્માન્ધતાને છોડ્યા વિના સત્ય ધર્મ મળવો મુશ્કેલ તો શું પણ અશકય છે! ધર્માન્ધતાએ સત્ય ધર્મને ગુંગળાવી નાખ્યો છે, માનવોને અન્ધ બનાવ્યા છે. આ અન્ધતામાંથી કલહ અને કંકાસનું સર્જન થયું છે. આ ધર્માન્ધતાથી મહાયુદ્ધો થયાં છે. માનવી, માનવીનો શત્રુ થયો છે. આ જ અંધતાને લીધે જ્ઞાન પણ અજ્ઞાનમાં ફેરવાઈ ગયું છે. હિંસા, પણ અહિંસાને નામે પ્રગટી છે. પાપ પણ પુણ્યના નામે જીવતું થયું છે. અધર્મ પણ ધર્મને બહાને પ્રગટ થયો છે માટે સત્ય ધર્મ મેળવવાનો અમોઘ ઉપાય બતાવું છું તે પ્રમાદ ત્યજી સાંભળો!

જીવન–વિકાસનો અમૂલ્ય ઉપાય અનેકાન્તવાદ છે. અનેકાન્તવાદની કસોટી પર ધર્મની પરીક્ષા સુંદર રીતે થઇ શકે છે, માટે જીવનમાં અનેકાન્તવાદ કેળવો, એના વડે વિશ્વાત્મૈકય કેળવો. એક એકનો સમન્વય સાધો. અનેકાન્ત એ પૂર્ણ દૃષ્ટિ છે, એના વડે વિશ્વમાં રહેલા સત્યતત્ત્વોનું ગવેષણ કરો. અનેકાન્તવાદ એ સાચો ન્યાયાધીશ છે! એ જ વિશ્વને નિષ્પક્ષપાત સાચો અને પૂર્ણ ન્યાય આપશે. એ અસત્યના કાળા પડદાને ચીરી નાખશે અને સત્યના દર્શન કરાવશે. આ અનેકાન્તવાદને સ્યાદ્વાદ કહો કે સાપેક્ષવાદ કહો, બધું એક જ છે. આ અનેકાન્તવાદની દૃષ્ટિ જ્યાંસુધી જીવનમાં નહિ આવે

ત્યાંસુધી માનવીનો વિકાસ થંભેલો જ છે, એવો મારો સ્વાનુભવ છે!"

અનેકાન્તવાદનો આ ભવ્ય સિધ્ધાંત સાંભળી લોકોનાં હૈયા આનન્દથી વિકસી ઉઠ્યાં. આ નૂતન દૃષ્ટિ પ્રત્યેકને આદરણીય લાગી. તેથી જ લોકોનાં મુખમાંથી આ શબ્દો સરી પડ્યા. "કેવી વિશાળ ભાવના! કેવી વિશાળ દૃષ્ટિ! દેવ! આપ ધન્ય છો. આપે જે પૂર્ણ પ્રકાશ મેળવ્યો છે તે અદ્‌ભૂત છે! આપ આપની વાણીનું અમૃત-ઝરણું આ સંતપ્ત સંસાર પર અવિરત વહેતું રાખો, એવી અમારી નમ્ર વિનંતિ છે, દેવ!"

આ વિભૂતિનો રૂપેરી ઘંટડીના જેવો મધુર ધ્વનિ પુનઃ ગુંજી રહ્યો—"ભાગ્યશાળીઓ! હું જે કહી ગયો તે જીવનદૃષ્ટિની વાત કરી ગયો—વિચારવાની વાત કહી ગયો. હવે આચારની વાત કહું છું. વિચારમાં જેમ એકાન્તવાદને સ્થાન છે, તેમ આચારમાં અહિંસાને સ્થાન છે.

અહિંસા એ સુંદર સરિતા છે, અનેક તૃષિત હૈયાં એના જળથી તરસ છુપાવે છે. અહિંસા એ સેતુ છે, કે જે બે વિખૂટાં દ્વેષી હૈયાંઓને જોડે છે. અહિંસા એ ગુલાબનું ફૂલ છે, જે પોતાની માદક સૌરભથી જગતને પ્રફુલ્લિત કરે છે. અહિંસા એ વસન્તની કોયલ છે, પોતાના મધુર સંગીતથી હિંસાના ત્રાસથી ત્રસિત દિલડાંઓને પ્રમુદિત કરે છે અહિંસા એ જ વિશ્વશાન્તિનો અમોઘ ઉપાય છે. અહિંસા વિના વિશ્વમાં શાન્તિનું સામ્રાજ્ય સ્થાપવાનો બીજો એકેય ઉપાય નથી જ. અહિંસાની અમર ચન્દ્રિકા જ વિશ્વ પર અમૃત વર્ષાવશે.

હિંસાના પાપે જ એક માનવી બીજા માનવીને જળોથી જેમ ચૂસી રહ્યો છે. હિંસાની ભાવનાએ જ એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્રને કચડી રહ્યું છે. હિંસક માનસે જ વિશ્વમાં અત્યાચારની હોળી સળગાવી છે. હિંસાના સામ્રાજ્યોએ માનવીને પીડિત, વ્યથિત અને દલિત બનાવ્યો છે. હિંસક ધર્મો નિર્દોષ પશુઓના ભોગ લઇ રહ્યા છે, માટે આચારમાં અહિંસા કેળવો. ધર્મના નામે હોમાતા પશુઓનું રક્ષણ કરો. જાતિવાદના નામે ધિક્કારાતા દલિત વર્ગનો ઉદ્ધાર કરો, અહિંસા

એ અમૃત છે. એનું તમે પાન જરૂર કરો! તમે અમર બનશો! બીજાઓને એનું પાન કરાવો તો દુખિયારી દુનિયા પર સુખની ગુલાબી હવાનો સંચાર થશે.''

આ પ્રેરણા-દાયક ઉદ્‌ઘોષણાથી ભક્તોમાં જોમ આવ્યું. ચૈતન્યના ધબકારા થવા લાગ્યા. વિજળીની જેમ એમના જીવનમાં અનેકાન્તવાદ અને અહિંસાનો પ્રવાહ વહેવા લાગ્યો. દુરાગ્રહની ગાંઠો ગળવાં લાગી. વૈમનસ્ય તો બળીને ખાખ થયું. નિર્બળો સબળ બન્યા. બીકણો બહાદૂર બન્યા. મુડદાલો પણ મર્દ બન્યા. શું વાણીનો વિરલ પ્રભાવ! આમ સાક્ષાં-ત્કારની સિદ્ધિ દ્વારા જીવનમાં કોઇ અલૌકિક સર્જનલીલા સર્જાતી ગઇ.

ત્યાંથી આ વિરલ વિભૂતિએ વિહાર કર્યો. ગામડે ગામડે ફરી વળ્યા. ગામે ગામ માનવમહેરામણ ઉભરાતો! એમના દર્શન અને ઉપદેશથી માનવો અને ભારત-ભૂમિ પાવન થયાં.

પૂરા ત્રણ દાયકાઓ સુધી અખંડ ઉપદેશનું ઝરણું વહાવી ભારતમાં શાન્તિનું સામ્રાજ્ય સ્થાપ્યું. અહિંસા—જળનું સિંચન કર્યું, સત્યનાં વૃક્ષો રોપ્યાં, અસ્તેયના ક્યારા બનાવ્યા, સંયમના છોડવાઓ પર સંતોષના અનેકવર્ણી પુષ્પો વિકસી ઉઠયાં. આ ખંડેર ભારતને મોહક-નંદનવનમાં ફેરવી નાખવાનું આ ભગીરથ કાર્ય, આ વિરલ વિભૂતિએ પોતાના જ વિદ્યમાન કાળમાં, અખંડ સાધનાદ્વારા કરી બતાવ્યું-એ ભારતનું અહોભાગ્ય!

પણ દુર્ભાગ્યની એવી એક રજની આવી કે જેમાં આ લક્ષ-પ્રકાશી, ઓજસ્વી દીપક, પાવાપુર નગરીમાં માજમ રાતે, એકાએક બૂઝાઇ ગયો-નિર્વાણ પામ્યો. જ્ઞાનનો સ્વાભાવિક-દીપક બૂઝાતાં વિશ્વમાં અજ્ઞાન-અંધકાર વ્યાપવા લાગ્યો. એ અન્ધકારને દૂર કરવા કૃત્રિમ દીપક પ્રગટાવવા પડયા. અને લોકો એને કહેવા લાગ્યાઃ— દિવાળી—'દી-પ-આ-વ-લિ'

ઓ વિરલ વિભૂતિ વિભુ મહાવીર! તારું મધુર નામ આજે પણ માનવ હૈયાની અમર વીણાના તારે ઝણઝણી રહ્યું છે!

# હારની જિત

બીજાને ગબડતો જોઇ, પોતે સંભળીને ચાલે–તે જ્ઞાની, પોતે એક વાર ગબડ્યા પછી બીજી વાર સંભળીને ચાલે–તે અનુભવી. પોતે વારંવાર ગબડવા છતાં ઉન્મત્ત બનીને ચાલે–તે અજ્ઞાની !

ચંડરુદ્ર-એટલે ચંડરુદ્ર! ક્રોધ એ તો એમનો જ. એ જમાનામાં એમના જેવા અજોડ તપસ્વી કોઈ નહિ-તો-એમના જેવા અજોડ ક્રોધી પણ કોઈ નહિ! એમની આંખ ફરે અને શિષ્યો ફફડી ઉઠે, એમની હાક પડે ત્યાં શિષ્ય થંભી જાય.

ફૂલ અને ફળથી લચી પડતી વેલડીઓવાળા અવંતીના ઉપવનમાં આચાર્ય ચંડરુદ્ર વિહાર કરતા આવી ચઢ્યા. ઉપવનનું મનોહર શાંત વાતાવરણ જોઇ એમનું ચિત્ત ત્યાં ઠર્યું. માણસોની ધમાલભરેલી પ્રવૃત્તિથી ત્રાસેલા ચંડરુદ્રને કુદરતના વાતાવરણે ઠાર્યા. એમણે એક વિશાળ વડલા નીચે પોતાની બેઠક જમાવી. ઉપવનનો સુગંધમિશ્રિત શીતળ વાયુ એમના શરીર સાથે ગેલ કરવા લાગ્યો, ત્યારે એમનો આત્મા વિચારોની દુનિયામાં વિહરવા ઉપડ્યો:—

આજે સંયમ લીધાને ચાળીસ વર્ષ થયાં. દેશે-દેશમાં વિહાર કર્યો, લાખ્ખોને ઉપદેશ દીધો, કાજળને પણ ધોઇને ધોળું કરે એવી ઉજ્જવળ કીર્તિ મેળવી, અનેક માણસોને શિષ્ય બનાવ્યા, શિષ્યો અને ભક્તોનું એક મોટું મંડળ ઊભું કર્યું. આ બધી બાહ્ય પ્રવૃત્તિમાં આત્માને તો હું સાવ જ વિસરી ગયો. હાય રે! મેં જગતને પ્રબોધ્યું પણ મારો આત્મા તો ક્રોધ અને કીર્તિના મોહમાં ડૂબી ગયો!

આજે ગણ્યા ગણાય નહિ એટલા તો શિષ્યો છે. એમાંથી રોજ કો'કની ભૂલ તો થાય જ. એ ભૂલ હું જોઇ શકતો નથી. ટોક્યા વિના રહી શકતો નથી. અને એક વાર કહ્યા છતાં પણ ન સુધરે એટલે હું ક્રોધ કર્યા વિના રહી શકતો નથી. આ સંયોગોમાં શિષ્યો તો સુધરે કે ન સુધરે પણ હું તો ક્રોધ કરી મારું આત્મધન સ્પષ્ટ રીતે ખોઇ રહ્યો છું. એના કરતાં આ સાધુઓમાંના એક યોગ્ય સાધુને ગણનો નાયક બનાવી, એને જ આ સમુદાય સોંપી, હું આ પ્રકૃતિ-મઈયાના શાંત ખોળામાં ચિંતનમય જીવન કાં ન વ્યતીત કરું?

આ વિચાર એમણે રાત્રે પોતાના શિષ્યોને જણાવ્યો. શિષ્યો આ વાત સાંભળી અતિ પ્રસન્ન થયા. આ માર્ગ સૌને સુખદ લાગ્યો. યોગ્ય સમયે ગુરુની ભક્તિ પણ થાય અને વારે ઘડીએ ગુરુના ક્રોધના ભોગ થતાં પણ બચી જવાય. સૂર્યની જેમ ગેરહાજરી સારી નથી, તેમ સૂર્યની ચોવીશ કલાકની હાજરી પણ સારી નથી. ગુરુની દેખરેખ વિનાનું જીવન ખરાબ છે, તો ગુરુની અતિ દેખરેખવાળું જીવન પણ એટલું જ ખરાબ છે! અને તેથી જ સૌને આ મધ્યમ માર્ગ ગમી ગયો.

આ બનાવ પછી ત્યાગી જીવનના પ્રવાસીઓના દિવસો ખૂબ સુંદર રીતે અને શાંત રીતે પસાર થવા લાગ્યા. સૌ પોતાની આધ્યાત્મિક પ્રવૃત્તિમાં મસ્ત હતા. પણ એમાં એક દિવસ રંગ જામ્યો. રંગ એવો જામ્યો કે જીવનમાં કદી ન ભૂલાય તેવો!

વાત એમ બની: અવંતીના ધનાઢ્ય વેપારીના પુત્ર ધનપાલના એ દિવસોમાં લગ્ન થયાં. નવો પરણેલો ધનપાલ પોતાના મિત્રો સાથે ક્રીડા કરવા નીકળ્યો. કંકુ, મેંદી અને આભૂષણોથી શોભતો એ મુનિઓના સ્થાન પાસે આવી ચડયો. તાજા જ કરેલા લોચથી તોલા માથાવાળા મુનિઓને જોઇ એના મિત્રો ગમ્મતે ચઢયો. એની સાથે ધનપાલ પણ તોફાને ચઢ્યો. સમર્થ માણસો વાતાવરણને ઘડે છે પણ અસમર્થ માણસને તો વાતાવરણ ઘડે છે. લગ્નના ઉન્માદ ભરેલા વાતાવરણે ધનપાલને પણ તોફાની બનાવ્યો.

"ભગવાન! સજ્જનોથી પૂજિત અને સુખને દેનાર ધર્મ અમને આપ ન સંભળાવો?" મિત્ર સામે આંખનો ઇશારો કરતા હસમુખે એક મુનિને કહ્યું.

"મહારાજ! આ તાજો જ પરણેલો છે, પણ એનું મન સંસારથી વિરક્ત છે. આ પરણ્યો નથી પણ આને પરણવું પડયું છે. આને વિષયો વિષ જેવા કારમાં લાગે છે. સંસારના આ ઉદાસી

આત્માને આપ દીક્ષા આપી આનો ઉદ્ધાર ન કરો ?" બીજાએ કટાક્ષ કરતાં કહ્યું.

આ યુવાનોના બોલવાના રંગ પરથી ચકોર સાધુઓ બરાબર સમજી ગયા. આ ધર્મ સાંભળવા નથી આવ્યા પણ માત્ર વિનોદ કરવા જ નીકળ્યા છે. પણ આ જીવનપંથ ભૂલેલાઓને ખબર નથી કે આ સ્થાન વિનોદનું નથી–પણ માર્ગ ભૂલેલાઓ પવિત્ર સ્થાનને પણ અપવિત્ર સ્થાન બનાવી મૂકે છે, ત્યાગના ધામને પણ ભોગનો અખાડો બનાવી મૂકે છે, વૈરાગ્યનાં સાધનોને પણ ઉપહાસ્યનાં સાધનો માની બેસે છે !

સાધુનું મૌન જોઈ, ઠાવકું મોં રાખી, હસમુખે બનાવટ આદરી: "પ્રભો ! આપ તો દયાસાગર ! આ કેદીને શું આ સંસારના કેદખાનામાંથી આપ બહાર નહીં કાઢો ?"

સાગરની ભરતીની જેમ ઉપહાસ્ય પણ સ્થાન અને કાળની મર્યાદા માંગે છે, સ્થાન અને કાળની મર્યાદા ભૂલાય તો માણસની એ જ સ્થિતિ થાય છે જે પ્રલય વખતે પૃથ્વીની થાય છે !

"દીક્ષાની વાત અમારા હાથમાં નથી. પે...લા આસોપાલવના વૃક્ષ નીચે બેઠેલા અમારા ગુરુશ્રી છે. એમની પાસે જાઓ. એ તમને જે જોઇએ તે આપશે." આચાર્ય ચંડરુદ્રને ચિંધતા એક મુનિએ યુવકોને કહ્યું.

ઘાસ મળે તો અગ્નિ ભભૂકે પણ એને જો કાંઈ સાધન ન મળે તો અગ્નિને પોતાને જ બળીને અંતે શાંત થવું પડે છે, તે જ રીતે મશ્કરી કરનારને પણ સામેથી ક્રોધથી ઉત્તર મળે તો એને ઉત્તેજના મળે, પણ એનો ઉત્તર શાંતિથી મળે તો મશ્કરી કરનારને જ નિરાશ થવું પડે છે.

આ મુનિમંડળ આગળ નિરાશ થયેલું યુવક વૃન્દ પોતાની મસ્તીમાં મસ્ત બેઠેલા આચાર્ય ચંડરુદ્ર પાસે આવ્યું. "સ્વામિન્ ! આ અમારો મિત્ર સંસારના દાવાનળમાં સળગી રહ્યો છે, અને એમાંથી

બચવા માટે આપના ચરણકમળનું શરણ શોધતો આ આપની પાસે આવ્યો છે. આપ કૃપા કરી આને ઉગારો." ઉપહાસ્યભર્યું નમન કરતો હસમુખ ધનપાલનો હાથ પકડી ગુરુચરણ પાસે લઇ ગયો અને કહેવા લાગ્યો. "આજે જ, અત્યારે જ, આને દીક્ષા આપી આનું કલ્યાણ કરો."

શાંત બેઠેલા ચંડરુદ્રને આ મશ્કરી અતિક્રૂર અને અનુચિત લાગી. ઉપહાસ્ય કરતા યુવકવૃન્દને જોઇ એ ધૂંઆંપૂંઆં થઇ ગયાં. એમનો ક્રોધ સોળે કળાએ ખીલી ઉઠયો. "દીક્ષાની ભાવના હોય તો જાઓ થોડી રાખ લઇ આવો, જેથી લોચ-મુંડન કરું" તે ગર્જી ઉઠયા.

ગંભીર મૌન જેમ ઉપહાસ્યના અગ્નિને ઠારનાર પાણી છે તેમ ક્રોધ એ ઉપહાસ્યના અગ્નિને વધારનાર બળતણ છે!

ઉપહાસ્યના હીંડોળે હીંચતા હસમુખે રાખ હાજર કરી. ક્રોધના આવેગમાં આવી ચંડરુદ્ર બન્ને હાથથી, અને એટલા જોરથી, પકડી લોચ કરવા મંડી પડયા, પેલો ચીસો નાખવા લાગ્યો: "અરે! બાપ મરી ગયો. હવે તમારી કદી મશ્કરી નહિ કરું. આ તો હસવામાંથી ખસવું થાય છે, મને માફ કરો......" પણ ચંડરુદ્ર શાના સાંભળે? એની ચીસો સાંભળે તો પછી એ ચંડરુદ્ર શાના? એમણે તો જોતજોતામાં વાળ ખેંચી કાઢયા, માથું મુંડી કાઢયું. વરરાજાનું મુંડાયેલું માથું જોઈ સૌ ખિન્ન થયા, પણ આ ધમાલમાં ધનપાલનો આત્મા જાગી ઊઠયો.

મેં આ શું કર્યું? એક ત્યાગીનું ઉપહાસ્ય! જે શાંત બેઠેલા તપસ્વીઓને કસોટી કરવાના બહાને, ચીડવવા જાય તેને યુવાન કેમ કહેવાય? યુવાન તો તે કે જે વૃદ્ધ, સ્ત્રી અને સંયમીઓનું રક્ષણ કરે. પણ એ રક્ષક યુવાન જ પોતાની મર્યાદા મૂકે તો પછી જગતને આધાર કોણ? શું રક્ષક જ ભક્ષક બનશે! પણ હજુ કંઈ બગડયું નથી. સારું જ થયું છે! જેમ શાંતિની પહેલાં અને પછી તોફાન અનિ-

વાર્ય હોય છે, તેમ સંયમની પણ પહેલાં આવા બનાવો અનિવાર્ય બની જાય છે. હવે તો સ્વીકારેલો પંથ સફળ જ બનાવું—આમ વિચારી એણે પોતાના મિત્રોને કહ્યું: " મિત્રો ! શાંત થાઓ. અશાંતિ ન કરો. ધમાલ કરવી વ્યર્થ છે, જે બનવાનું હતું તે બની ગયું. હવે ભવિષ્ય માટે વિચાર કરવો રહ્યો. આ મશ્કરી પણ મારા માટે તો કલ્યાણકર જ નીવડી છે. મરવા માટે ખાધેલ પદાર્થ અમૃતનો ઘુંટડો નીવડ્યો. આ પણ પુણ્યનો પ્રભાવ છે ને ! જગતના પદાર્થોમાં આનંદ પછી શોક હોય જ. લગ્નનો આનંદ પણ એક દિવસ તો વિયોગના શોકમાં સર્જાવા માટે જ જનમ્યો છે ને ! તો પછી જે મોડા થવાવાળો વિયોગ વહેલો થાય તો અતિશોક શા માટે કરવો ? વળી આપણે કહ્યું અને આચાર્યશ્રીએ લોચ કર્યો, એમાં એમનો શો દોષ ? અને કહેલું વચન પાળવું, એ સજ્જનનું કર્તવ્ય છે. વચનભંગ કરનાર માનવ એ માનવ નહિ પણ માનવના વેશમાં દાનવ છે, માટે હું તો સ્વીકારેલા આ પંથનો પ્રાણાંતે પણ ત્યાગ કરીશ નહિ. તમે સૌ શાંતિપૂર્વક ઘેર જઇ શકો છો. જે વસ્તુ વમી નાખી–ઓકી નાખી તે વસ્તુની ફરી ઇચ્છા કરવી એ તો શ્વાનનું કામ, માણસનું નહિ !"

ધનપાલનું આવું શ્રદ્ધાપૂર્ણ વક્તવ્ય સાંભળી સૌ વિસ્મિત મને વિદાય થયા. યુવકોના મંથન અને આશ્ચર્યનો પાર ન રહ્યો.

સૂર્યનારાયણ પશ્ચિમનાં દ્વાર ઉઘાડી ઘરમાં પ્રવેશ કરી રહ્યા હતા. સંધ્યા એની પાછળ પાછળ ચાલી આવી રહી હતી. નારંગી રંગની સાડી ઓઢીને ઘરમાં પ્રવેશ કરતી સંધ્યાને જોઈ, પંખીઓ પણ પોતાના માળામાં પ્રવેશ કરી રહ્યાં હતાં. શરમાળ સંધ્યા અંધકારનો સાળુ ઓઢી અંધારામાં અદ્રશ્ય થઇ, ત્યારે મુનિ ધનપાલે આચાર્ય-ચંડરુદ્રને કહ્યું:

" ગુરુદેવ ! મારે આપની પાસે એક નમ્ર અરજ કરવી છે. મને મારા કોઇ મહાભાગ્યના ઉદયથી આ પવિત્ર સંયમ મળ્યો છે. પણ

મને મારા કુટુમ્બનો મોટો ભય છે. હું મારા પિતાને એકનો એક જ પુત્ર છું અને તાજો જ પરણેલો, એટલે આ સંયમના સમાચાર એમને મળતાં જ એ મને લઈ જવા હમણાં જ આવશે. મોહમગ્ન માણસો મને ધ્યેયથી ચલિત કરવા અનેક ઉપદ્રવો કરશે માટે આ સ્થાન છોડી દેવું મને યોગ્ય લાગે છે—પછી જેવી આપની ઇચ્છા."

"ભાઈ સમુદાય મોટો છે, બાળ અને વૃદ્ધ સાધુઓ મારી સાથે ઘણા છે; એ બધા અત્યારે એકદમ વિહાર કેમ કરી શકે?" મૂંઝવણથી હાથ પર મોં ટેકવી આચાર્યે કહ્યું.

"તો આપણે બે જણ અહિંથી વિહાર કરીએ તો? સાધુ સમુદાયને એક મહામુનિને ભળાવી આપશ્રી મને સાથે લઇ વિહાર કરવા કૃપા ન કરો? જો કે આથી આપને જરા કષ્ટ સહન કરવું પડશે, પણ આપણે ધમાલમાંથી ઉગરી જઇશું" નવો ઉકેલ કાઢતા ધનપાલે કહ્યું.

"આ માર્ગ ઠીક છે." પ્રસન્ન થયેલ આચાર્યે કહ્યું.

રજની ધીમે ધીમે જામતી હતી. જંગત અન્ધકારમાં લપેટાતું જતું હતું. મુનિ ધનપાલ ચાલ્યો જતો હતો અને એની પાછળ પાછળ લાકડીને ટેકે ટેકે વૃદ્ધ આચાર્ય ચંડરુદ્ર ચાલ્યા જતા હતા. એ કાજળ ધોળ્યા અન્ધારામાં એક ખાડો આવ્યો, એમાં ઓચિંતા આચાર્ય ચંડરુદ્ર ગબડી પડયા. શિષ્યે એમને ધીમેથી ઉઠાડયા, ધૂળ ખંખેરી, ધીમે ધીમે ફરી ચાલવા લાગ્યા. થોડે દૂર ગયા ત્યાં ઝાડના એક ઠુંઠા સાથે જોરથી આચાર્ય અથડાઈ પડયા અને એવી ઠોકર વાગી કે પગની આંગળીમાંથી લોહીની ધારા વહેવા લાગી. અને આ વેદનાથી વિહ્વલ બનેલ ચંડરુદ્રનો દબાયેલો ક્રોધ, કરંડિયામાંથી સાપ ઉછળી પડે તેમ ઉછળી પડયો.

"ઓ દુષ્ટ! આ તે શું કર્યું? મેં તને નહોતું કહ્યું કે પહેલા જઇને રસ્તો જોઈ આવ? આ ખાડા–ટેકરાવાળા ઉન્માર્ગે મને શું કામ લઇ આવ્યો? હું શાન્તિથી અવન્તીમાં બેઠો હતો પણ તારી દીક્ષાના કારણે મારે અંધારી રાત્રે આમ ભાગવું પડયું અને આ વૃદ્ધાવસ્થામાં તારા

માટે હેરાન થવું પડયું. પણ દુષ્ટ, તું માર્ગ પણ જોઈ ન આવ્યો ?" આમ કહી ક્રોધથી ધમધમતા ચંડરુદ્રે ડંડાથી એના માથા પર પ્રહાર કર્યો. જાત પરનો કાબૂ ખોવો તેનું નામ ક્રોધ ! ક્રોધ આવે ત્યારે જ્ઞાની અને અજ્ઞાનીનું અન્તર મટી જાય છે. બન્ને એકજ કોટિના ! તાજો જ લોચ કરેલો હતો, માથું આળું હતું, દંડનો જરાક પ્રહાર થતાં જ એકદમ માથામાંથી લોહી ધસી આવ્યું. કોણ જાણે લોહી જ એના જીવનની દિશા પલટાવવા નહિ પ્રગટયું હોય !

આવો ઘા વાગવા છતાં ધનપાલ શાન્ત જ રહ્યો. એ વિચારવા લાગ્યો: "હાય રે ! હું કેવો ઉપદ્રવી ! આ મહાભાગ્યશાળી આચાર્ય સાધુ સમુદાયમાં શાન્તિથી સંયમ જીવનમાં વિહરી રહ્યા હતા. મેં આવી આમને અન્ધારી રીતે ઉપાડયા, અને મુશીબતની ઊંડી ખાડીમાં ઉતાર્યા આ પાતકમાંથી હું મુક્ત કઇ રીતે થઇશ ? કયાં એ ભક્તિભર્યા હૈયે આ–જન્મ સેવા કરનારા પવિત્ર શિષ્યો અને કયાં હું પ્રથમ દિવસથી જ પીડા આપનાર અધમ શિષ્ય ? હવે હું ખૂબ સંભાળીને ગુરુશ્રીને દોરું કે જેથી આમને જરા પણ વ્યથા ન થાય !" આમ ગુરુશ્રીનું ભલું ઇચ્છતો અને આત્માને ધિક્કારતો એ ખૂબ સંભાળપૂર્વક ચાલવા લાગ્યો. એનું મન પવિત્ર ઊર્મિઓમાં વારંવાર ડૂબકી મારવા લાગ્યું. પશ્ચાત્તાપના પવિત્ર ઝરણામાં એ ફરી ફરી સ્નાન કરવા લાગ્યો. કર્મનો મેલ એના આત્મા પરથી નીકળી ગયો. જીવનમાં અંતરાય કરતું અંધારું દૂર થયું. પ્રકાશ ઝળહળી ઉઠયો. અને અનંત જ્યોતથી પ્રકાશતો કેવળજ્ઞાનનો દીપક એના હૈયામાં પ્રકાશી ઉઠયો !

પૂર્વના દરબારના દરવાજા ઊષા ખોલી રહી હતી. સૂર્યના આગમનની તૈયારીઓ થઇ રહી હતી. લંગડો અરુણ ચારે બાજુ કુમકુમ વે'રી રહ્યો હતો. પંખીઓ સ્વાગતનાં ગીત લલકારી રહ્યાં હતાં. એવામાં સૂર્યનો રથ–સૂર્યનારાયણના ઘોડાનો ખરીથી ઊડેલી પ્રકાશની ધૂળના ગોટે ગોટા ઉડાડતો–દેખાણો. એ પ્રકાશના ગોટા

મુનિ ધનપાલના માથામાંથી નીકળતા લોહીના રંગ સાથે હરીફાઇ કરી રહ્યા હતા. તે જ વખતે આચાર્ય ચંડરુદ્રની નજર એ લોહી ખરડાયેલા શિષ્યના માથા પર પડી. એ દૃશ્ય જોતાં જ આચાર્ય ધ્રૂજી ઉઠયા, એનો આત્મા પોકારી ઉઠયો.: હાય રે! આ શું! પ્રભો! પ્રભો! મને સદ્‌બુદ્ધિ આપ. મારું જીવન વિવેકશૂન્ય બની રહ્યું છે. ક્રોધ અને અભિમાનની અસર મારા પર સામ્રાજ્ય જમાવી ગઇ છે. જીવનના વાસ્તવિક માર્ગને ભૂલી મન આજે વિવક ભ્રષ્ટ બનતું જાય છે. હું નીકળ્યો હતો જીવનની સાધના કરવા, જીવનને ઉચ્ચ બનાવવા, જીવનના મર્મને પામવા, ક્રોધનો વિજય કરવા–પણ આજે ? આજ તો હું અવનતિની ગર્તામાં ગબડી રહ્યો છું. સમજ પડતી નથી કે આ વિપરીત ગતિ કેમ? એક ધ્યેય–નિષ્ઠ જીવનમે આ દ્વિધા! જ્ઞાની અને ક્રોધી! ગઇકાલનો સંયમી આવી ક્ષમા રાખે અને વર્ષોનો સંયમી સળગતો લોખંડનો ગોળો બને! ધિક્કાર છે મને! વર્ષો સુધી તપ કરું તેમાં શું વળે!' ક્રોધ આગળ પામર ને પરવશ બની જનારા આચાર્ય કરતાં આ નૂતન સાધક કેટલો શ્રેષ્ઠ છે! જીવનની મહત્તા માળા, જપ, દીક્ષાના વર્ષો કે તપ ઉપર નથી પણ એની માનસિક સાધના ઉપર છે. માનસિક સાધનાવિહોણા સાધક માટે આ બધું કષ્ટ રૂપ જ ગણાય—"આમ આત્મનિંદા કરતા આચાર્ય શિષ્ય પાસે ક્ષમા–માફી માગવા લાગ્યા, "ભાઈ! મારા અપરાધની ક્ષમા આપ." પશ્ચાત્તાપના આંસુ પાડતા આચાર્યશ્રીના જીવનમાં કૈવલ્ય જ્યોત પ્રગટી ગઈ. આત્મા પર ચોંટેલા પાપના મેલને ધોવા માટે પશ્ચાત્તાપનાં આંસુ કરતાં પવિત્ર જળ બીજું કયું હોઇ શકે? જીવનના અંધકારને ઉલેચી ગુરુ-શિષ્ય પૂર્ણ પ્રકાશમાં વિહરવા લાગ્યા!

# માનવતાની ભવાઈ

આ શું? ગરીબો જ્યારે અન્ન વિના નરકની યાતના ભોગવી રહ્યા છે, ત્યારે આ શ્રીમન્તો હાસ્યની લ્હાણુ કરી રહ્યા છે, નૃત્યની મહેફિલ ઉડાવી રહ્યા છે, સંગીતના જલસા કરી રહ્યાં છે, વિભૂષાથી વિભૂષિત બની ઉંઘી રહ્યા છે અને અન્નના કૂટ ગોઠવી રહ્યા છે! અરે, અરે! શું આ જ માનવતા?

સાંજનો સમય હતો, સાતેક વાગ્યા હતા. ઉપાશ્રયની ગલેરીમાં હું ઊભો ઊભો મનોહર સંધ્યાનુ દર્શન કરતો હતો. કુદરતની લીલા આકાશમાં કોઇ અલૌકિક રીતે જામી હતી. રંગ તો આકાશમાં છૂટે હાથે વેરવામાં આવ્યો હતો. કુદરતના ભંડારમાં રંગની ક્યાં ખોટ છે? સંધ્યાની એ ભવ્ય રંગલીલા જોઇ, મારું હૈયું નાચી ઊઠયું.

એ જ સમયે મારી નજર એક દશ્ય પર પડી. કદી ન ભૂલાય એવું એ દશ્ય હતું. સહૃદયી માનવીના આનંદને ચૂસી લે એવું એ દશ્ય હતું. એ દશ્યમાં માનવતાની ભવાઈ હતી, એમાં વિધિનું ક્રૂર અટ્ટહાસ્ય હતું!

એક બાઇએ, એઠવાડ કાઢી વધેલાં રોટલાનાં ચાર ટૂકડાં ઓટલા પર ફેંક્યાં. એ જોઈ, ભૂખ્યા કૂતરાં એ ટૂકડાઓ પર ત્રાટકી પડયાં. તે જ ક્ષણે એક કાળભૂખ્યો માનવી ધસી આવ્યો. એના પેટમાં ભૂખના ભડકા થઇ રહ્યા હતા. ભૂખનો માર્યો એ ગીધડાની જેમ ભમી રહ્યો હતો. એણે કૂતરાંઓને ટૂકડાં ખાતાં જોયાં અને એ એકદમ સમળીની જેમ ત્યાં પહોંચી ગયો. પોતાની ફાટેલી ટપીવતી એક ઝડપ મારી, બે ટૂકડા, એણે પડાવી લીધાં. એ ટૂકડાં કૂતરાનાં એઠાં હતાં, અર્ધાં ચવાઈ ગયેલા હતા. કૂતરાં, એના પર ધસે એ પહેલાં તો એણે એ ટૂકડાં મોંમાં મૂકી દીધાં. જાણે નૂતન જીવન ન મળ્યું હોય તેમ મલકાતો એ ચાલતો થયો! એ આગળ ચાલતો હતો. એની પાછળ શેરીનાં કૂતરાં હતાં........ભસ, ભસ ને ભસ

કૂતરાં ખૂબ ભસતાં હતાં તેમ તે કાળભૂખ્યો માનવી ખૂબ હસતો હતો!

કૂતરાં માનવીની આ ભવાઈ જોઇ ભસતાં હતાં, એની ક્રૂર અવહેલના જોઇ ભસતાં હતાં.

ભૂખ્યો માનવી, માનવજાતની આ અનાથ નિર્ધનતા જોઇ, હસતો હતો. એ કહેતો હતોઃ

' ઓ હીનકર્મી માનવ! તારે માટે આજે સંસારમાં ક્યાંય સ્થાન નથી. પશુઓ માટે પાંજરાપોળ, પણ તારા માટે તો તે પણ નથી. '

ભસવામાં હસવું—ને—'હસવામાં ભસવું તે આનું નામ!

